
ICE®
MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

સંપાદક : મૌલિક ગોંધિયા | VOLUME 8 | 01 to 15 August - 2020




PAGE 46 **ગુજરાત ઓદ્યોગિક નીતિ - 2020**




PAGE 16 **પારદર્શી કરવેરા - ઈમાનદારનું સન્માન**




PAGE 30 **રાષ્ટ્રીય ડિજિટલ સ્વાસ્થ્ય મિશન**

# સંપાદકની કલમે

વર્તમાન પ્રવાહો એ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પ્રવાહો પરીક્ષા માટે અગત્યતા ધરાવે છે પરંતુ તેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે પ્રશ્નો કોઈપણ ઘટના આધારીત પૂછવામાં આવતા હોય છે. વર્તમાન પ્રવાહોની આ અનિશ્ચિતતા દૂર કરી, વિદ્યાર્થીઓને એક જ સ્ત્રોતમાંથી તૈયારી કરવાની મહેનત થાય અને સમયમાં પણ બચાવ થાય તે આધારે જ 'ICE Miracle' નામનું આ મેગેઝિન તૈયાર કરવામાં આવ્યું છે. જે દર 15 દિવસે પ્રકાશિત કરવામાં આવશે.

વર્ષ 2017થી લેવામાં આવતી GPSCની બધી જ પરીક્ષાઓના વર્તમાન પ્રવાહોના પ્રશ્નોનું વિશ્લેષણ કર્યા બાદ GPSC દ્વારા આવરી લેવામાં આવતા તમામ પાસાઓને આ મેગેઝિન અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. GPSC દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું વિશ્લેષણ કરવાની જરૂરીયાત રહેતી હોય છે અને વિશ્લેષણનું કૌશલ્ય ત્યારે જ કેળવી શકાય જ્યારે આ ઘટનાઓને વિવિધ દૃષ્ટિકોણથી જોવામાં આવે અને ખાસ કરીને આવી માહિતી ગુજરાતીમાં ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને તૈયારી કરવામાં સરળતા રહેતી હોય છે. આથી આવો બહુ–દૃષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ આ મેગેઝિન દ્વારા ICEના માધ્યમથી કરવામાં આવેલો છે. અમને ચોક્કસ એવી આશા છે કે આ મેગેઝિન તમારી મહેનતને સરળ અને સચોટ બનાવશે અને આવો જ પ્રયાસ કરવા ICE કટિબદ્ધ છે.

# INDEX


## 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા...1

- વ્હીપ.....1
- ગોરખા સૈનિકો સંબંધિત 1947નો ત્રિપક્ષીય કરાર.....1
- જાહેર સુરક્ષા અધિનિયમ (Public Safety Act).....2
- EWS અનામતની બંધારણીય ખંડપીઠમાં સુનવણી.....3
- પ્રદીપ કુમાર જોશી UPSCના નવા અધ્યક્ષ.....4
- ગિરીશ ચંદ્ર મુર્મૂ નવા CAG.....4
- રાજસ્થાન સરકારને વિશ્વાસ મતની પ્રાપ્તિ.....6
- ન્યાયાલયની અવમાનના (Contempt of Court).....7
- અરુણાચલ પ્રદેશના વિભિન્ન સમૂહો દ્વારા છઠ્ઠી અનુસૂચિના દરજ્જાની માંગ.....8
- હિંદુ મહિલાઓના ઉત્તરાધિકાર અધિકારો પર સુપ્રીમ કોર્ટનો નિર્ણય.....9
- લોક અદાલતનું ઓનલાઈન આયોજન.....10

## 2. અર્થતંત્ર.....11

- રાજકોષીય ખાધમાં વધારો.....11
- કૃષિ નિકાસના ''ટર્મ ઓફ રેફરન્સ'' પર રિપોર્ટ.....11
- મુખ્ય ઉદ્યોગોના ઉત્પાદનમાં ઘટાડો.....12
- નાણાકીય નીતિ સમિતિ દ્વારા નીતિગત દરોમાં કોઈ ફેરફાર નહીં.....13
- કિસાન રેલ.....14
- વિશિષ્ટ રક્ષા ઉપકરણોના આયાત પર પ્રતિબંધ.....14
- અરુણોદય.....15
- પારદર્શી કરવેરા-ઈમાનદારનું સમ્માન "Transparent Taxation-Honoring the Honest".....16
- પેટીએમ મની દ્વારા સ્ટોક ટ્રેડિંગ સર્વિસ લોન્ચ કરવામાં આવી.....16
- ગુજરાતમાં ''મુખ્યમંત્રી કિસાન સહાય યોજના'' શરૂ કરવામાં આવી.....16
- નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન માટે ડેશબોર્ડ.....17
- BSE દ્વારા ગુજરાતના આઈ-હબ સાથે ભાગીદારી.....18
- રેશમ પ્રશિક્ષણ અને ઉત્પાદન કેન્દ્ર.....18
- ભારતમાં જૈવિક કૃષિ.....19
- ઈન બોન્ડ મેન્યુફેક્ચર એન્ડ અધર ઓપરેશન્સ.....19
- કૃષિ માળખાગત ભંડોળ (Agriculture Infrastructure Fund).....20
- પ્રાથમિકતા ક્ષેત્ર ઋણ (Priority Sector Lending).....20

## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.....21

- આંતરરાષ્ટ્રીય નાણા કોર્પોરેશન.....21
- સિંધુ જળ કરાર (Indus Water Treary-IWT).....21

## 4. વિજ્ઞાન અને ટેક્નોલોજી....22

- ભારત એરફાયબર.....22
- ઈલેક્ટ્રોનિક વેક્સિન ઈન્ટેલિજન્સ નેટવર્ક.....22
- એક્સોપ્લાનેટ "TVLM 513b".....22
- ઈઝરાયલ દ્વારા એરો-2 મિસાઈલનું સફળ પરીક્ષણ.....22
- ભારતમાં પ્રથમ ખાનગી અપર સ્ટેજ રોકેટ એન્જિનનું સફળ પરીક્ષણ.....23
- કેન્દ્ર-શાસિત પ્રદેશ લક્ષદ્વીપને જોડતી ઓપ્ટિકલ ફાયબર લિંક.....24
- વિક્રમ સારાભાઈ.....24
- સાર્થક.....25
- SN5 સ્ટારશિપ પ્રોટોટાઈપ.....25
- સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલ.....26

## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ.....27

- ગ્રામોદ્યોગ વિકાસ યોજના અંતર્ગત એક પાયલોટ પ્રોજેક્ટ..........27
- ગુલામી પર રિપોર્ટ..........27
- સ્કોચ ગોલ્ડ એવોર્ડ Skoch Gold Award..........28
- સહકાર કૂપટ્યૂબ NCDC ચેનલ..........28
- "Elephants.Not Commodities" અહેવાલ..........29
- AMRUT યોજના રેન્કિંગ..........29
- સુરક્ષ્ય (SURAKHSYA)..........30
- રાષ્ટ્રીય ડિજિટલ સ્વાસ્થ્ય મિશન લોન્ચ કરવામાં આવ્યું..........30
- સૃજન પોર્ટલ..........31
- પ્રોજેક્ટ ચીતા..........31
- નૌસેના નવાચાર અને સ્વદેશીકરણ સંગઠન (Naval Innovation and Indigenisation Organisation-NIIO)..........31
- કૃષિ મેઘ..........32
- વિદ્યાર્થી ઉદ્યમિતા કાર્યક્રમ 2.0 (Student Entrepreneurship Program 2.0)..........32
- "ગંદગી મુક્ત ભારત" અભિયાન..........33
- 71મા વનમહોત્સવ..........33

## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ..........35

- મુલ્લાપેરિયાર બાંધ વિવાદ..........35
- "સુનામી રેડી" પ્રોગ્રામ..........35
- પ્રોજેક્ટ લાયન અને પ્રોજેક્ટ ડોલ્ફિન..........36
- માઉન્ટ સિનાબંગ..........36
- વિશ્વ જૈવ ઈંધણ દિવસ (World Biofuel Day)..........37
- "એક વિશ્વ, એક સૂર્ય, એક ગ્રિડ" કાર્યક્રમ..........37

## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ..........39

- લોકમાન્ય તિલકની 100મી પૂણ્યતિથિ..........39

## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો..........40

- એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેંટ બેંક (AIIB)..........40
- હાર્દિક શાહ પ્રધાનમંત્રીના અંગત સચિવ તરીકે નિયુક્ત..........40
- આંધ્રપ્રદેશની ત્રણ રાજધાનીને રાજ્યપાલની મંજૂરી..........40
- કોવિશીલ્ડ..........40
- બારાકાહુ પરમાણુ ઊર્જા પ્લાન્ટ..........41
- હિમ ચિત્તા સંરક્ષણ કેન્દ્ર (Snow Leopard Conservation Center)..........41
- એમોનિયમ નાઈટ્રેટ..........41
- એક માસ્ક અનેક જિંદગી અભિયાન..........41
- "હમારા ઘર, હમારા વિદ્યાલય" કાર્યક્રમ..........41
- પરિવાર પહેચાન પત્ર..........42
- ઈન્વેસ્ટીગેશનમાં ઉત્કૃષ્ટતા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી મેડલ..........42
- આંતરરાષ્ટ્રીય યુવા દિવસ..........42
- લોકસભા દ્વારા નવો ફ્રેંચ કોર્સ શરૂ કરાયો..........43
- નાસા દ્વારા નવા 66 બાહ્ય ગ્રહોની શોધ..........43
- ભારતીય મૂળના કમલા હસન અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ ઉમેદવાર તરીકે નામાંકિત..........43
- તેલ લીકને કારણે કટોકટી જાહેર..........43
- સ્વચ્છ ભારત ક્રાંતિ..........43
- મોર ટુગેધર અભિયાન..........44
- 1-7 ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન સપ્તાહ..........44
- વિશ્વ આદિવાસી દિવસ..........44
- ફૂડ સિસ્ટમ વિઝન 2050 પુરસ્કાર..........44
- સ્પુતનિક વી (Sputnik V)..........45
- કે. વી. કામથ સમિતિ..........45

## 9. ગુજરાત ઓદ્યોગિક નીતિ-2020..........46

- ગુજરાત ઓદ્યોગિક નીતિ-2020..........46




JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## વ્હીપ

- તાજેતરમાં રાજસ્થાન કોંગ્રેસના મુખ્ય વ્હીપ દ્વારા બાગી ધારાસભ્યોની ગેરલાયકાતની કાર્યવાહીમાં હાઈકોર્ટના આદેશને પડકારતા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી.
- હાઈકોર્ટ દ્વારા આ ધારાસભ્યો વિરુદ્ધ આયોગ્યતાની કાર્યવાહી સ્થગિત રાખવા વિધાનસભાના અધ્યક્ષને આદેશ આપવામાં આવ્યો હતો.
- વ્હીપ અનુસાર, હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ આદેશ એ "કિહોતો હોલોહન કેસ"માં સુપ્રીમ કોર્ટ દ્વારા આપેલ નિર્ણયનું ઉલ્લંઘન કરે છે.
- કિહોતો હોલોહન કેસ અંતર્ગત સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે અદાલતોએ વિધાનસભાના અધ્યક્ષના અંતિમ નિર્ણય પહેલા ગેરલાયકાતની કાર્યવાહીમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહી.
- જ્યારે રાજસ્થાનની બાબતમાં હાઈકોર્ટ દ્વારા આ બાબતમાં અયોગ્યતાની કાર્યવાહીના નોટિસના તબક્કામાં જ હસ્તક્ષેપ કર્યો છે.

### Back to basics : વ્હીપ વિશે

- વ્હીપ એ કોઈપણ રાજકીય પાર્ટીનો મુખ્ય અધિકારી હોય છે જે. સંસદના ગૃહો કે વિધાનસભા અંતર્ગત "પ્રમોટર"ના રૂપમાં કાર્ય કેર છે.
- રાજકીય પાર્ટી એ ગૃહની અંદર વ્હીપ જાહેર કરવા માટે પોતાના સદસ્યોમાંથી વરિષ્ઠ સદસ્યની પસંદગી કરે છે. આ સભ્યને મુખ્ય વ્હીપ કહેવામાં આવે છે.
- ભારતને વ્હીપનો ખ્યાલ એ બ્રિટીશ સંસદીય પ્રણાલીની વિરાસતથી પ્રાપ્ત થયો છે.
- સંસદીય ભાષામાં વ્હીપ એ સદનમાં થતાં મતદાનમાં ઉપસ્થિત રહેવા તથા કોઈ વિશેષ રીતે મતદાનમાં ભાગ લેવા રાજકીય પાર્ટી દ્વારા પોતાના સભ્યોને જાહેર કરવામાં આવેલ લેખિત આદેશ છે.
- વ્હીપ સદનમાં પોતાની પાર્ટીની નીતિ મુજબ, પોતાની પાર્ટીના સભ્યો દ્વારા મતદાન સત્રમાં ભાગ લેવા તથા મતદાન સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે.

### વ્હીપના આદેશનું ઉલ્લંઘન કરવા પર સ્થિતિ

- ગૃહમાં વ્હીપના આદેશનું ઉલ્લંઘન કરવા પર સભ્યને ગેરલાયક (Disqualify) જાહેર કરી શકાય છે.
- પરંતુ જો 2/3 સભ્યો દ્વારા વ્હીપના આદેશનું ઉલ્લંઘન કરવામાં આવે તો ગેરલાયકાત જાહેર થતી નથી કારણે કે તે પક્ષપલટા કાયદાનો અપવાદ છે.

■ **વ્હીપના પ્રકારો :**

- રાજકીય પાર્ટી દ્વારા ત્રણ પ્રકારના વ્હીપ અથવા નિર્દેશો જાહેર કરે છે.

(1) **વન લાઈન વ્હીપ :**
તેને પાર્ટીના સદસ્યોને મતદાન કરવા સૂચિત કરવા માટે જાહેર કરવામાં આવે છે. આ પ્રકારના વ્હીપમાં સદસ્ય એ પાર્ટીની નીતિથી સહમત ન થવા પર મતદાનમાં અનુપસ્થિત રહી શકે છે.

(2) **ટૂ લાઈન વ્હીપ :**
તેના દ્વારા સભ્યોને મતદાનના સમયે સદનમાં ઉપસ્થિત રહેવાનો નિર્દેશ જાહેર કરવામાં આવે છે.

(3) **થ્રી લાઈન વ્હીપ :**
તેના દ્વારા સદસ્યોને પાર્ટી નીતિના અનુસાર મતદાન કરવાનો નિર્દેશ જાહેર કરવામાં આવે છે.

## ગોરખા સૈનિકો સંબંધિત 1947નો ત્રિપક્ષીય કરાર

- તાજેતરમાં નેપાળના વિદેશ મંત્રી દ્વારા ગોરખા સૈનિકોની સૈન્ય સેવાઓ સંબંધિત વર્ષ 1947માં નેપાળ, ભારત અને બ્રિટન વચ્ચેના ત્રિપક્ષીય કરારને અર્થહીન બતાવવામાં આવ્યો હતો.

### ગોરખા સૈનિકો સંબંધિત કરાર વિશે

- વર્ષ 1814-16માં થયેલા એંગ્લો–નેપાલ યુદ્ધ પછી વર્ષ 1815માં અંગ્રેજો દ્વારા સેનામાં ગોરખા સૈનિકોની ભર્તી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્ષ 1947માં ભારતની આઝાદી સમયે બ્રિટિશ સેનામાં ગોરખા સૈનિકોના 10 રેજિમેંટ હતા, તેના વિભાજનના વિવાદને લઈને બ્રિટેન–ભારત–નેપાળ વચ્ચે ત્રિપક્ષીય કરાર કરવામાં આવ્યો હતો.
- આ કરાર અંતર્ગત બ્રિટિશ સામ્રાજ્યના ગોરખા રેજિમેંટને ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ વચ્ચે વહેંચી દેવામાં આવ્યા હતા.

### વર્તમાનમાં વિવાદનો વિષય શા માટે ?

- છેલ્લા અમુક સમયથી ગોરખા સૈનિક એ બ્રિટેન પર તેમની સાથે થયેલા ભેદભાવનો આરોપ લગાવે છે.
- તાજેતરમાં કાલાપાની ક્ષેત્રના વિવાદને લઈને થયેલા નેપાળ–ભારત ક્ષેત્રીય વિવાદની પૃષ્ઠભૂમિમાં ભારતીય સેનામાં સેવા આપતા ગોરખાઓના સંદર્ભમાં નેપાલ દ્વારા મુખ્ય રૂપથી આપત્તિઓ ઉઠાવવામાં આવી હતી.

### નેપાળ દ્વારા ઉઠાવવામાં આવેલ પગલાંઓ

- નેપાળ દ્વારા ગોરખા સૈનિકોના સુરક્ષિત ભવિષ્યના સંબંધમાં યુનાઈટેડ કિંગ્ડમથી 1947ના કરારની સમીક્ષા માટેનો પત્ર લખવામાં આવ્યો છે.
- આ ઉપરાંત નેપાળ વર્ષ 1947ના આ કરારને સમાપ્ત કરવાની યોજના બનાવી રહયું છે.

## જાહેર સુરક્ષા અધિનિયમ
## (Public Safety Act)

- 5 ઓગસ્ટ, 2019ના રોજ જમ્મુ–કાશ્મીરનો અનુચ્છેદ 370 અંતર્ગતનો વિશેષ દરજ્જો નાબૂદ કરવામાં આવ્યો હતો. આ સાથે જ અનુચ્છેદ 35Aને પણ નાબૂદ કરવામાં આવી હતી.
- જમ્મુ–કાશ્મીર, ગૃહ વિભાગના અધિકારીઓ મુજબ 5 ઓગસ્ટ પછી અંદાજિત 500થી વધુ લોકોને જાહેર સુરક્ષા અધિનિયમ અંતર્ગત અટકાયત કરવામાં આવી હતી.
- અટકાયત કરવામાં આવેલા લોકોમાં પથ્થરવાર કરતા લોકો, વકીલો, હુરિયત કે અલગાવવાદી નેતાઓનો સમાવેશ થાય છે.
- અટકાયત કરવામાં આવેલા 250 કાશ્મીરી આજે પણ જમ્મુ–કાશ્મીર કેન્દ્ર–શાસિત પ્રદેશની બહારના જેલોમાં બંધ છે.
- 6 ઓગસ્ટ, 2019થી શ્રીનગરમાં જમ્મુ–કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશની હાઈકોર્ટ સમક્ષ 600થી વધુ બંદી પ્રત્યક્ષીકરણની અરજીઓ દાખલ કરવામાં આવી છે.

### શા માટે અદાલત દ્વારા કાર્યવાહી જરૂરી છે ?

(1) એક વર્ષથી વધુ સમય માટે નજરબંધ કરવામાં આવેલા નેતાઓને શર્તો સાથે છોડવા જોઈએ.

(2) જમ્મુ–કાશ્મીરમાં 4G ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ છે, જેને ફરી શરૂ કરીને મંજૂરી આપવી જરૂરી છે.

(3) શાંતિપૂર્ણ રીતે રાજકીય પ્રવૃત્તિઓથી પ્રતિબંધ હટાવવો જરૂરી છે.

(4) 5 ઓગસ્ટના નિર્ણયથી પ્રભાવિત લોકો સાથે બહુસ્તરીય સંવાદ જરૂરી છે.

(5) કાશ્મીરી ખેડૂતો અને વેપારીઓને તેમના આર્થિક નુકસાન માટે વળતર આપવું જરૂરી છે.

### Back to basics : જાહેર સુરક્ષા અધિનિયમ, 1978 વિશે

- જાહેર સુરક્ષા અધિનિયમ (PSA) એક નિવારક અટકાયત કાયદો છે. જેના અંતર્ગત "રાજ્યની સુરક્ષા કે જાહેર વ્યવસ્થાને બનાવી રાખવા માટે કોઈપણ વ્યકિતની કોઈપણ પ્રકારની શંકાસ્પદ પ્રવૃત્તિઓ રોકવા અટકાયત કરવામાં આવે છે.
- આ અધિનિયમને છોકરીઓની તસ્કરી રોકવા તથા તસ્કરોને સ્વતંત્ર ફરતા રોકવા માટે એક કડક કાયદાના રૂપમાં લાગુ કરવામાં આવ્યો હતો.
- કાયદા અંતર્ગત કોઈ વ્યકિતની પ્રવૃત્તિઓથી "રાજ્યની સુરક્ષાને જોખમ હોવાની આશંકા પર 2 વર્ષ માટે વહીવટીય કસ્ટડી તથા જાહેર વ્યવસ્થામાં જોખમ હોવાની આશંકા પર 1 વર્ષ માટે વહીવટીય કસ્ટડીમાં રાખવાની મંજૂરી આપવામાં આવી છે.

### કઈ રીતે અધિનિયમ લાગુ કરવામાં આવે છે ?

- આ અધિનિયમ એ વિભાગીય કમિશનર કે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા વહીવટીય આદેશ બહાર પાડીને લાગુ કરવામાં આવે છે.
- અટકાયત કરવામાં આવતા વ્યકિતને અટકાયતનું કારણ બતાવવું જરૂરી નથી, કારણ કે કારણોનું સ્પષ્ટીકરણ એ જાહેર હિતની વિરુદ્ધનું હોય શકે છે.
- અધિનિયમની કલમ 22 અંતર્ગત, અમલીકરણ અધિકારીઓને "સારા ઉદ્દેશ્ય" સાથે કરવામાં આવેલ કાર્યવાહી માટે સુરક્ષા

આપવામાં આવી છે.

➤ અધિનિયમની કલમ 23 અંતર્ગત, સરકારને "આ અધિનિયમની જોગવાઈ અનુરૂપ, ઉદ્દેશ્ય સિદ્ધિ માટે આવશ્યતા મુજબ નિયમો બનાવવાના અધિકાર આપવામાં આવ્યા છે.

### જાહેર સુરક્ષા અધિનિયમ સંબંધિત વિવાદ :

(1) કાયદા અંતર્ગત કોઈપણ સુનવણી વિના અટકાયત કરવાની છૂટ આપવામાં આવી છે.

(2) અટકાયત કરવામાં આવેલ વ્યક્તિને જામીન હેતુ અરજી કરવાનો અધિકાર આપવામાં આવ્યો નથી.

(3) અધિનિયમ અંતર્ગત વ્યક્તિની અટકાયત કરવાના કોઈ સ્પષ્ટ કારણોનો ઉલ્લેખ નથી, આથી તેનો દુરુપયોગ પણ કરવામાં આવે છે.

(4) અધિનિયમ અંતર્ગત સામાન્ય અને ગંભીર પ્રકૃતિના ગુનાઓ વચ્ચે કોઈ સ્પષ્ટ અંતર કરવામાં આવ્યું નથી.

### અટકાયત સંદર્ભે ન્યાયાલય દ્વારા હસ્તક્ષેપ :

(1) આ અધિનિયમ અંતર્ગત વહીવટીય નિવારક અટકાયતના આદેશને અટકાયત જે વ્યક્તિની થઈ હોય તેના પરિવાજનો બંદી પ્રત્યક્ષીકરણ અરજીના માધ્યમથી ન્યાયાલયમાં પડકારી શકે છે.

(2) આ પ્રકારની અરજીઓ પર ફક્ત સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટ સુનવણી કરી શકે છે.

(3) જો અદાલત એ સરકારની અટકાયતના આદેશનો અસ્વીકાર કરે તો સરકાર ફરીથી વ્યક્તિને જાહેર સુરક્ષા અધિનિયમ અંતર્ગત અટકાયતમાં લઈ શકે છે.

## EWS અનામતની બંધારણીય ખંડપીઠમાં સુનવણી

➤ તાજેતરમાં સુપ્રીમ કોર્ટે આર્થિક રૂપથી નબળા વર્ગ માટે નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં 10% અનામતની વ્યવસ્થા કરતા બંધારણીય સુધારાનને પડકારતી અરજીઓને 5 ન્યાયાધીશોની બંધારણીય પીઠ પાસે હસ્તાંતરિત કરેલ છે.

➤ આ પહેલા આ અરજી એ 3 ન્યાયાધીશોની ખંડપીઠ સાંભળતી હતી.

### શા માટે આ મુદ્દો વિવાદમાં છે ?

➤ 103માં બંધારણીય સુધારા અધિનિયમ, 2019ની બંધારણીય કાયદેસરતાને પડકારવામાં આવી છે. આ બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણમાં અનુચ્છેદ 15(6) અને 16(6) ઉમેરવામાં આવી હતી.

➤ સુપ્રીમ કોર્ટને એ બાબત નક્કી કરવાની છે કે આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામતની કાયદેસરતાને બંધારણીય પીઠ સમક્ષ મોકલવામાં આવે કે નહી ?

### વિવાદ સંબંધે અરજીકર્તા અને સરકારના તર્કો :

| અરજીકર્તા દ્વારા આપવામાં આવેલ તર્ક | સરકાર દ્વારા આપવામાં આવેલ તર્ક |
|---|---|
| ● અરજી કર્તાઓ મુજબ 103મો બંધારણીય સુધારો એ સ્પષ્ટ રીતે સત્તા બહારની બાબત છે કારણ કે તે બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરે છે.<br>● 103મો બંધારણીય સુધારો એ વર્ષ 1992ના ઈન્દિરા સહાની વિરુદ્ધ ભારત સંઘ કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ નિર્ણયની વિરુદ્ધ છે, જેમાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ રૂપે જણાવ્યું હતું કે, "પછાત વર્ગનું નિર્ધારણ એ ફક્ત આર્થિક માપદંડના આધારે કરી શકાય નહી."<br>● સરકાર દ્વારા આર્થિક રીતે નબળા વર્ગોને આપવામાં આવેલ અનામત એ સુપ્રીમ કોર્ટ દ્વારા અનામત સંદર્ભે આપવામાં આવેલ 50%ની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. | ● આર્થિક રૂપથી નબળા વર્ગોની સામાજિક સ્થિતિ સુધારવા માટે અનામતની વ્યવસ્થા કરવી જરૂરી છે. કારણ કે આ વર્ગને હાલના અનામતની વ્યવસ્થાનો લાભ મળતો નથી.<br>● આર્થિક રીતે નબળા વર્ગની શ્રેણીમાં દેશના મોટા વર્ગનો સમાવેશ થાય છે. જેને વિશેષ સુવિધા આપવી જરૂરી છે. |

### સુપ્રીમ કોર્ટના નિર્દેશો :

- મુખ્ય ન્યાયાધીશ એસ. એ. બોબડેની અધ્યક્ષતાવાળી 3 ન્યાયાધીશોની ખંડપીઠ મુજબ જણાવવામાં આવ્યું હતું કે 5 ન્યાયાધીશોની બંધારણીય પીઠ મુખ્ય રૂપથી એ પ્રશ્ન પર વિચાર કરશે કે 'આર્થિક પછાતપણું'' સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થામાં અનામત આપવાનું માપદંડ હોય શકે કે નહીં ?
- જોકે 3 ન્યાયાધીશોની પીઠ દ્વારા 103માં બંધારણીય સુધારાના અમલીકરણ પર રોક લગાવવા પર મનાઈ ફરમાવવામાં આવી હતી.
- 3 ન્યાયાધીશોની ખંડપીઠે જણાવ્યું હતું કે, ''બંધારણના અનુચ્છેદ 145(3) અને સુપ્રીમ કોર્ટના નિયમ, 2003માં સ્પષ્ટ છે કે, જે બાબતોમાં કાયદાની વ્યાખ્યા સંબંધિત પ્રશ્નો સમાવિષ્ટ હોય તેને બંધારણીય ખંડપીઠ દ્વારા સાંભળવા જોઈએ.

### Back to basics : EWS અનામત વિશે

- વર્ષ 2019માં 103માં બંધારણીય સુધારાના માધ્યમથી ભારતીય બંધારણના અનુચ્છેદ 15 અને 16માં સુધારો કરવામાં આવ્યો હતો.
- આ સુધારાના માધ્યમથી બંધારણમાં અનુચ્છેદ 15(6) અને 16(6) ઉમેરવામાં આવી હતી.
- અનુચ્છેદ 15(6) એ આર્થિક રૂપથી નબળા વર્ગોની ઉન્નતિ માટે વિશિષ્ટ જોગવાઈ બનાવવાનો અધિકાર આપે છે.
- અનુચ્છેદ 16(6) એ રાજ્ય (દેશ)ને અધિકાર આપે છે કે આર્થિક રીતે નબળા વર્ગના લોકોના પક્ષમાં જાહેર રોજગારી સંદર્ભે અનામતની વ્યવસ્થા કરે. આ અનામતની મહત્તમ મર્યાદા 10% છે, જે હાલના અનામતની વ્યવસ્થા ઉપરાંતની વ્યવસ્થા છે.

## પ્રદીપ કુમાર જોશી UPSCના નવા અધ્યક્ષ

- તાજેતરમાં પ્રદીપ કુમાર જોશીની સંઘ લોક સેવા આયોગ (Union Public Service Commission-UPSC)ના અધ્યક્ષના રૂપમાં નિયુકત કરવામાં આવ્યા છે.
- તેઓ અરવિંદ સકસેનાનું સ્થાન લેશે.
- અધ્યક્ષ તરીકે પ્રદીપ કુમાર જોશીનો કાર્યકાળ એ 12 મે, 2021ના રોજ સમાપ્ત થશે.

### Back to basics : સંઘ લોક સેવા આયોગ વિશે :

- ભારતીય બંધારણના અનુચ્છેદ-315 મુજબ કેન્દ્ર અને રાજ્યોમાં એક જાહેર સેવા આયોગ રહેશે.
- અનુચ્છેદ 316 મુજબ, સંઘ લોક સેવા આયોગ (UPSC)ના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- UPSCના સભ્યોની સંખ્યા રાષ્ટ્રપતિ નક્કી કરે તેટલી રહેશે. સામાન્ય રીતે UPSCમાં અધ્યક્ષ સહિત 10 સભ્યો હોય છે.
- UPSCના સભ્યોની લાયકાત અંગે ફક્ત એટલી જોગવાઈ છે કે, આયોગના કુલ સભ્યોના અડધા સભ્યોને ભારત સરકાર અથવા કોઈપણ રાજ્ય સરકારમાં ઓછામાં ઓછા 10 વર્ષ કામ કરવાનો અનુભવ જરૂરી છે.
- UPSCના અધ્યક્ષ અને સભ્યો હોદ્દો ધારણ કરે ત્યારથી 6 વર્ષ/65 વર્ષની ઉંમર બે માંથી જે પહેલા આવે ત્યાં સુધી હોદ્દા પર રહી શકે છે.
- UPSCના અધ્યક્ષ એ હોદ્દો ધારણ કર્યા બાદ ફરી નિમણૂક પાત્ર નથી. જો કે સભ્યનો કાર્યકાળ પૂરો થયા બાદ તે અધ્યક્ષના હોદ્દા માટે નિમણૂક થવા પાત્ર છે.
- અનુચ્છેદ 319 મુજબ, UPSCના અધ્યક્ષ કે સભ્યો નિવૃત્તિ પછી કેન્દ્ર કે રાજ્ય સરકારમાં અન્ય કોઈ હોદ્દો ધારણ કરી શકતા નથી.
- અધ્યક્ષ અને સભ્યો પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપે છે. આ ઉપરાંત રાષ્ટ્રપતિ વિવિધ કારણોને લીધે તેમને પદ પરથી દૂર પણ કરી શકે છે.
- UPSC દર વર્ષે પોતાનો રિપોર્ટ તૈયાર કરી રાષ્ટ્રપતિને સોંપ છે.

### UPSCના કાર્યો :

- ભારતીય બંધારણના અનુચ્છેદ 320 મુજબ UPSC નીચે મુજબના કાર્યો કરે છે.

(i) અખિલ ભારતીય સેવાઓ અને કેન્દ્રીય સેવાઓમાં નિમણૂક માટે ભરતી પરીક્ષા યોજે છે.

(ii) જાહેર સેવાની બાબતો જેવી કે ભરતી પ્રક્રિયા, બદલી, બઢતી વગેરે બાબતે કેન્દ્ર સરકારને સલાહ આપે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ગિરીશ ચંદ્ર મુર્મૂ નવા CAG

- તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્વારા ગિરીશ ચંદ્ર મુર્મૂને ભારતના નવા નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (Comptroller Auditor General-CAG)ના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.
- તેઓ ભારતના 14માં CAG છે. તેઓ 1985ની બેચના IAS અધિકારી છે.

### Back to basics : ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) વિશે :

■ **ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG)**

- ભારતીય બંધારણના ભાગ 5 અંતર્ગત અનુચ્છેદ – 148માં ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (Comptroller and Auditor General of India)ના પદની વ્યવસ્થા કરવામાં આવી છે. જેને ટૂંકમાં 'મહાલેખા પરીક્ષક' પણ કહેવામાં આવે છે. તે ભારતના જાહેર નાણાંના સંરક્ષકની સાથે–સાથે દેશની સંપૂર્ણ નાણાકીય વ્યવસ્થાના પણ નિયંત્રક છે. ડો. બાબાસાહેબ આંબેડકરે 'નિયંત્રક અને મહાલેખા પરીક્ષક'ને ભારતીય બંધારણ અંતર્ગતના મહત્ત્વપૂર્ણ અધિકારી ગણાવ્યા છે.

**ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) સંબંધિત બંધારણીય જોગવાઈઓ**

અનુચ્છેદ 148 :– નિયંત્રક અને મહાલેખા પરીક્ષક પદની જોગવાઈ

અનુચ્છેદ 149 :– નિયંત્રક અને મહાલેખા પરીક્ષકની ફરજો અને સત્તા

અનુચ્છેદ 150 :– સંઘના હિસાબો તેમજ રાજ્યના હિસાબોના નમૂના બાબત

અનુચ્છેદ 151 :– ઓડિટ રીપોર્ટ

■ **CAGની નિમણૂક અને શપથ**

- ભારતીય બંધારણના અનુચ્છેદ 148 અનુસાર ભારતના રાષ્ટ્રપતિ, નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG)ની નિમણૂક કરે છે અને CAG પોતાનો કાર્યભાર સંભાળતા પહેલા તેઓ રાષ્ટ્રપતિ સમક્ષ અનુસૂચિ 3 મુજબ હોદ્દાના શપથ ગ્રહણ કરે છે.

■ **CAGનો કાર્યકાળ**

- 'નિયંત્રક અને મહાલેખા પરીક્ષક' (CAG) 6 વર્ષ અથવા 65 વર્ષની ઉંમર બેમાંથી જે પહેલા આવે ત્યાં સુધી પોતાના પદ પર રહી શકે છે. તે રાષ્ટ્રપતિની ઈચ્છા સુધી પદ પર રહેતા નથી કારણ કે બંધારણ દ્વારા કાર્યકાળ નિશ્ચિત કરવામાં આવ્યો છે.
- CAG નિવૃત્તિ બાદ કેન્દ્ર અથવા રાજ્ય સરકાર અંતર્ગતની સેવાઓમાં હોદ્દો ધારણ કરી શકતા નથી. જેથી તે પોતાની ફરજ દરમિયાન કેન્દ્ર કે રાજ્ય સરકારના પક્ષમાં કોઈ નિર્ણય ન કરે અને નિષ્પક્ષતા જળવાઈ રહે.

■ **CAGનું રાજીનામું**

- ભારતીય બંધારણના અનુચ્છેદ 148 અનુસાર જો CAG સ્વેચ્છાએ પોતાનું પદ છોડવા માંગતા હોય તો તેઓ લેખિતમાં પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી પદ મુક્ત થઈ શકે છે.

■ **CAGને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા**

- CAGને સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને જે આધારે હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે તે આધારે દૂર કરી શકાય છે. અર્થાત CAGને તેના હોદ્દા પરથી સાબિત થયેલી ગેરવર્તણૂક અથવા અસમર્થતાને કારણે હોદ્દા પરથી દૂર કરી શકાય છે.
- CAGને હોદ્દા પરથી દૂર કરવાનો પ્રસ્તાવ સંસદના બંને ગૃહોમાં વિશિષ્ટ બહુમતીથી (ગૃહની કુલ સભ્ય સંખ્યાના 50 % થી વધુ + હાજર અને મતદાન કરનાર સભ્યોની 2/3 બહુમતી) પસાર કરવો જરૂરી છે.

■ **CAGની ફરજો અને સત્તાઓ**

- ભારતીય બંધારણના અનુચ્છેદ 149 અનુસાર CAGની ફરજો અને સત્તાઓ નીચે મુજબની છે.

(a) CAG કેન્દ્ર અને રાજ્યના એકત્રિત ભંડોળ (સંચિત નીધિ) તથા વિધાનસભા ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશમાં ખર્ચ સંબંધી હિસાબોની ચકાસણી કરે છે. (અનુચ્છેદ-151)

(b) CAG સંસદની જાહેર હિસાબ સમિતિના માર્ગદર્શક, મિત્ર અને ફિલસૂફ તરીકેની ભૂમિકા ભજવે છે.

(c) CAG ભારતના આકસ્મિક ભંડોળ તથા કેન્દ્ર અને રાજ્યોના જાહેર ખાતાઓમાંથી થતા ખર્ચનું ઓડિટ કરી અને તે અંગેનો અહેવાલ તૈયાર કરે છે.

(d) CAGએ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર અંતર્ગતના

વેપાર, ઉત્પાદનના નફા નુકશાન ખાતાઓનું ઓડિટ કરે છે.

(e) CAG સરકાર હસ્તકની કંપનીઓનું ઓડિટ કરે છે.

(f) CAG કેન્દ્ર અથવા રાજ્ય આવકમાંથી નાણાં મેળવતી તમામ સંસ્થાઓ અને સત્તામંડળોનું ઓડિટ કરી અહેવાલ તૈયાર કરે છે.

(g) CAG રાષ્ટ્રપતિને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ખાતાઓની પ્રણાલી (System) અંગે સલાહ આપે છે.

(h) જાહેર નિગમોના (Public Corporation) ઓડિટ સંદર્ભે CAGની સત્તા મર્યાદિત છે. અમુક નિગમોનું ઓડિટ સીધું CAG દ્વારા થાય છે જ્યારે અમુક નિગમોનું ઓડિટ CAG દ્વારા નિયુક્ત કરેલ ખાનગી વ્યક્તિ દ્વારા થાય છે જ્યારે અમુક નિગમોનું (ઉદા. SBI, RBI વગેરે)ઓડિટ સંપૂર્ણ રીતે ખાનગી વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે જેમાં CAG ની કોઈ ભૂમિકા હોતી નથી.

CAG કોઈ કર અને શૂલ્કની ચોખ્ખી આવકનું પ્રમાણ આપે છે જે આખરી ગણાશે (અનુચ્છેદ 279). ચોખ્ખી આવક એટલે કર અથવા શૂલ્ક માંથી ઉઘરાણીનો ખર્ચ બાદ કર્યા બાદ વધતી રકમ.

➤ CAG એ બંધારણીય સત્તાઓ અને ફરજિયાત ઓડિટ ઉપરાંત CAG એ ઔચિત્ય હિસાબ – તપાસણી (Propriety Audit) પણ કરી શકે છે પરંતુ તે તપાસણી (Audit) કરવું એ ફરજિયાત નથી. ઔચિત્ય હિસાબ તપાસણીમાં CAG સરકારના બિનજરૂરી ખર્ચાઓ તથા વ્યર્થતા પર ટિપ્પણી કરી શકે છે.

➤ CAG પોતાનો અહેવાલ રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરે છે અને રાષ્ટ્રપતિ આ અહેવાલ (Report) સંસદમાં રજૂ કરે છે અને રાજ્ય સરકારના ખાતાઓ અંગેનો ઓડિટ અહેવાલ રાજ્યપાલ સમક્ષ રજૂ કરે છે અને રાજ્યપાલ તે વિધાનમંડળ માં રજૂ કરે છે.

■ **CAGના ઓડિટનો અહેવાલ**

➤ ભારતીય બંધારણના અનુચ્છેદ 151 અનુસાર CAG એ રાષ્ટ્રપતિ સમક્ષ નીચે દર્શાવેલા ઓડિટના અહેવાલ રજૂ કરે છે.

(1) વિનિયોગ પરનો ઓડિટ અહેવાલ (Audit Report on Appropriation Accounts)

(2) નાણાકીય ખાતા પરનો ઓડિટ અહેવાલ (Audit Report on Finance Accounts)

(3) જાહેર સાહસો પરનો ઓડિટ અહેવાલ (Audit Report on Public Sector Undertakings)

■ **CAGના વેતન અને ભથ્થા**

➤ CAG ના વેતન અને ભથ્થા સંસદ દ્વારા નક્કી કરવામાં આવે છે. હાલમાં CAGના વેતન અને ભથ્થા એ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ સમકક્ષ હોય છે.

➤ નિવૃત થયા બાદ CAGને પેંશન પણ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશના વાર્ષિક પેંશન જેટલું જ મળવાપાત્ર છે.

➤ CAGના વેતન અને ભથ્થા ભારતની સંચિત નિધિ પરનો ભારીત ખર્ચ છે.

## રાજસ્થાન સરકારને વિશ્વાસ મતની પ્રાપ્તિ

➤ તાજેતરમાં રાજસ્થાનમાં મુખ્યમંત્રી અશોક ગહેલોતના નેતૃત્વ ધરાવતી કોંગ્રેસ સરકાર એ વિધાનસભામાં પોતાનો વિશ્વાસ મત પ્રાપ્ત કરવામાં સફળ રહી હતી.

➤ વિશ્વાસ મત પ્રાપ્ત કર્યા પહેલા પૂર્વ ઉપમુખ્યમંત્રી સચિન પાયલટ અને 18 અન્ય ધારાસભ્યો દ્વારા પાર્ટીમાં કરવામાં આવેલ વિદ્રોહનો અંત આવ્યો હતો.

➤ કોઈ સરકાર એ ગૃહમાં બહુમતી ધરાવે છે અને સરકાર ચલાવવા માટે જરૂરી સભ્યોનું તેમની પાસે સમર્થન છે, તેવી બાબતોનો નિર્ણય એ વિશ્વાસ મત દ્વારા લેવામાં આવે છે.

➤ ગૃહમાં સરકાર બહુમતી ધરાવે છે કે નહી, તે બાબતની તપાસ એ ફ્લોર ટેસ્ટની પ્રક્રિયા દ્વારા તપાસવામાં આવે છે.

### Back to Basics : ફ્લોર ટેસ્ટ સંબંધે સુપ્રીમ કોર્ટના નિર્ણયની મુખ્ય બાબતો

➤ રાજ્યપાલને જ્યારે એવું જણાય કે વિધાનસભામાં મુખ્યમંત્રીની અધ્યક્ષતાવાળી મંત્રી પરિષદે બહુમતી/ સમર્થન ગુમાવી દીધું છે. તેવી સ્થિતિમાં ફ્લોર ટેસ્ટ દ્વારા મુદ્દો હલ કરવો જરૂરી છે.

➤ રાજ્યપાલ ફ્લોર ટેસ્ટ માટેનો આદેશ આપે તે બંધારણીય સત્તાની મર્યાદાથી વધીને કામ કર્યાનું ગણી શકાય નહીં.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

આ ઉપરાંત ફ્લોર ટેસ્ટના નિર્દેશ વખતે રાજ્યપાલે કોઈ રાજનૈતિક પાર્ટીની તરફેણ કરવી જોઈએ નહીં.

- ➤ ફ્લોર ટેસ્ટ માટે રાજ્યપાલની સત્તા ફક્ત વિધાનસભાની ચૂંટણી થાય પછી સરકારની બહુમતી સાબિત થાય ત્યાં સુધી જ નથી પરંતુ વિધાનસભાના સમગ્ર કાર્યકાળ સુધીની છે.
- ➤ જ્યારે પણ ધારાસભ્યો રાજીનામું ગૃહના અધ્યક્ષને આપે અને અધ્યક્ષ નિર્ણય લે ત્યાં સુધી ફ્લોર ટેસ્ટ માટે રાહ જોવાની રાજ્યપાલે જરૂર નથી. અધ્યક્ષ નિર્ણય આપે તે પહેલા પણ ફ્લોર ટેસ્ટનો આદેશ રાજ્યપાલ આપી શકે છે.

## ફ્લોર ટેસ્ટ શું છે ?

- ➤ ફ્લોર ટેસ્ટ એ બંધારણીય પ્રક્રિયા છે. તેનો ઉપયોગ એ નક્કી કરવા માટે થાય છે કે શું સરકાર વિધાનસભા/લોકસભામાં બહુમત/ સમર્થન ધરાવે છે કે નહીં.
- ➤ ચૂંટણી થયા બાદ જે પક્ષ સરકાર બનાવવાનો દાવો કરે અથવા ચૂંટણી બાદના કાર્યકાળ પછી કોઈપણ સમયે સરકાર પાસે બહુમત છે કે નહીં તેની તપાસ ફ્લોર ટેસ્ટ દ્વારા થાય છે.
- ➤ ફ્લોર ટેસ્ટનો આદેશ રાજ્ય સ્તરે રાજ્યપાલ અને કેન્દ્ર સ્તરે રાષ્ટ્રપતિ આપે છે.

## ફ્લોર ટેસ્ટની પ્રક્રિયા

- ➤ ગૃહમાં સરકાર બનાવવા માટે 'જાદુઈ નંબર' (Magic Number)ની જરૂરીયાત હોય છે. આ જાદુઈ નંબર એટલે સરકાર બનાવવા માટે જરૂરી બેઠકો.
- ➤ સરકાર બનાવવા માટે કુલ બેઠકોની 50% + 1 બેઠકની જરૂર પડે છે. જો સરખા મત પડે તો અધ્યક્ષનો મત નિર્ણાયક મત રહેશે.
- ➤ જો કોઈ સભ્ય મત આપવા સમયે ગેરહાજર રહે કે પછી હાજર હોય પણ મત ન આપે તો બહુમતી એ હાજર અને મત આપતા સભ્યોના આધારે નક્કી થાય છે.

## સંયુક્ત ફ્લોર ટેસ્ટ

- ➤ જ્યારે બહુમતી સ્પષ્ટ ન હોય અને એકથી વધુ વ્યક્તિ સરકાર બનાવવા દાવો કરે ત્યારે કોની પાસે બહુમતી છે તે તપાસવા સંયુક્ત ફ્લોર ટેસ્ટ કરવામાં આવે છે.
- ➤ બહુમતી તપાસવા માટે રાજ્યપાલ/રાષ્ટ્રપતિ વિશેષ સત્ર બોલાવી શકે છે.

# ન્યાયાલયની અવમાનના
# (Contempt of Court)

- ➤ થોડા સમય પહેલા પૂર્વ વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા બે ટ્વિટ કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા વકીલ પ્રશાંત ભૂષણના આ બે ટ્વિટને "બંધારણીય લોકશાહીનો પાયો હલાવી દેનાર" બતાવી ન્યાયાલયની અવમાનના (Contempt of Court) બાબતે દોષી જાહેર કર્યા છે.

## શા માટે મુદ્દે ચર્ચામાં હતો ?

- ➤ પ્રશાંત ભૂષણ દ્વારા કરવામાં આવેલ એક ટ્વિટમાં મોટરસાયકલ પર મુખ્ય ન્યાયાધીશ શરદ એ બોબડેની ફોટો તથા બીજા ટ્વિટમાં છેલ્લા 6 વર્ષોમાં ચાર મુખ્ય ન્યાયાધીશો અંતર્ગત સુપ્રીમ કોર્ટના કામકાજનો સંદર્ભ આપવામાં આવ્યો હતો.
- ➤ ન્યાયાલય દ્વારા પ્રશાંત ભૂષણને નોટિસ જાહેર કરવામાં આવી હતી. જેમાં ટ્વિટ દ્વારા ન્યાયાલય તથા ભારતના મુખ્ય ન્યાયાધીશના પદની ગરિમા તથા અધિકારનો હનન કરવામાં આવ્યો છે તે જણાવવામાં આવ્યું હતું.

## પ્રશાંત ભૂષણ દ્વારા પોતાના બચાવમાં આપવામાં આવેલ દલીલો :

(1) પોતાના વિચારો અથવા વાસ્તવિક વેદનાની અભિવ્યકિત સ્પષ્ટ અને અપ્રિય હોય શકે છે, પરંતુ તેને અદાલતની અવમાનના ગણી શકાય નહી.

(2) મુખ્ય ન્યાયાધીશ એ ન્યાયાલય નથી અને ન્યાયાલયની રજાઓ દરમિયાન મુખ્ય ન્યાયાધીશ દ્વારા કરવામાં આવેલ આચરણની રીતોના સંબંધમાં ચિંતા વ્યકત કરવી એ ન્યાયાલયની અવમાનનાની સમાન નથી.

(3) ચાર મુખ્ય ન્યાયાધીશો દ્વારા "માસ્ટર ઓફ ધ રોસ્ટર" તરીકે સત્તા અથવા તેની રીતો અને પદ્ધતિનો ઉપયોગ કરવાની નિષ્ફળતા મળતા ન્યાયાધીશોની સરમુખત્યારશાહી, બહુમતીવાદ, મતભેદોનું દમન, વ્યાપક રૂપથી રાજકીય બંદીકરણને મંજૂરી વગેરે જેવી બાબતને ઉઠાવવી એ

ન્યાયાલયની અવમાનના નથી.

### Back to basics : ન્યાયાલયની અવમાનના વિશે

- ન્યાયાલયની અવમાનના અધિનિયમ, 1971 (Contempt of Court Act, 1971) અનુસાર, ન્યાયાલયની અવમાનનાનો અર્થ કોઈ ન્યાયાલયની ગરીમા તથા તેના અધિકારો પ્રતિ અનાદરને પ્રદર્શિત કરે છે.
- આ અધિનિયમ અંતર્ગત અવમાનનાને "નાગરિક" (Civil) અને "ફોજદારી" (Criminal) અવમાનનામાં વહેંચવામાં આવેલ છે.

**(i) નાગરિક/સિવિલ અવમાનના :**

- ન્યાયાલયના કોઈ નિર્ણય, હુકમનામા, રિટ અથવા કોઈપણ પ્રક્રિયાની ઈરાદાપૂર્વક અવગણના અથવા ઉલ્લંઘનને નાગરિક અવમાનના કહેવામાં આવે છે.

**(ii) ફોજદારી/ક્રિમિનલ અવમાનના :**

- ફોજદારી અવમાનના અર્થાત્ ન્યાયાલયથી જોડાયેલ એવી કઈ વાતના પ્રકાશનથી છે જે લેખિત, મૌખિક, ચિન્હિત, ચિત્રિત કે અન્ય કોઈ રીતે ન્યાયાલયનની અવમાનના કરતી હોય.
- જો કે કોઈ બાબતે નિર્દોષ પ્રકાશન, ન્યાયિક કાર્યોની નિષ્પક્ષ અને ઉચિત ટીકા તથા ન્યાયાલય અને વહીવટીય પક્ષ પર ટિપ્પણી કરવાની બાબતને ન્યાયાલયની અવમાનના માનવામાં આવતી નથી.

### ન્યાયાલયની અવમાનના માટે સજાની જોગવાઈ

- સુપ્રીમ કોર્ટ / હાઈકોર્ટને ન્યાયાલયની અવમાનના માટે સજા આપવાની સત્તા છે. આ સજા એ 6 મહિનાની સાધારણ કેદ અથવા રૂ. 2000 સુધીનો દંડ અથવા બંને હોય શકે છે.
- વર્ષ 1991માં સુપ્રીમ કોર્ટે નિર્ણય આપ્યો હતો કે અવમાનના સંદર્ભે નિર્ણય લેવાની સત્તા ફક્ત તેમની પાસે નહી પરંતુ પૂરા દેશમાં હાઈ કોર્ટ, તાબાની અદાલતો તથા પંચો પાસે પણ છે.

### ન્યાયાલયની અવમાનના સંદર્ભે બંધારણીય જોગવાઈઓ :

- અનુચ્છેદ 129 : સુપ્રીમ કોર્ટને સ્વયંની અવમાનના બદલ સજા આપવાની સત્તા આપે છે.
- અનુચ્છેદ 142(2) : આ અનુચ્છેદ એ અવમાનના આરોપમાં કોઈ પણ વ્યક્તિની તપાસ તથા તેને સજા આપવા માટે સુપ્રીમ કોર્ટને સક્ષમ બનાવે છે.
- અનુચ્છેદ 215 : આ અનુચ્છેદ એ હાઈકોર્ટને સ્વયંની અવમાનના બાદ સજા આપવા સક્ષમ બનાવે છે.

## અરુણાચલ પ્રદેશના વિભિન્ન સમૂહો દ્વારા છઠ્ઠી અનુસૂચિના દરજ્જાની માંગ

- છેલ્લા ઘણા સમયથી અરુણાચલ પ્રદેશમાં બે સ્વાયત્ત પરિષદોની સ્થાપના કરવાની માંગ કરવામાં આવી રહી છે. આ માંગો સાથે પ્રદેશના રાજકીય દલો તથા અન્ય સમુદાયો દ્વારા પૂરા અરુણાચલ પ્રદેશને બંધારણની છઠ્ઠી અનુસૂચિ અથવા અનુચ્છેદ 371(A) અંતર્ગત લાવવાની માંગ કરવામાં આવી છે.

### શા માટે માંગ કરવામાં આવી રહી છે ?

- વર્તમાનમાં અરુણાચલ પ્રદેશને બંધારણની 5મી અનુસૂચિ અંતર્ગત રાખવામાં આવેલ છે. તેના અંતર્ગત છઠ્ઠી અનુસૂચિ અંતર્ગત સમૂહોને જે અધિકારો પ્રાપ્ત થાય છે તે મળતા નથી.
- છઠ્ઠી અનુસૂચિ અંતર્ગત સમાવેશ થવાથી અરુણાચલ પ્રદેશના મૂળ નિવાસીઓને બધા પ્રાકૃતિક સંસાધનો પર માલિકીના અધિકારો પ્રાપ્ત થશે, જ્યારે હાલમાં તેમને ફક્ત સંરક્ષકના અધિકારો પ્રાપ્ત થાય છે.
- છઠ્ઠી અનુસૂચિમાં સમાવેશ થતાં રાજ્યને પોતાના પ્રાકૃતિક સંસાધનો પર કાયદાકીય માલિકીના અધિકારો પ્રાપ્ત થશે અને કેન્દ્ર પર અનુદાનની નિર્ભરતા ઓછી કરી તેમને આત્મનિર્ભર બનાવી શકાશે.

### Back to basics : બંધારણની છઠ્ઠી અનુસૂચિ વિશે :

- ભારતીય બંધારણની અનુસૂચિ – 6માં ભારતના પૂર્વોત્તરના ચાર રાજ્યો અસમ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમના આદિજાતિ ક્ષેત્રો અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે.

■ **અનુસૂચિ 6 હેઠળના રાજ્યો માટે વિશેષ જોગવાઈનું કારણ**

- અનુસૂચિ 6 હેઠળ આ ચાર રાજ્યો માટે વિશેષ જોગવાઈ કે વ્યવસ્થા પાછળનો હેતુ એ છે કે આ ચાર રાજ્યોના આદિવાસીઓ એ જ રાજ્યના અન્ય લોકો જેવું જીવન

નથી. આ ક્ષેત્રમાં રહેતા આદિવાસીઓ એ માનવશાસ્ત્રીય ઉદાહરણો છે.

- એ બાબત પણ નોંધવી જરૂરી છે કે દેશના અન્ય ભાગોમાં વસતા આદિવાસીઓએ ઓછા કે વધુ પ્રમાણમાં અન્ય બહુમતી ધરાવતા લોકોની સંસ્કૃતિ અપનાવી છે પરંતુ આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમના આદિવાસીઓના મૂળ હજુ પણ તેમની સંસ્કૃતિ અને આદતોમાં છે.

## અનુસૂચિ 6 અંતર્ગતની વિશેષતાઓ

- આસમ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમના આદિજાતિ ક્ષેત્રોમાં સ્વાયત્ત જિલ્લાની (Autonomous District) રચના કરવામાં આવી છે.
- આ ક્ષેત્રોમાં સ્વાયત જિલ્લામાં નવા ક્ષેત્રોનો ઉમેરો કરવો કે કોઈ ક્ષેત્રને દૂર કરવું અથવા નવા જ સ્વાયત્ત જિલ્લા રચવાની તમામ સત્તા સંબંધિત રાજ્યના રાજ્યપાલને છે.
- જો કોઈ એક સ્વાયત જિલ્લામાં અલગ અલગ જનજાતિઓ વસવાટ કરતી હોય તો રાજ્યપાલ એ સ્વાયત્ત જિલ્લાને અલગ – અલગ ક્ષેત્રોમાં વહેંચી શકે છે.

## જિલ્લા પરિષદ (Dostrict Council)

- આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ રાજ્યોના પ્રત્યેક સ્વાયત્ત જિલ્લામાં જિલ્લા પરિષદની રચના કરવામાં આવશે.
- આ જિલ્લા પરિષદમાં 30 સભ્યો રહેશે. જેમાંથી 26 સભ્યોને પ્રત્યક્ષ રીતે ચૂંટવામાં આવશે. જ્યારે બાકીના 4 રાજ્યપાલ દ્વારા નામાંકિત કરવામાં આવે છે.
- જિલ્લા પરિષદમાં ચૂંટાયેલા સભ્યોનો કાર્યકાળ 5 વર્ષનો રહેશે. જ્યારે નિમણૂંક સભ્યો રાજ્યપાલની ઈચ્છા સુધી પદ પર રહે છે.
- જિલ્લા પરિષદ પોતાની અંતર્ગત આવતા ક્ષેત્રો માટે કાયદો બનાવી શકે છે. જિલ્લા પરિષદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓ, દવાખાના, બજાર કે રસ્તાઓનું નિર્માણ, સ્થાપના અથવા સંચાલન કરી શકે છે. પરંતુ તમામ કાયદાઓ માટે રાજ્યપાલની મંજૂરી લેવી આવશ્યક છે.
- જિલ્લા પરિષદ પોતાના તાબા હેઠળના ક્ષેત્રોમાં જનજાતિઓના અંગત વિવાદો ઉકેલવા ગ્રામ પરિષદ કે ન્યાયાલયોની રચના કરી શકે છે. જિલ્લા કે સ્થાનિક પરિષદને જમીન મહેસૂલની આકરણી અને એકત્રિત કરવાની સત્તા છે. આ ઉપરાંત અમુક ચોક્કસ કરને લાદવાની પણ સત્તા છે.
- જિલ્લા પરિષદ પોતાના જિલ્લામાં નાણાં ધીરનાર (Money Lenders) અને ગેર–જનજાતિય વ્યાપાર પર અંકૂશ રાખે છે. પરંતુ તે માટે રાજ્યના રાજ્યપાલની મંજૂરી આવશ્યક છે.
- સંસદ અથવા રાજ્ય વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવતા કાયદાઓ સ્વાયત જિલ્લાઓ કે પ્રદેશોને લાગુ પડશે નહીં.

# હિંદુ મહિલાઓના ઉત્તરાધિકાર અધિકારો પર સુપ્રીમ કોર્ટનો નિર્ણય

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા હિંદુ મહિલાઓના અધિકારને પુરુષ ઉત્તરાધિકારીને બરાબર કરવા સંબંધિત નિર્ણય આપ્યો હતો.
- ન્યાયાલય અનુસાર, હિંદુ મહિલા એ પિતાની સંપત્તિમાં પુરુષ ઉત્તરાધિકારીના બરાબર હકદાર હશે તથા સંયુકત રૂપથી કાયદાકીય વારસદાર હશે.

### ઉત્તરાધિકાર અધિકારો પર સુપ્રીમ કોર્ટનો નિર્ણય :

- હિંદુ મહિલાને પિતાની સંપત્તિમાં સંયુકત ઉત્તરાધિકારી હોવાનો અધિકાર જન્મથી છે.
- આ બાબત એ તથ્ય પર નિર્ભર નથી કે વર્ષ 2005માં કાયદો લાગુ થયા સમયે તેના પિતા જીવિત હતા કે નહી.
- ન્યાયાલય દ્વારા આપવામાં આવેલ આ નિર્ણય દ્વારા વર્ષ 2015 અને 2018માં આપવામાં આવેલા નિર્ણયોને પલટવામાં આવ્યા હતા.

### શા માટે 2005નો અધિનિયમ ચર્ચાનો વિષય હતો ?

- હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમ 1965માં વર્ષ 2005માં સુધારો કરવામાં આવ્યો હતો. તેના અંતર્ગત પિતાની સંપત્તિમાં મહિલાઓને બરાબરીનો હિસ્સો આપવા સંબંધી જોગવાઈ કરવામાં આવી હતી.
- પરંતુ આ કાયદામાં એ સ્પષ્ટ કરવામાં આવ્યુ ન હતું કે, શું આ કાયદો પૂર્વવર્તી (Restrospective) રૂપથી લાગુ કરવામાં આવશે ? અથવા શું મહિલાઓનો પિતાની સંપત્તિ સંબંધી અધિકાર પિતાના જીવિત હોવા પર નિર્ભર કરે છે ?

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### હિંદુ ઉત્તરાધિકાર (સંશોધન) અધિનિયમ, 2005 વિશે :

➤ આ અધિનિયમ દ્વારા હિંદુ મહિલાઓને પુરુષ ઉત્તરાધિકારી સમાન સહ સમાંશભાગી (Coparcener) અથવા સંયુકત કાનૂની વારસદાર હોવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

➤ સુધારેલ અધિનિયમમાં પુત્રીને પુત્રની જેમ જન્મથી સંયુકત કાનૂની વારસદારનો હક આપવામાં આવ્યો હતો.

➤ આ કાયદો પિતાની સંપત્તિ તથા વસીયત ન કરેલ હોય તેવી વ્યકિતગત સંપત્તિ–જ્યાં ઉત્તરાધિકાર કાયદા અનુસાર નક્કી થાય છે, વસીયત અનુસાર નહી ત્યાં લાગુ પડે છે.

### આ વિષય પર કોર્ટ દ્વારા ભૂતકાળમાં આવેલા નિર્ણયો :

➤ સુપ્રીમ કોર્ટની વિભિન્ન પીઠો અને વિભિન્ન હાઈકોર્ટ દ્વારા આ મુદ્દા પર ભૂતકાળમાં પરસ્પર વિરોધી વિચારો પ્રકટ કરવામાં આવ્યા હતા.

(1) પ્રકાશ વિરુદ્ધ ફૂલવતી કેસ (2015)માં સુપ્રીમ કોર્ટ મુજબ, સુધારેલા અધિનિયમ અંતર્ગત આપવામાં આવેલ અધિકાર 9 સપ્ટેમ્બર, 2005ના રોજ જીવિત પિતાઓ અને જીવિત પુત્રીઓ પર લાગુ પડે છે. જો 9 સપ્ટેમ્બર, 2005 પહેલા પિતાનું મૃત્યુ થયું હોય તો પુત્રીને સંપત્તિમાં હિસ્સો મળશે નહી મળશે.

(2) ફેબ્રુઆરી, 2018માં 2015થી વિરુદ્ધ ન્યાયાલયે જણાવ્યું હતું કે, 2001માં પિતાનું મૃત્યુ થવા પર પણ પિતાની સંપત્તિના હિસ્સામાં વર્ષ 2005ના કાયદા અનુસાર પુત્રીનો સંયુકત હક રહેશે.

➤ ત્યારબાદ વર્ષ 2018ના એપ્રિલમાં અદાલતે ફરીથી વર્ષ 2015માં આપેલ નિર્ણયને પુનરાવર્તિત કર્યો હતો.

## લોક અદાલતનું ઓનલાઈન આયોજન

➤ નેશનલ સર્વિસ લીગલ ઓથોરિટીના નેતૃત્વ હેઠળ 8 ઓગસ્ટના રોજ પ્રથમ વખત ઓનલાઈન લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ઓનલાઈન લોક અદાલતની સંચાલન પ્રક્રિયા :

➤ ઈ–લોક અદાલતમાં સંબંધિત પક્ષોને ઓનલાઈન એ SAMA (આ એક ઓનલાઈન વિવાદ સમાધાન મંચ છે, જેને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિવાદોના સમાધાન માટે માન્યતા પ્રાપ્ત છે.) દ્વારા મોકલાવામાં આવશે તથા એક ન્યાયાધીશ મધ્યસ્થતા પ્રક્રિયાની અધ્યક્ષતા કરશે.

➤ આ વ્યવસ્થા અંતર્ગત સંબંધિત પક્ષોને એક OTP મોકલવામાં આવશે અને તેની પુષ્ટિ થવા પર કેસનું સમાધાન કરવામાં આવશે.

### Back to basics : લોક અદાલત વિશે :

➤ સામાન્ય રીતે કોર્ટમાં બાકી (Pending) અને જે કેસો હજી સુધી કોર્ટ સમક્ષ લાવવામાં આવ્યા ન હોય તેવા કેસોને બંને પક્ષોની સહમતિ દ્વારા લોક અદાલતમાં લાવી સમાધાન કરવામાં આવે છે.

➤ લોક અદાલત ગાંધી વિચારધારા આધારિત પહેલ છે.

➤ લોક અદાલતમાં કેસ લાવવા માટે કોઈ ચાર્જ લાગતો નથી.

➤ ભારતમાં પ્રથમ લોક અદાલતનું નિર્માણ ગુજરાતમાં 1982માં કરવામાં આવ્યું હતું.

➤ લોક અદાલતને Legal Services Authorities Act, 1987 અંતર્ગત વૈધાનિક સંસ્થાનો દરજ્જો આપવામાં આવ્યો છે.

■ **લોક અદાલતનું માળખું :**

➤ સામાન્ય રીતે લોક અદાલતમાં એક અધ્યક્ષ અને અન્ય બે સભ્યો હોય છે.

➤ અધ્યક્ષ તરીકે સેવા નિવૃત્ત ન્યાયાધીશ અને એક સભ્ય કોઈ વકીલ અને અન્ય એક વ્યક્તિ કોઈ સમાજ સેવક હોય છે.

➤ લોક અદાલત દ્વારા આપવામાં આવેલ નિર્ણય વિરુદ્ધ દેશની કોઈપણ અદાલતમાં અપીલ કરી શકાય નહીં.

■ **લોક અદાલતના ફાયદા :**

➤ લોક અદાલત ન્યાયાલયો પરનું ભારણ ઘટાડે છે.

➤ કેસોનું ઝડપી અને સસ્તું નિવારણ આવે છે.

➤ સમય અને નાણાંની બચત થાય છે.

➤ લોક અદાલત બંને પક્ષોની રજૂઆત સાંભળી નિવારણ માટેનો મધ્યસ્થ માર્ગ અપનાવે છે. આ લોક અદાલત મધ્યસ્થી તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

icerajkot


# ભારતનું બંધારણ MCQ SERIES

## Click to Play


















































**Continue...**

SUBSCRIBE

YouTube

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 2. અર્થતંત્ર

## રાજકોષીય ખાધમાં વધારો

- COVID-19 મહામારીને કારણે ભારતની રાજકોષીય ખાધ (Fiscal Deficit)માં અપેક્ષિત ન હોય તેવી વૃદ્ધિ જોવા મળી છે અને જૂન, 2020માં સમાપ્ત થતાં પ્રથમ ત્રિમાસિકમાં બજેટના અંદાજના 83.2% અર્થાત્ રૂ. 6.62 લાખ કરોડના સ્તર પર પહોંચી છે.
- નાણાકીય વર્ષ 1999થી ઉપલબ્ધ આંકડાઓ અનુસાર એ ઉપરોક્ત આંકડો એ હજી સુધી જોવા મળેલ પ્રથમ ત્રિમાસિકની ખાધ કરતા સૌથી વધુ છે.
- નાણાકીય વર્ષ 2020-21ના કેન્દ્રીય બજેટ અંતર્ગત સરકારે દેશની રાજકોષીય ખાધનો લક્ષ્ય રૂ. 7.96 લાખ કરોડ અથવા GDPના 3.5% રાખ્યો છે.
- અર્થશાસ્ત્રીઓ મુજબ મહામારીથી બચવા અને તેના પરિણામે મહેસૂલની અછતને પૂરી કરવા સરકાર દ્વારા લેવામાં આવતા વધારાના ઋણને લીધે રાજકોષીય ખાધ 8% સુધી જઈ શકે છે.

### રાજકોષીય ખાધમાં વૃદ્ધિનું કારણ

**(1) આવકમાં ઘટાડો :**

- સરકારને એપ્રિલ–જૂન 2020ના સમયગાળામાં ફક્ત રૂ. 1.53 લાખ કરોડ પ્રાપ્ત થયા છે જે બજેટની અંદાજિત આવકના ફક્ત 7% છે.
- રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના કારણે અને આર્થિક પ્રવૃત્તિઓ બંધ થવાને કારણે સરકારની આવક ઘટી છે.
- કેન્દ્ર સરકાર દ્વારા રૂ. 1.34 લાખ કરોડ એ કરમાં રાજ્યોનો ભાગ હોવાથી તેને આપવામાં આવ્યા છે. આ રકમ પણ પાછલા વર્ષ કરતા રૂ. 2,14,588 કરોડ ઓછી છે.

**(2) ખર્ચમાં વધારો :**

- કેન્દ્રનો વર્ષ 2020ના પ્રથમ ત્રિ–માસિક (એપ્રિલ–જૂન)માં રૂ. 8.15 લાખ કરોડ ખર્ચ થયો છે જે બજેટના 27% છે.
- અનાજ વિતરણ અને ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારીના સર્જનને લીધે થયેલો આર્થિક બોજ.
- વર્ષ 2020ના પ્રથમ ત્રિમાસિકમાં મૂડીગત ખર્ચ (Capital Expenditure)માં 40%નો વધારો થયો છે.

**(3) ઋણમાં વધારો :**

- આવકમાં થયેલ ઘટાડો અને ખર્ચમાં થયેલા વધારાને કારણે સરકારે ઉધાર લેવાની જરૂરિયાત પડી છે.
- સરકાર દ્વારા ઋણ લેવા માટેની રકમ રૂ. 12 લાખ કરોડ સુધી વધારી છે જેનો પહેલા રૂ. 7.8 લાખ કરોડ અંદાજ રાખવામાં આવ્યો હતો.
- આથી ઋણમાં થતા વધારાની અસર એ રાજકોષીય ખાધ પર જોવા મળશે.
- વધારે લેવામાં આવતા ઋણની અસર એ અર્થતંત્ર પર થશે, કારણ કે ઋણ પર વ્યાજ ચૂકવવાનું હોય છે. આ વ્યાજની ચૂકવણીને કારણે અન્ય સામાજિક યોજનાઓ કે કાર્યક્રમો પર ઓછો ખર્ચ થશે.

### Back to basics : રાજકોષીય ખાધ વિશે

- સામાન્ય શબ્દોમાં રાજકોષીય ખાધ એટલે સરકારની આવક અને ખર્ચ વચ્ચેનો તફાવત તેની ગણતરી GDPની ટકાવારીના આધારે કરવામાં આવે છે.
- રાજકોષીય ખાધ = સરકારનો કુલ ખર્ચ (મૂડીગત અને મહેસૂલ ખર્ચ) – સરકારની કુલ આવક (મહેસૂલ આવક + ધિરાણની પુન:પ્રાપ્તિ + અન્ય આવક)
- રાજકોષીય ખાધને પહોંચી વળવા કે પૂરી કરવા સરકાર નાણાં ઉધાર લે છે. અર્થાત્ રાજકોષીય ખાધ એ સમગ્ર નાણાકીય વર્ષ માટે ઉધાર/ઋણની જરૂરિયાત દર્શાવે છે.
- નાણાકીય જવાબદારી અને બજેટ મેનેજમેન્ટ એક્ટ, 2003 (Fiscal Responsibility and Budget Management Act, 2003-FRBM Act) મુજબ 31 માર્ચ, 2021 સુધીમાં GDPના 2.8% અને 2023 સુધીમાં GDPના 2.5% કરવાની ભલામણ કરી છે.

## કૃષિ નિકાસના "ટર્મ ઓફ રેફરન્સ" પર રિપોર્ટ

- 15માં નાણા આયોગ દ્વારા કૃષિ નિકાસ પર સ્થાપિત "ઉચ્ચ સ્તરીય સમૂહ" (High Level Group - HLEG) દ્વારા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

તાજેતરમાં આયોગને પોતાનો અહેવાલ સોંપ્યો હતો.

- કૃષિ નિકાસને પ્રોત્સાહન આપવા તથા આયાતને ઘટાડવા સક્ષમ પાકના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા તથા આ દિશામાં રાજ્યો માટે 'માપવા યોગ્ય પ્રદર્શન આધારિત પ્રોત્સાહન'' પ્રણાલી અપનાવવા ભલામણ આપવાના ઉદ્દેશ્યથી HLEGની સ્થાપના કરવામાં આવી હતી.

## ઉચ્ચ સ્તરીય સમૂહની ભલામણો :

**(1) કૃષિ મૂલ્ય શ્રેણી :**

- 22 મુખ્ય પાકોની મૂલ્ય શ્રેણી (Value Chain) પર ધ્યાન આપવાની આવશ્યકતા છે તથા માંગ સંચાલિત દષ્ટિકોણને અનાવવાની આવશ્યકતા છે.
- મૂલ્ય શ્રેણી કલસ્ટરોના સંબંધમાં એકીકૃત દષ્ટિકોણ અપનાવવાની આવશ્યકતા છે તથા કૃષિ ઉત્પાદનોના ''મૂલ્ય વધારા'' પર મુખ્યત્વે ધ્યાન આપવાની જરૂરીયાત છે.

**(2) ખાનગી ક્ષેત્રની ભૂમિકા :**

- ખાનગી ક્ષેત્રના લોકોની મૂલ્યના વધારા માટે માંગ આધારિત અભિગમ વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા છે.
- ખાનગી ક્ષેત્ર એ નિકાસ, અમલીકરણ, ભંડોળ, ટેક્નોલોજીની ઉપલબ્ધતા વગેરે દ્વારા કૃષિ ક્ષેત્રે ભૂમિકા ભજવી શકે છે.

**(3) રાજ્ય આધારિત નિકાસ યોજના :**

- તે કોઈપણ પાકના મૂલ્યની શ્રેણીમાં વૃધ્ધિની દિશામાં કલસ્ટર આધારિત વ્યાવસાયિક યોજના હશે.
- તે મૂલ્ય શ્રેણી આધારિત નિકાસની માંગ પૂરી કરવા આવશ્યક અવસર, પહેલ અને રોકાણ પૂરું પાડવાની દિશામાં કાર્ય કરશે.
- યોજના એ ક્રિયાલક્ષી, સમયબદ્ધ અને પરિણામલક્ષી રહેશે.
- યોજનામાં ખાનગી ક્ષેત્રએ એન્કરના રૂપમાં અને કેન્દ્ર એ સમર્થન આપનારના રૂપમાં ભૂમિકા ભજવવી જોઈએ.
- યોજનાના અમલીકરણ અને સહાયતા માટે સંસ્થાકીય તંત્રને મજબૂત કરવું જોઈએ.

## Back to basics : કૃષિ નિકાસ સંબંધે ભારતની ક્ષમતા અને પડકારો

■ **કૃષિ નિકાસ સંબંધે ભારતની ક્ષમતા :**

- કૃષિના નિકાસ સંબંધે છેલ્લા અમુક વર્ષોમાં ભારતની ક્ષમતા એ 40 બિલિયન ડોલરથી વધીને 70 બિલિયન ડોલર થઈ છે.
- વધારે થતી કૃષિ નિકાસ એ અંદાજે 7.10 મિલિયન નવી રોજગારીનું નિર્માણ કરી શકે છે.
- કૃષિ નિકાસથી કૃષિની ઉત્પાદકતામાં પણ વધારો થશે અને વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યને પૂર્ણ કરવામાં મદદ મળશે.

## કૃષિ નિકાસ સંબંધે પડકારો :

**(1) આયાત માટેના કડક માપદંડો :**

- તાજા ફળ અને શાકભાજી સાથે અન્ય સેનેટરી અને ફાયટોસેનેટરી માપદંડોને અમુક દેશો દ્વારા કઠોર બનાવવામાં આવી રહયા છે.
- જે દેશો ભારત પાસેથી આયાત કરતા હોય તેના માપદંડોનું પાલન કરવું જરૂરી છે અને મુજબ ફકત નોંધાયેલ ખેડૂતો પાસેથી જ પાક ખરીદી શકાય છે.

**(2) આંતરમાળખાકીય પડકારો :**

- કૃષિ ઉત્પાદનો ઝડપથી–ખરાબ થઈ જાય છે. આથી પાકની લણણીના સમયે પોર્ટ પર કન્ટેનરોની ઉપલબ્ધતા હોવી જરૂરી છે. કૃષિ નિકાસ માટે પોર્ટ પર કોઈ સમર્પિત સ્થાન હોતું નથી.

**(3) ફળ-શાકભાજીની ગુણવત્તા :**

- ગુણવત્તાના આધારે અમુક ભારતીય ફળો એ વૈશ્વિક બજારમાં હરીફાઈમાં નથી. આ ઉપરાંત ફળ–શાકભાજીની ગુણવત્તાને આધારે પણ ઘણા દેશોએ ભારત સંબંધે કડક માપદંડો અપનાવ્યા છે જે ભારતથી કૃષિ નિકાસનો મુખ્ય પડકાર છે.

# મુખ્ય ઉદ્યોગોના ઉત્પાદનમાં ઘટાડો

- તાજેતરમાં સતત ચોથા મહિનામાં અર્થાત્ જૂન 2020 સુધીમાં 8 મુખ્ય ઉદ્યોગોના ઉત્પાદનમાં 15%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.

## ઉત્પાદનમાં કુલ ઘટાડો :

- પાછલા વર્ષના સમાન સમયગાળા દરમિયાન અર્થાત્ એપ્રિલ–જૂન 2019માં 3.4%ના સકારાત્મક વૃદ્ધિદરની સરામણીએ એપ્રિલ–જૂન 2020ના સમયગાળામાં આ ક્ષેત્રોમાં 24.6%ના દરથી ઉત્પાદનમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે.
- મે, 2020 સુધી ઉદ્યોગોના ઉત્પાદનમાં 22%નો ઘટાડો

નોંધવામાં આવ્યો છે. જો કે જૂન, 2020માં આ ઘટાડો 15% હતો જે અમુક આર્થિક સુધારાઓ દર્શાવે છે.

### જૂન, 2020માં ઉદ્યોગોનું પ્રદર્શન :

- 8 ઉદ્યોગોમાંથી ખાતર જ એક એવો ઉદ્યોગ છે જેના અંતર્ગત જૂન 2019ની સરખામણીમાં જૂન, 2020માં 4.2%ની વૃદ્ધિ નોંધવામાં આવી છે.
- અન્ય 7 ઉદ્યોગોમાં નીચે પ્રમાણે ઘટાડો નોંધવામાં આવ્યો છે. અર્થાત્ નકારાત્મક વૃદ્ધિ નોંધવામાં આવી છે.

| ઉદ્યોગ | વૃદ્ધિદરમાં ઘટાડો (ટકામાં) (નકારાત્મક વૃદ્ધિ) |
|---|---|
| કોલસા | - 15.5 |
| કાચુ તેલ | - 6.0 |
| કુદરતી ગેસ | - 12 |
| રિફાઈનરી વસ્તુઓ | - 9 |
| સ્ટીલ | - 33.8 |
| સિમેન્ટ | - 6.9 |
| વીજળી | - 11 |

### Back to basics : આઠ મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો અને ઓદ્યોગિક ઉત્પાદન સૂચકાંક વિશે

- 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગમાં કોલસો, કાચું તેલ, કુદરતી ગેસ, રિફાઈનરી વસ્તુઓ, ખાતર, પોલાદ (સ્ટીલ), સિમેન્ટ અને વીજળીનો સમાવેશ થાય છે.
- ઔદ્યોગિક ઉત્પાદનના સૂચકાંક (Index of Industrial Production) અંતર્ગત આ 8 ઉદ્યોગો 40.27% ભાર (Weight) ધરાવે છે. જેના ભારનું વર્ગીકરણ નીચે મુજબ છે.

| ઉદ્યોગ | ભાર (ટકામાં) |
|---|---|
| રિફાઈનરી વસ્તુઓ | 28.04 |
| વીજળી | 19.85 |
| પોલાદ (સ્ટીલ) | 17.92 |
| કોલસો | 10.33 |
| કાચું તેલ (Crude Oil) | 8.98 |
| કુદરતી ગેસ | 6.88 |
| સિમેન્ટ | 5.37 |
| ખાતર | 2.63 |

### ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (Index of Industrial Production - IIP) વિશે

- IIP એ સૂચક છે જે આપેલ સમયગાળા દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદનોના જથ્થામાં થયેલા ફેરફારને માપે છે.
- IIP દર મહિને 'રાષ્ટ્રીય આંકડાકીય કચેરી' (National Statistical Office) દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.
- IIPનું આધાર વર્ષ 2011-12 છે.
- IIP અંતર્ગત 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગો 40.27% ભાર ધરાવે છે.
- નાણા મંત્રાલય, RBI અને સરકારની અન્ય એજન્સીને નીતિ–વિષયક નિર્ણયો લેવામાં IIP મદદરૂપ બને છે.
- GDPના અનુમાન માટે પણ IIPમાં થયેલ ફેરફાર ઉપયોગી નિર્દેશક બને છે.

## નાણાકીય નીતિ સમિતિ દ્વારા નીતિગત દરોમાં કોઈ ફેરફાર નહીં

- તાજેતરમાં RBIના ગર્વનરની અધ્યક્ષતાવાળી નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં નાણાકીય નીતિના મુખ્ય દરોને જેમ છે તેમ યથાવત્ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### ઓગસ્ટ, 2020ની સ્થિતિએ નીતિગત દરોની માહિતી :

| દર | કેટલા ટકા ? |
|---|---|
| રેપો રેટ | 4 |
| માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ અને બેંક રેટ | 4.25 |
| રિવર્સ રેપોરેટ | 3.35 |

### Back to Basics : નાણાકીય નીતિ વિશે

- નાણાકીય નીતિ અર્થવ્યવસ્થામાં વ્યાજ દર, નાણાનો પુરવઠો, ધિરાણની ઉપલબ્ધતા જેવી બાબતોમાં દેશની મધ્યસ્થ બેંકની નીતિનો ખ્યાલ આપે છે.
- નાણાકીય નીતિના વિવિધ સાધનો દ્વારા મધ્યસ્થ બેંક અર્થવ્યવસ્થાને ચલાવે છે. આ ઉપરાંત નાણાકીય નીતિ દ્વારા ભારતમાં RBI એ ફુગાવાને અંકુશમાં રાખે છે. RBIને આ સત્તા 'RBI એક્ટ, 1934' અંતર્ગત પ્રાપ્ત છે.
- ભારતમાં નાણાકીય નીતિ એ 'નાણાકીય નીતિ સમિતિ' દ્વારા

તૈયાર કરવામાં આવે છે. તેમાં RBI અને સરકાર બંનેના સભ્યો હોય છે.

➤ હાલમાં RBI દર બે મહિને નાણાકીય નીતિના સંદર્ભે નિર્ણયો લે છે.

### નાણાકીય નીતિના સાધનો

| | |
|---|---|
| રેપો રેટ | તે એક દર છે જેના દ્વારા RBI બેંકોને સરકારી કે અન્ય માન્ય જામીનગીરીના બદલામાં ધિરાણ આપે છે. |
| સ્ટેટ્યુટરી લિક્વિડિટી રેશિયો (SLR) | બેંકોએ પોતાની 'નેટ ડિમાન્ડ એન્ડ ટાઈમ લાયેબિલિટી (NDTL)'ના આધારે રકમ RBI પાસે સુરક્ષિત રાખવાની હોય છે. આ રકમ એ જામીનગીરી, રોકડ કે સોનાના રૂપમાં હોય શકે. NDTLના અમુક ટકા ઉપરોક્ત રૂપમાં રાખવા જરૂરી છે જે દરને SLR કહે છે. |
| કેશ રિઝર્વ રેશિયો (CRR) | NDTLના ચોક્કસ દરે રકમ રોકડના સ્વરૂપમાં સુરક્ષિત રાખવી પડે છે. આ દરને CRR કહેવામાં આવે છે. |
| બેંક રેટ | બેંકોને કોઈપણ પ્રકારની જામીનગીરી વિના જે દરે RBI ધિરાણ આપે તેને બેંક રેટ કહે છે. |
| માર્જિનલ સ્ટેંડિંગ ફેસિલિટી (MSF) | સામાન્ય રીતે બેંકો NDTL દ્વારા SLR અંતર્ગત જે રકમ રાખી હોય છે તેનો જામીનગીરી તરીકે ઉપયોગ કરી RBI પાસેથી ધિરાણ મેળવી શકે નહીં. પરંતુ SLRમાં રાખેલ રકમના અમુક ટકાની જામીનગીરીનો લોન લેવા માટે ઉપયોગ કરવાની RBI છૂટ આપે છે તેને MSF કહે છે. |

## કિસાન રેલ

➤ તાજેતરમાં ભારતીય રેલવે દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેતા દેશની પ્રથમ કિસાન સ્પેશ્યલ પાર્સલ ટ્રેન અર્થાત્ "કિસાન રેલ"ની શરૂઆત કરી છે.

### કિસાન રેલનો ઉપયોગ :

➤ કિસાન રેલનો ઉપયોગ ફળ, શાકભાજી, માછલી–માંસ અને દૂધ જેવી ઝડપથી બગડી જતી વસ્તુઓના પરિવહન માટે કરવામાં આવશે.

➤ કિસાન રેલમાં વાતાનુકુલિન ડબ્બાઓ બનાવવામાં આવ્યા છે જેના કારણે વસ્તુઓ બગડે નહી અને એક સ્થળથી બીજા સ્થળે કોઈપણ અવરોધ વિના વસ્તુઓને પહોંચાડી શકાય.

### ક્યાં સ્થળો/માર્ગ પર ટ્રેન ચાલશે ?

➤ આ ટ્રેન એ મહારાષ્ટ્ર અને બિહાર વચ્ચે સંચાલિત કરવામાં આવશે.

➤ હાલની સૂચના મુજબ આ ટ્રેન સાપ્તાહિક આધાર પર ચલાવવામાં આવશે.

## વિશિષ્ટ રક્ષા ઉપકરણોના આયાત પર પ્રતિબંધ

➤ તાજેતરમાં રક્ષા મંત્રી દ્વારા રક્ષા ઉત્પાદન બાબતે આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી 101 વસ્તુઓની સૂચિની ઘોષણા કરી છે, જેના આયાત પર રક્ષા મંત્રાલય દ્વારા પ્રતિબંધ લગાવવામાં આવશે.

➤ રક્ષા મંત્રાલયના આ નિર્ણયનો અર્થ છે કે, આ 101 વસ્તુઓની ખરીદી સેના દ્વારા ફક્ત દેશના ઉત્પાદકો પાસેથી કરી શકાશે.

➤ દેશના ઉત્પાદકો એ ખાનગી અથવા જાહેર ક્ષેત્રમાંથી કોઈપણ હોય શકે છે.

➤ આ ઉપરાંત દેશમાં રક્ષા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા હાલના નાણાકીય વર્ષમાં દેશમાંથી ઉપકરણો ખરીદવા રૂ. 52000 કરોડના બજેટની જોગવાઈ કરવામાં આવી છે.

### રક્ષા મંત્રાલય દ્વારા આયાત પરના પ્રતિબંધ અંતર્ગતની વસ્તુઓની સૂચિ :

➤ રક્ષા મંત્રાલય દ્વારા આ સંબંધમાં જાહેર કરવામાં આવેલી સૂચિમાં રક્ષા ક્ષેત્રથી સંબંધિત સામાન્ય વસ્તુઓથી લઈને ઉન્નત તકનિક સંબંધિત વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

➤ સૂચિ અંતર્ગત પોલ્યૂશન કંટ્રોલ વેસલ્સ, લાઈટ ટ્રાંસપોર્ટ એરક્રાફ્ટ, રડાર, અસોલ્ટ રાઈફલ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

➤ આયાત પરનો આ પ્રતિબંધ એ ચરણબદ્ધ રીતે લાગુ કરવામાં આવશે. 101 વસ્તુઓમાંથી 69 વસ્તુઓ પરના આયાત પર


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ડિસેમ્બર મહિનાથી પ્રતિબંધ લગાવવામાં આવશે.

- આવતા ચરણમાં 11 વસ્તુઓના આયાત પર વર્ષ 2021ના અંત સુધીમાં પ્રતિબંધ લગાવવામાં આવશે.
- પછીની 12 વસ્તુઓ પર વર્ષ 2023ના અંતમાં અને અન્ય 8 વસ્તુઓ પર વર્ષ 2024માં પ્રતિબંધ લગાવવામાં આવશે.
- પ્રતિબંધના અંતિમ ચરણમાં લોન્ગ રેન્જ–લેંડ અટેક ક્રૂઝ મિસાઈલનો સમાવેશ કરવામાં આવે છે જેના આયાત પર વર્ષ 2025ના અંત સુધીમાં પ્રતિબંધ લગાવવામાં આવશે.

## In Depth Analysis : સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા

- સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ના અહેવાલ અનુસાર વિશ્વના ટોચના 5 દેશોના લશ્કરી ખર્ચમાં ભારત એ ત્રીજા ક્રમે છે.
- વર્ષ 2019માં ભારતે લશ્કર પર 71.1 બિલિયન ડોલરનો ખર્ચ કર્યો હતો. જે 2018 કરતાં 6.8% વધારે છે.
- પરંતુ ભારત એ સંરક્ષણ ક્ષેત્રના ઉપકરણો માટે વધુ પડતો આધાર એ આયાત પર રાખે છે.
- આયાત પરના વધુ પડતા આધારને લીધે લશ્કરી કટોકટીના સમયે શસ્ત્રો અને તેની ઉપલબ્ધતાનું જોખમ વધી જાય છે.

## આયાત પરની નિર્ભરતાનો વિકલ્પ આત્મનિર્ભરતા

- આયાત પરના આ આધારને ઓછો કરવા દેશમાં જ શસ્ત્રોનું અને સૈન્યની અન્ય જરૂરિયાતો પૂરી કરવા આત્મનિર્ભરતા એક વિકલ્પ છે.
- સંરક્ષણ ક્ષેત્ર આત્મનિર્ભરતા સ્થાપવા માટે "આત્મનિર્ભર ભારત અભિયાન" અંતર્ગત નીચે મુજબના સુધારાઓ સૂચવવામાં આવ્યા છે :

1) રક્ષા / સંરક્ષણ ક્ષેત્ર વિદેશી મૂડી રોકાણની સીમા 49%થી વધારીને 74% કરવામાં આવી છે.
2) પ્રોજેકટ મોનિટરીંગ યુનિટના માધ્યમથી નિશ્ચિત સમયમાં સંરક્ષણ પ્રાપ્તિ અને અન્ય નિર્ણયો લેવામાં આવશે.
3) સરકાર દ્વારા શસ્ત્રોની એક સૂચિ બહાર પાડવામાં આવશે. જેના આયાત પર પ્રતિબંધ રહેશે અને તે ફકત સ્થાનીય બજારમાંથી ખરીદી શકાશે.
4) ઓર્ડનન્સ ફેકટરી બોર્ડના કોર્પોરાઈઝેશન દ્વારા ઓર્ડનન્સના પુરવઠામાં સ્વાયતત્તા, જવાબદારી અને કાર્યદક્ષતા સુધારવામાં આવશે.

## સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન સામેના પડકારો :

- સરકાર દ્વારા અગાઉના વર્ષોમાં સંરક્ષણ સંબંધિત 200થી વધુ પ્રોજેકટની મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ મોટા ભાગના પ્રોજેકટ હજી પણ શરૂઆતના તબક્કામાં છે. અર્થાત્ ઉત્પાદન અને નિર્ણય પ્રક્રિયામાં વધુ સમય લાગે છે.
- ભારતમાં સંરક્ષણ ઉત્પાદન જાહેર ક્ષેત્રો આધારિત છે અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી જોવા મળતી નથી.
- જટિલ શ્રમ કાયદાઓ, કૌશલ્યનો અભાવ એ સ્વદેશી સંરક્ષણના ઉત્પાદનમાં અવરોધ છે અને તેના લીધે જ સીધા વિદેશી મૂડી–રોકાણને આર્કષિત કરવામાં સફળતા પ્રાપ્ત થઈ નથી.
- સરકારના વિભાગો વચ્ચે સંકલનના અભાવને લીધે નિર્ણય પ્રક્રિયામાં વિલંબ થાય છે.
- રિસર્ચ અને ડેવલપમેન્ટ પર થતા ઓછા ખર્ચને લીધે નવી ટેક્નોલોજીનો વિકાસ થતો નથી અને તેના કારણે વધુ પડતો આધાર આયાત પર રાખવો પડે છે.

## સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનમાં આગળનો માર્ગ :

- વિદેશી કંપનીઓ દ્વારા "મેક ઈન ઈન્ડિયા" અંતર્ગત ભારતમાં કરવામાં આવતા ઉત્પાદન સાથે નવી ટેક્નોલોજીને અપગ્રેડ કરવાના કરારો પણ કરવા જરૂરી છે.
- ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) એ સંરક્ષણ ક્ષેત્રની જરૂરિયાતોની ઓળખ કરવા અને સંકલન સાધવા ઉપયોગી બની રહે છે.
- ઓર્ડનન્સ ફેકટરીઓનું આધુનિકીકરણ કરવું જરૂરી છે.
- સંરક્ષણ ક્ષેત્રના સ્વદેશી ઉત્પાદનની સાથે તેના નિકાસને પણ પ્રોત્સાહન આપવું જરૂરી છે.
- સંરક્ષણ ઉત્પાદન અંતર્ગત ખાનગી ક્ષેત્રોની ભાગીદારી વધારવી તથા સ્ટાર્ટ અપ્સને પણ પ્રોત્સાહન આપવું જરૂરી છે.
- આ સમગ્ર સુધારાઓ અને તેનું અસરકારક અમલીકરણ એ મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત અભિયાનને સફળ બનાવવામાં મદદરૂપ બનશે.

# અરુણોદય

- આસામ રાજ્ય સરકાર એ 2 ઓકટોબર, 2020થી "અરુણોદય યોજના" લાગુ કરવા જઈ રહી છે.
- આ યોજના દ્વારા રાજ્યના લગભગ 17 લાખ કુટુંબોને

નાણાકીય સહાય આપવામાં આવશે. આ નાણાકીય સહાય એ "ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર" (DBT)ના માધ્યમથી આપવામાં આવશે.

### અરુણોદય યોજનાની મુખ્ય બાબતો :

- આ યોજના અંતર્ગત લાભાર્થી કુટુંબોને અનાજ અને જરૂરી ખાદ્ય વસ્તુઓ ખરીદવા માટે માસિક રૂ. 830ની નાણાકીય સહાય આપવામાં આવશે.
- સરકાર દ્વારા પ્રતિ માસ આ યોજના માટે રૂ. 210 કરોડનો ખર્ચ કરવામાં આવશે.
- યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય એ ગરીબ અને BPL પરિવારોની નાણાકીય સમસ્યાને સમાધાન કરવાનો છે.
- લાભાર્થીઓને દર મહિનાની પ્રથમ તારીખે યોજના અંતર્ગતની લાભની રકમ મળી જશે.
- લાભ મેળવવા માટે અરજી કરતા લોકો રાજ્યના હોવા જોઈએ તથા રાજ્યમાં જ રહેતા હોવા જોઈએ.
- આ ઉપરાંત લાભાર્થીના ઘરની વાર્ષિક આવક એ રૂ. 2 લાખ કરતા વધુ હોવી જોઈએ નહી.

## પારદર્શી કરવેરા-ઈમાનદારનું સમ્માન "Transparent Taxation-Honoring the Honest"

- તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રી દ્વારા "પારદર્શી કરવેરા–ઈમાનદારી સમ્માન" મંચ લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ નવી વ્યવસ્થાનો ઉદ્દેશ્ય એ કર વ્યવસ્થાને સુગમ, સરળ અને ફેસલેસ બનાવવાનો છે.
- આ ઉપરાંત 21મી સદીના કરવેરા પ્રણાલીની આવશ્યકતાઓ પૂરી કરવા માટે આ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવેલ છે.

### "પારદર્શી કરવેરા-ઈમાનદારનું સમ્માન"ની મુખ્ય બાબતો :

- આ મંચ અંતર્ગત ફેસલેસ અસેસમેન્ટ તથા કરદાતા ચાર્ટર જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ફેસલેસ અસેસમેન્ટ મુજબ તપાસ નોટિસ, સર્વેક્ષણ કે મૂલ્યાંકન જેવી બાબતોમાં કરદાતા અને આવકવેરા અધિકારી વચ્ચે સીધા સંપર્કની આવશ્યકતા નહી હોય.
- ફેસલેસ અસેસમેન્ટ અને કરદાતા ચાર્ટરની શરૂઆત કરી દેવામાં આવી છે, જ્યારે 25 સપ્ટેમ્બરથી દીન દયાલ ઉપાધ્યાયની જયંતીના અવસર પર પૂરા દેશમાં "ફેસલેસ અપીલ"ની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- કરદાતા ચાર્ટર એ ઉચિત, વિનમ્ર અને તર્કસંગત વ્યવહારનું અશ્વાસન આપે છે.
- કરદાતા ચાર્ટર એ કરદાતાની ગરિમા અને સંવેદનશીલતાને બનાવી રાખવા પર ધ્યાન આપે છે અને એવા ભરોસા પર આધારિત છે કે કોઈ આધાર વિના કરદાતા પર કોઈપણ શંકા કરવામાં ન આવે.

## પેટીએમ મની દ્વારા સ્ટોક ટ્રેડિંગ સર્વિસ લોન્ચ કરવામાં આવી

- તાજેતરમાં પેટીએમ (Paytm) મની દ્વારા સ્ટોક ટ્રેડિંગ સર્વિસ શરૂ કરવામાં આવી છે.
- આ પ્લેટફોર્મ પર કેશ ડિલિવરી ટ્રેડ એ ફ્રી સર્વિસ તરીકે આપવામાં આવશે, જ્યારે ઈન્ટ્રાડે ટ્રેડ માટે પેટીએમ દ્વારા રૂ. 10 ફી તરીકે વસૂલ કરવામાં આવશે.

### પેટીએમ દ્વારા સ્ટોક ટ્રેડિંગ સર્વિસની મુખ્ય બાબતો :

- આ પ્લેટફોર્મ પર પેટીએમ દ્વારા વિશેષ સુવિધાઓ આપવામાં આવી છે, જે નીચે મુજબ છે :

(1) આ સર્વિસ અંતર્ગત સ્ટોક ટિકર્સ યાદ રાખવાની જરૂર રહેશે નહીં, તે ફકત નામ દ્વારા ઉપલબ્ધ હશે. ટિકર્સ એ કોઈ સ્ટોક કે શેરને આપવામાં આવતો કોડ છે.

(2) સંપૂર્ણ ડિજિટલ KYC અને અકાઉન્ટ શરૂ કરવા 100% પેપરલેસ પ્રક્રિયા.

(3) માર્કેટ રિસર્ચ, સ્ટોક ટ્રેડિંગ અથવા લાંબાગાળાના રોકાણની સુવિધા.

(4) 50 સ્ટોક માટે કિંમત એલર્ટ (Price Alert)ની પણ વ્યવસ્થા અર્થાત્ એપ્લિકેશન એ નક્કી કરેલી કિંમત પહોંચતા નોટિફિકેશન આપશે.

## ગુજરાતમાં "મુખ્યમંત્રી કિસાન સહાય યોજના" શરૂ કરવામાં આવી

- તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા "મુખ્યમંત્રી કિસાન સહાય

યોજના" શરૂ કરવામાં આવી છે. આ યોજના એ રાજ્યમાં વર્તમાન વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનું સ્થાન લેશે.

### મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાની મુખ્ય બાબતો :

- યોજના દ્વારા કુદરતી આપત્તિના પ્રસંગોએ ખેડૂતોને થતા નુકસાન માટે તથા ખરીફ ઋતુમાં કુદરતી આપત્તિથી થયેલ પાક નુકસાન સામે સરળતાથી લાભ આપવા આ યોજના શરૂ કરવામાં આવી છે.
- યોજના અંતર્ગત રાજ્યના નાના, મોટા અને સીમાંત એમ બધા જ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે.
- યોજના માટે ખેડૂતોએ કોઈ જ પ્રીમિયમ ભરવાનું રહેશે નહી.
- આ યોજના એ ખરીફ પાક-2020થી લાગુ કરવામાં આવશે. અને લાભ લેવા ખેડૂતોએ જે તે ખરીફ ઋતુમાં વાવેતર કરેલુ હોવુ જોઈએ.

### યોજના અંતર્ગત સહાયના ધોરણો :

(1) ખરીફ ઋતુમાં થયેલ પાક નુકશાનના 33%-60% માટે રૂ. 20000 પ્રતિ હેકટર માટે વધુમાં વધુ 4 હેકટરની મર્યાદામાં મળવાપાત્ર થશે.

(2) ખરીફ ઋતુમાં થયેલ પાક નુકસાનના 60%થી વધુ નુકશાન માટે રૂ. 25000 પ્રતિ હેકટર માટે વધુમાં વધુ 4 હેકટરની મર્યાદામાં મળવાપાત્ર થશે.

### પાક નુકસાન અંતર્ગત ગામો, તાલુકા અથવા વિસ્તાર જાહેર કરવાની પ્રક્રિયાની માહિતી :

- અનાવૃષ્ટિ (દુષ્કાળ), અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદ (માવઠું)ના કારણે પાકને નુકસાન થયા તેવા અસરગ્રસ્ત ગામો, તાલુકા અથવા વિસ્તારની યાદી જિલ્લા કલેકટર દ્વારા તૈયાર કરવામાં આવશે.

## નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન માટે ડેશબોર્ડ

- તાજેતરમાં નાણા મંત્રી દ્વારા નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP) માટે એક ઓનલાઈન ડેશબોર્ડની શરૂઆત કરી હતી.
- આ ઓનલાઈન ડેશબોર્ડની કલ્પના એ નવા ભારતમાં આધારભૂત પ્રોજેકટથી સંબંધિત જાણકારીઓ પ્રાપ્ત કરવા હેતુ બધા હિતધારકો માટે વન સ્ટોપ સોલ્યુશનના રૂપમાં કરવામાં આવી છે.
- આ ડેશબોર્ડ એ ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ ગ્રિડ (IIG) (Indiainvestmentgrid.gov.in) પર કાર્ય કરે છે.

### નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP) પર અંતિમ અહેવાલ

- NIP માટે રચવામાં આવેલી ટાસ્ક ફોર્સે પોતાનો અંતિમ અહેવાલ એ નાણામંત્રીને આપ્યો હતો.
- નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન પ્રોજેક્ટ એ માળખાગત (Infrastructure) સુવિધાઓના વિકાસ સાથે સંકળાયેલ છે.

### ટાસ્ક ફોર્સના અહેવાલની મુખ્ય બાબતો :

- આ અહેવાલ એ વર્ષ 2020-2025 સાથે સંબંધિત છે.
- NIP અંતર્ગત નાણામંત્રીએ વર્ષ 2019-20ના બજેટમાં આગામી 5 વર્ષ માટે રૂ. 102 લાખ કરોડના રોકાણની જાહેરાત કરી હતી.
- કેન્દ્રીય મંત્રાલયો/રાજ્ય સરકારોએ પ્રદાન કરેલ વધારાના/સંશોધિત આંકડાઓ ધ્યાનમાં રાખી ટાસ્ક ફોર્સનો અહેવાલ વર્ષ 2020-25 માટે રૂ. 111 લાખ કરોડ ખર્ચ કરવાનું સૂચવે છે.
- NIP અંતર્ગત કેન્દ્ર 39%, રાજ્યો 40% અને ખાનગી ક્ષેત્રો 21% હિસ્સો ધરાવશે તેવી આશા છે.
- અહેવાલે કોર્પોરેટ બોન્ડ બજારોને વધારે સઘન બનાવીને NIPના ધિરાણની રીતો અને માધ્યમો પણ સૂચવ્યા છે. દા.ત. મ્યુનિસિપલ બોન્ડ, વિકાસલક્ષી ધિરાણ સંસ્થાની રચના.
- કુલ અપેક્ષિત મૂડી ખર્ચ રૂ. 111 લાખ કરોડનું વર્ગીકરણ અને તે કયાં તબક્કામાં છે તેની માહિતી નીચે મુજબ છે :

| પ્રોજેક્ટની રકમ | તબક્કો |
|---|---|
| 44 લાખ કરોડ | અમલીકરણ |
| 33 લાખ કરોડ | વિભાવના (Conceptual) તબક્કામાં |
| 22 લાખ કરોડ | વિકાસના તબક્કામાં |
| 11 લાખ કરોડ | માહિતી ઉપલબ્ધ નથી |

➤ ટાસ્ક ફોર્સના અહેવાલ મુજબ માળખાગત રોકાણ ધરાવતા પ્રોજેક્ટમાં ઊર્જા (24%), માર્ગ (18%), શહેરી (17%), રેલવે (12%) જેવા ક્ષેત્રો 71% હિસ્સો ધરાવે છે.

➤ ટાસ્ક ફોર્સે ત્રણ સમિતિઓની રચના કરવાની ભલામણ કરી છે.

1. NIP પ્રગતિ પર નજર રાખવા અને વિલંબો દૂર કરવા એક સમિતિ
2. અનુવર્તી અમલીકરણ માટે દરેક માળખા માટે મંત્રાલય સ્તરે સંચાલન સમિતિ
3. NIP માટે નાણાકીય સંસાધનો એકઠા કરવા આર્થિક બાબતોના વિભાગમાં સંચાલન સમિતિ

### Back to Basics :

### નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP) વિશે

➤ માળખાગત સુવિધાઓનો વિકાસ કરવા અને તેની પાછળ રોકાણ વધારવાના હેતુથી નાણા મંત્રીએ વર્ષ 2019-20ના બજેટમાં તેની જાહેરાત કરી હતી.

➤ તે સમયે 5 વર્ષ માટે માળખાગત સુવિધાના પ્રોજેક્ટ પાછળ 102 લાખ કરોડ ખર્ચ કરવાનો લક્ષ્ય હતો.

➤ NIP દેશભરમાં વૈશ્વિક કક્ષાનું માળખું પ્રદાન કરવા તથા તમામ નાગરિકો માટે જીવનની ગુણવત્તા સુધારવાની કવાયત છે.

➤ તેનો ઉદ્દેશ પ્રોજેક્ટની તૈયારીમાં સુધારો કરવાનો, માળખાગત ક્ષેત્રમાં રોકાણને આકર્ષવાનો અને ભારતને 2024 સુધીમાં 5 ટ્રિલિયન ડોલર ઈકોનોમી બનાવવાનો છે.

## BSE દ્વારા ગુજરાતના આઈ-હબ સાથે ભાગીદારી

➤ તાજેતરમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) દ્વારા ગુજરાત સરકારના આઈ–હબ (i-Hub) ઈન્ક્યુબેશન સાથે કરાર કર્યો છે.

➤ આઈ–હબ એ ગુજરાત સરકાર દ્વારા સ્ટાર્ટ–અપ કંપનીઓને મૂડી ઊભી કરવા માટે સ્થાપવામાં આવેલ પ્લેટફોર્મ છે.

➤ આ કરાર મુજબ BSE દ્વારા સ્ટાર્ટ–અપ્સને બ્રાન્ડિંગ અને વિશ્વસનીયતા ઉભી કરવા માટે સહાયતા કરવામાં આવશે.

➤ BSE દ્વારા એવી ઈકોસિસ્ટમ પૂરી પાડવામાં આવશે જેનાથી સ્ટાર્ટ–અપ્સ એ ભંડોળ/મૂડી પ્રાપ્ત કરી શકે.

### આઈ-હબ વિશેની મુખ્ય બાબતો :

➤ આઈ–હબ એ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થી સ્ટાર્ટ–અપ નવીનતા નીતિ હેઠળ સ્થાપિત કરવામાં આવેલ વાઈબ્રન્ટ ઈન્ક્યુબેશન સેટઅપ છે.

➤ આઈ–હબ એ મુખ્યત્વે રાજ્યના આર્થિક વિકાસ માટે ઉત્પ્રેરક તરીકે સ્ટાર્ટ–અપ્સ વિકસાવવા પર કેન્દ્રિત છે. તે સ્ટાર્ટ–અપ્સના વિકાસ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ પ્રદાન કરે છે.

## રેશમ પ્રશિક્ષણ અને ઉત્પાદન કેન્દ્ર

➤ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા અરુણાચલ પ્રદેશમાં દેશના પ્રથમ રેશમ પ્રશિક્ષણ અને ઉત્પાદન કેન્દ્રની સ્થાપનાનો નિર્ણય લીધો છે.

➤ આ કેન્દ્રને સપ્ટેમ્બર, 2020ના પ્રથમ સપ્તાહમાં લોન્ચ કરવામાં આવશે.

➤ આ માટે ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ એ હેન્ડલુમ અને રેશમ રીલિંગ જેવી મશીનરી પણ પ્રદાન કરશે.

➤ આ કેન્દ્ર એ 25 સ્થાનીય કારીગરોને પ્રશિક્ષણ આપશે અને આ ક્ષેત્રમાં વણાટની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપશે.

### અરુણાચલ પ્રદેશમાં રેશમ :

➤ અરુણાચલ પ્રદેશ એ ઉત્તર પૂર્વનું સૌથી મોટું રાજ્ય છે જયાં સેરીકલ્ચર (રેશમની ખેતી)ની સૌથી વધુ સંભાવનાઓ છે.

➤ અરુણાચલ પ્રદેશમાં રેશમની બધી ચાર જાતો જેમકે મલબેરી, ઓક તસર, એરી અને મુગાનું ઉત્પાદન કરે છે.

➤ ઓક તસરનું ઉત્પાદન ઊંચાઈ ધરાવતા ક્ષેત્રોમાં થાય છે જ્યારે એરી અને મુગાનું તળેટીના ક્ષેત્રોમાં ઉત્પાદન થાય છે.

### ભારતમાં રેશમનું ઉત્પાદન :

➤ ભારત એ દુનિયામાં રેશમનું ઉત્પાદન કરતો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.

➤ રેશમની અનેક જાતો મુજબ તેમનો ઉત્પાદનમાં નીચે મુજબનો હિસ્સો જોવા મળે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

| રેશમનો પ્રકાર | ઉત્પાદનમાં હિસ્સો (ટકામાં) |
|---|---|
| મલબેરી | 74.51 |
| એરી | 16.5 |
| તસર | 8.5 |
| મુગા | 0.55 |

➤ ભારત એ રેશમની નિકાસ એ USA અને અન્ય યુરોપિયન દેશોને કરે છે.

## ભારતમાં જૈવિક કૃષિ

➤ તાજેતરમાં કૃષિ મંત્રાલય દ્વારા "જૈવિક કૃષિ" (Organic Farming) સંબંધિત આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા.

➤ COVID-19 મહામારીના કારણે દુનિયામાં સ્વાસ્થ્યવર્ધક અને સુરક્ષિત ભોજનની માંગ પહેલા કરતા નિરંતર વધી રહી છે. આથી આ સ્થિતિમાં ખેડૂતો, ઉપભોક્તાઓ અને પર્યાવરણ માટે જૈવિક કૃષિના ક્ષેત્રમાં પ્રગતિ કરવી એ ઘણું મહત્ત્વપૂર્ણ છે.

### ભારતમાં જૈવિક કૃષિ સંબંધિત તથ્યો :

➤ ભારત એ જૈવિક ખેડૂતોની કુલ સંખ્યાની બાબતમાં "પ્રથમ સ્થાન" પર છે, અને જૈવિક કૃષિ અંતર્ગતના કુલ ક્ષેત્રફળની દષ્ટિએ 9માં સ્થાન પર છે.

➤ સિક્કિમ એ પારંપરિક રૂપથી જૈવિક રહયું છે, અને અહીં ખાતરોનો વપરાશ, દેશના બાકીના ભાગોની સરખામણીએ ઘણો ઓછો છે.

➤ આવી જ રીતે આદિવાસી કે જનજાતીય અને દ્વીપ ક્ષેત્રોને પોતાની જૈવિક પ્રવૃત્તિઓ નિરંતર ચાલુ રાખવા પ્રોત્સાહિત કરવામાં આવી રહયા છે.

➤ ભારતથી કરવામાં આવતી જૈવિક નિકાસમાં મુખ્યત્ત્વે અળસીના બીજ, સોયાબીન, ચા, ઔષધીય છોડ, ચોખા અને કઠોળનો સમાવેશ થાય છે.

### જૈવિક કૃષિને પ્રોત્સાહિત કરવા સરકારના કાર્યક્રમો :

➤ જૈવિક કૃષિને અપનાવવામાં ખેડૂતોની સહાયતા કરવા અને પ્રીમિયમ મૂલ્યોના બદલે મહેનતાણું વધારવા તથા રસાયણ મુકત ખેતીને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી વર્ષ 2015માં બે વિશેષ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. જે નીચે મુજબ છે.

(1) પૂર્વોત્તર ક્ષેત્ર માટે મિશન જૈવિક મૂલ્ય શ્રેણી વિકાસ (Mission Organic Value Chain Development for North East Region-MOVCD)

(2) પરંપરાગત કૃષિ વિકાસ યોજના (Paramparagat Krishi Vikas Yojna-pkvy)

➤ MOVCD અને PKVY બંને ઘરેલુ નિકાસ બજારને લક્ષિત કરતા ક્રમશઃ સહભાગિતાપૂર્ણ ગેરેંટી પ્રણાલી (Participatory Gurantee System-PGS) અને જૈવિક ઉત્પાદન માટે રાષ્ટ્રીય કાર્યક્રમ (National Programm for Organic Production-NPOP) અંતર્ગત પ્રમાણીકરણને પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે.

### Back to basics : જૈવિક કૃષિ એ શું છે ?

➤ જૈવિક કૃષિ એક એવી કૃષિ પ્રણાલી છે, જેમાં રાસાયણિક ખાતરો અને કીટનાશક દવાઓના સ્થાન પર જૈવિક ખાતર કે પ્રાકૃતિક ખાતરોનો ઉપયોગ કરવામાં આવે છે.

➤ તે કૃષિની એક પારંપરિક વિધિ છે, જેમાં ભૂમિના ખાતરમાં સુધાર, જૈવ વિવિધતા સંરક્ષણ, જૈવિક ચક્ર અને માટીની જૈવિક ગતિવિધિ સહિત કૃષિ પારિસ્થિતિકી તંત્રના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવામાં આવે છે.

## ઈન બોન્ડ મેન્યુફેકચર એન્ડ અધર ઓપરેશન્સ

➤ તાજેતરમાં કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના રાજ્ય મંત્રીઓ કેન્દ્રીય અપ્રત્યક્ષ કર અને સીમા શૂલ્ક બોર્ડ (Central Board of Indirect Taxes and Customs-CBIC) ની 'ઈન બોન્ડ મેન્યુફેકચર એન્ડ અધર ઓપરેશન્સ''ની વેબએક્સ ઈવેન્ટની અધ્યક્ષતા કરી હતી.

➤ આ કાર્યક્રમનું આયોજન CBIC દ્વારા અમેરિકા–ભારત વ્યૂહાત્મક ભાગીદારી ફોરમ અને મેન્યુફેકચર્સ એસોસિએશન ફેર ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના સહયોગથી કરવામાં આવ્યું હતું.

### ઈન બોન્ડ મેન્યુફેકચર યોજનાના લાભો :

➤ ઈન બોન્ડ મેન્યુફેકચરની સીમા શુલ્ક વ્યવસ્થામાં મૂડીગત સામાનની સાથે કાચો માલ કે ઈન બોન્ડ મેન્યુફેકચરમાં

ઉપયોગ થતા અન્ય સામાન પર અલગ–અલગ દરથી આયાત શૂલ્ક લગાવવામાં આવે છે.

- જો તૈયાર માલની નિકાસ કરવામાં આવે છે તો તેના પર આયાત શૂલ્ક પાછી કરી દેવામાં આવે છે, પરંતુ જો તૈયાર માલને ઘરેલું બજારમાં વેચવાની મંજૂરી આપવામાં આવે છે તો ઉપયોગ થતા કાચા માલ પર આયાત શૂલ્ક ચૂકવવાપાત્ર છે.

## કૃષિ માળખાગત ભંડોળ
## (Agriculture Infrastructure Fund)

- તાજેતરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા એક લાખ કરોડ રૂપિયાના કૃષિ માળખાગત ભંડોળ અંતર્ગત નાણાકીય પોષણ સુવિધાની એક નવી યોજનાની શરૂઆત કરી હતી.
- આ યોજનાનો આરંભ ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા હેતુ સરકાર દ્વારા ચલાવવામાં આવતા ''આત્મનિર્ભર ભારત''ના એક ભાગના રૂપમાં કરવામાં આવેલ છે.

### Back to basics : કૃષિ માળખાગત ભંડોળ વિશે :

- આ એક અખિલ ભારતીય કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.
- કૃષિ માળખાગત નિધિ વ્યાજ માફી તથા ઋણ ગેરેંટીના માધ્યમથી પાક ઉપરાંત વ્યવસ્થાપન માળખાકીય અને સામુદાયિક કૃષિ સંપત્તિઓ માટે વ્યવહાર્ય પ્રોજેક્ટમાં રોકાણ કરવા એક મધ્યમ–લાંબાગાળાની ઋણ નાણા પોષણ સુવિધા છે.
- આ યોજનાનો સમયગાળો નાણાકીય વર્ષ 2020થી 2029 (10 વર્ષ)નો છે.

### યોજના અંતર્ગત પાત્રતા :

- આ યોજના અંતર્ગત બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા એક લાખ કરોડ રૂપિયા ઋણના રૂપમાં પ્રાથમિક કૃષિ ઋણ સમિતિઓ, માર્કેટિંગ સહકારી સમિતિઓ, ખેડૂત ઉત્પાદક સંગઠનો, સ્વ–સહાય સમૂહો, ખેડૂતો, સંયુક્ત જવાબદારી સમૂહો (Joint Liability Group), બહુઉદ્દેશી સહકારી સમિતિ, કૃષિ ઉદ્યમિઓ, સ્ટાર્ટ–અપ વગેરેને ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ નાણાકીય સુવિધા અંતર્ગત બધા પ્રકારના ઋણોમાં પ્રતિ વર્ષ 2 કરોડ રૂપિયાની સીમા સુધી વ્યાજમાં 3%ની છૂટ આપવામાં આવશે. આ છૂટ મહત્તમ 7 વર્ષો માટે ઉપલબ્ધ હશે.

## પ્રાથમિકતા ક્ષેત્ર ઋણ
## (Priority Sector Lending)

- તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા સ્ટાર્ટ–અપ ક્ષેત્રને ઋણ પ્રાપ્ત કરવા હેતુ પ્રાથમિકતા ક્ષેત્ર ઋણ (Priority Sector Lending-PSL) દરજ્જો આપ્યો હતો.
- RBIના નિર્ણયથી સ્ટાર્ટ–અપને સરળતાથી ઋણ મેળવવાનો માર્ગ એ વધુ મોકળો બનશે.

### Back to basics : પ્રાથમિકતા ઋણ ક્ષેત્ર વિશે :

- તેનો અર્થ એવા ક્ષેત્રોથી છે, જેને ભારત સરકાર અને RBI એ દેશની માળખાકીય જરૂરિયાતોના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ માને છે. તથા તેમને અન્ય ક્ષેત્રોની સરખામણીમાં પ્રાથમિકતા આપવામાં આવે છે.
- બેંકોને આ ક્ષેત્રોના વિકાસ માટે પ્રોત્સાહિત કરવા માટે પર્યાપ્ત અને સમય પર ઋણ આપવા જણાવવામાં આવે છે.

### પ્રાથમિકતા ઋણ ક્ષેત્ર હેતુ બેંકોને RBIના દિશાનિર્દેશો :

(1) વાણિજ્યક બેંકો દ્વારા આપવામાં આવેલ કુલ શુદ્ધ ઋણના 40% એ પ્રાથમિકતા ક્ષેત્રોને આપવું જરૂરી છે.

(2) પ્રાથમિકતા ક્ષેત્રમાં આપવામાં આવતા ઋણના 10% અથવા કુલ શુદ્ધ બેંક ઋણના 10% જે પણ વધુ હોય તે નબળા વર્ગોને આપવા જરૂરી છે.

(3) કુલ શુદ્ધ બેંક ઋણના 18% એ કૃષિ ક્ષેત્રને આપવું જરૂરી છે. કૃષિ માટે 18%ના લક્ષ્ય અંતર્ગત લઘુ અને સીમાંત ખેડૂતો માટે સમાયોજિત કુલ બેંક ઋણ (Adjusted Net Bank Credit-ANBC)ના 8%નો લક્ષ્ય રાખવામાં આવેલ છે.

| પ્રાથમિકતા ઋણ ક્ષેત્ર અંતર્ગતના ક્ષેત્રો | |
|---|---|
| (1) | કૃષિ |
| (2) | સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો |
| (3) | નિકાસ ઋણ |
| (4) | શિક્ષા |
| (5) | આવાસ |
| (6) | સામાજિક આંતરમાળખું |
| (7) | નવીનીકરણ ઊર્જા |
| (8) | અન્ય |

# 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ

## આંતરરાષ્ટ્રીય નાણા કોર્પોરેશન

- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય નાણાં કોર્પોરેશન (International Financial Corporation) દ્વારા "એન્ડિયા પાર્ટનર્સ" ફંડ-II (Endiya Partners Fund II)માં 10 મિલિયન ડોલનું રોકાણ કરવાની ઘોષણા કરી હતી.

### Back to basics : આંતરરાષ્ટ્રીય નાણા કોર્પોરેશન વિશે :

- તે એક આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા છે જે વિકાસશીલ દેશોમાં ખાનગી ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહિત કરવા માટે રોકાણ, સલાહકાર અને સંપત્તિ વ્યવસ્થાપન સેવાઓ આપે છે.
- આંતરરાષ્ટ્રીય નાણા કોર્પોરેશન એ વિશ્વ બેંક સમૂહનો ભાગ છે અને તેનું મુખ્યાલય એ વોશિંગ્ટન ડી. સી. (USA) ખાતે આવેલ છે.
- તેની સ્થાપના વર્ષ 1956માં વિશ્વ બેંક સમૂહની ખાનગી ક્ષેત્રીય શાખાના રૂપમાં કરવામાં આવી હતી, તથા તેનો ઉદ્દેશ્ય ગરીબીને ઓછી કરી વિકાસને પ્રોત્સાહન આપવા ફક્ત લાભકારી તથા વ્યાવસાયિક પ્રોજેક્ટમાં રોકાણ કરી આર્થિક વિકાસને આગળ વધારવાનો છે.
- આંતરરાષ્ટ્રીય નાણા કોર્પોરેશનની માલિકી તથા વહીવટ સભ્ય દેશો દ્વારા કરવામાં આવે છે, પરંતુ તેના કાર્ય–સંચાલન માટે તેનું ખાનગી કાર્યકારી કાર્યાલય અને કર્મચારીઓ છે.
- આ સંસ્થા વિભિન્ન પ્રકારના ઋણ તથા ઈક્વિટી ફાયનાન્સની સેવાઓ આપે છે અને કંપનીઓને ઋણ જોખમનો સામનો કરવા સહાયતા કરે છે.

## સિંધુ જળ કરાર
## (Indus Water Treary-IWT)

- તાજેતરમાં પાકિસ્તાન દ્વારા ભારત–પાસ્તિાન સીમાની નજીક અટારી ચેકપોસ્ટ પર સિંધુ જળ કરાર (IWT)થી સંબંધિત વિષયો પર બેઠક આયોજિત કરવાની માંગણી કરી હતી, જેના પર ભારતે મનાઈ કરી હતી.
- ભારત દ્વારા ઉપરોક્ત વિષય પર વાર્તા હેતુ માર્ચ મહિનામાં એક વર્ચ્યુઅલ કોન્ફરન્સની ભલામણ કરી હતી, પરંતુ પાકિસ્તાને સામે–સામે બેસી વાતચીત કરવા પર જોર આપ્યું હતું.
- ભારત અનુસાર, COVID-19 મહામારીને કારણે વિવિધ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ છે, આથી, વાતચીત માટે સીમા સુધી યાત્રા કરવી ઉચિત નથી.

### સિંધુ જળ કરાર બેઠક શું છે ?

- આ બેઠકનું આયોજન બંને દેશોના સિંધુ જળ કમિશનરોના નેતૃત્ત્વમાં કરવામાં આવે છે તથા આ બેઠકોમાં સિંધુ નદી પ્રણાલીથી સંબંધિત બાંધો અને જળવિદ્યુત પ્રોજેક્ટના નિર્માણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવે છે.
- બંને દેશો વચ્ચે સિંધુ જળ કરાર સંબંધિત નવો વિવાદ જમ્મુ –કશ્મીરના કિસ્તવાડ જિલ્લામાં ચિનાબ નદી પર રાતલે પ્રોજેક્ટ નિર્માણ સંબંધી તકનિકી પાસાંઓ પર મતભેદને લઈને ઉત્પન્ન થયો છે.
- પ્રોજેક્ટના ડિઝાઈન ધોરણો સંબંધિત વિવાદોના સમાધાન માટે ભારતે એક "તટસ્થ" પક્ષની નિયુક્તિનો પ્રસ્તાવ કર્યો છે, જ્યારે પાકિસ્તાન મધ્યસ્થતા ન્યાયાલયના માધ્યમથી વિવાદનું સમાધાન લાવવાના પક્ષમાં છે.

### Back to basics : સિંધુ જળ કરાર વિશે :

- આ એક જળ–વિતરણ કરાર છે, જેન પર વર્ષ 1960માં વિશ્વ બેંકની મધ્યસ્થતાથી ભારતના પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અયૂબ ખાને હસ્તાક્ષર કર્યા હતા.
- કરાર મુજબ ત્રણ પૂર્વી નદીઓ રાવી, બિયાસ અને સતલુજના પાણી પર ભારતને સંપૂર્ણ નિયંત્રણ આપવામાં આવ્યો છે.
- કરાર મુજબ પાકિસ્તાનને પશ્ચિમી નદીઓ સિંધુ, ચિનાબ અને ઝેલમના પાણીનો નિયંત્રણ આપવામાં આવેલ છે.
- સંધિ મુજબ, પાકિસ્તાન અને ભારતના જળ કમિશનરોને વર્ષમાં બે વખત મળવા તથા પ્રોજેક્ટના સ્થળો અને નદી પર કવરામાં આવતા મહત્ત્વપૂર્ણ કાર્યોના તકનિકી પાસાંઓ વિશે સૂચિત કરવા જરૂરી છે.
- કરાર મુજબ બંને પક્ષોએ જળપ્રવાહ તથા ઉપયોગ કરવામાં આવતા પાણીની માત્રાનું વર્ણન વહેંચવાનું હોય છે.
- આ કરારમાં બંને દેશો વચ્ચે નદીઓના ઉપયોગના સંબંધમાં સહયોગ અને સૂચનાના આદાન–પ્રદાન માટે એક પ્રણાલી સ્થાપિત કરવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ભારત એરફાયબર

- તાજેતરમાં કેન્દ્રીય સંચાર મંત્રી દ્વારા મહારાષ્ટ્રના આકોલમાં "ભારત એરફાયબર સેવાઓ" (BHARAT AIRFIBER SERVICES) સેવાઓનું ઉદ્દઘાટન કર્યું હતું.
- આ સેવાઓના માધ્યમથી મહારાષ્ટ્રના આકોલા અને વાશિમ જિલ્લામાં વાયરલેસ ઈન્ટરનેટ કનેકશનની સુવિધાઓ પહોંચાડવામાં આવશે.

### ભારત એરફાયબર સેવાની અન્ય માહિતી :

- ભારત એરફાયબર સેવા એ ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) દ્વારા ભારત સરકારની ડિજિટલ ઈન્ડિયા પહેલના એક ભાગના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.
- સેવાનો ઉદ્દેશ્ય એ BSNL ઉપલબ્ધ હોય તેવા સ્થળોથી 20 કિમીના ક્ષેત્રમાં વાયરલેસ ઈન્ટરનેટ કનેકિટવિટી ઉપલબ્ધ કરાવવાનો છે.
- આ સેવા વિશિષ્ટ છે કારણ કે BSNL આ સેવાઓમાં અસીમિત નિઃશૂલ્ક વોઈસ કોલિંગ સુવિધા પણ આપે છે.
- સેવા દ્વારા BSNL 100 mbps સ્પીડ સુધી ભારત એરફાયબરની કનેકિટવિટી ઉપલબ્ધ કરાવે છે.

## ઈલેક્ટ્રોનિક વેકિસન ઈન્ટેલિજન્સ નેટવર્ક

- ઈલેક્ટ્રોનિક વેકિસન ઈન્ટેલિજન્સ નેટવર્ક (eVIN) 32 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ સુધી પહોંચેલ છે અને ઝડપથી બાકીના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો–અંડમાન અને નિકોબાર દ્વીપ, ચંદીગઢ, લદ્દાખ અને સિક્કિમમાં પહોંચશે.

### ઈલેક્ટ્રોનિક વેકિસન ઈન્ટેલિજન્સ નેટવર્ક (eVIN) :

- આ એક નવીન તકનિક સમાધાન છે જેનો ઉદ્દેશ્ય રસીકરણ આપૂર્તિ શ્રેણી પ્રણાલીઓને મજબૂત કરવાનો છે.
- તેનું અમલીકરણ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન અંતર્ગત કરવામાં આવે છે.
- eVINનો લક્ષ્ય દેશના બધા કોલ્ડ ચેઈન પોઈટ્સ પર રસીના ભંડાર તથા બજારમાં તેની ઉપલબ્ધતા અને ભંડારના તાપમાન પર રિયલ ટાઈમ જાણકારી આપવાનો છે.

### eVINના લાભો :

- તેનાથી એક મોટું ડેટા માળખું બનાવવામાં મદદ મળે છે જે આંકડાના આધારે નિર્ણય લેવામાં અને વપરાશ આધારિત યોજના બનાવવામાં પ્રોત્સાહિત કરતા વિશ્લેષણો કરે છે જેનાથી ઓછા ખર્ચે વધુ રસીનો ભંડાર કરવામાં મદદ મળે છે.
- eVINના કારણે ભારતના મોટાભાગના સ્વસ્થ્ય કેન્દ્રોમાં દરેક સમય પર રસીની ઉપલબ્ધતા હોવાની સંભાવના વધીને 99% થઈ ગઈ છે.
- રસીના સ્ટોક/ભંડારમાં અછત હોવાની સંભાવના 80% સુધી ઘટાડવામાં આવી છે.

## એક્સોપ્લાનેટ "TVLM 513b"

- પ્રથમ વખત ખગોળશાસ્ત્રીઓએ રેડિયો તરંગો અને વોબ્બલી તારાનો ઉપયોગ કરી એકસોપ્લાનેટ "TVLM 513b" વિશે જાણકારી મેળવી હતી.
- નવો શોધવામાં આવેલ એકસોપ્લાનેટ એ શનિના દળના બરાબર છે. તે બહુ નાનો અને લાલ છે અને પૃથ્વીથી લગભગ 35 પ્રકાશ વર્ષના અંતર પર સ્થિત છે.
- આ એકસોપ્લાનેટને "TVLM 513b"ના રૂપમાં ઓળખાય છે, જેની કક્ષા એ બુધ ગ્રહની કક્ષાને સમાન છે.
- ખગોળશાસ્ત્રીઓ દ્વારા આ શોધ એ 10 રેડિયો ટેલિસ્કોપની "Very Long Baseline Array-VLBA"નો ઉપયોગ કરી કરવામાં આવી હતી.

## ઈઝરાયલ દ્વારા એરો-2 મિસાઈલનું સફળ પરીક્ષણ

- 13 ઓગસ્ટ, 2020ના રોજ ઈઝરાયલે ઉન્નત મિસાઈલ રક્ષા પ્રણાલી એરો-2નું સફળ પરીક્ષણ કર્યું હતું.
- આ મિસાઈલનનો ઉપયોગ એ લેબનાન અને ગાઝા દ્વારા છોડવામાં આવતા મધ્યમ અંતરના રોકેટો વિરુદ્ધ કરવામાં આવ્યો હતો.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ વર્ષ 2019માં USA અને ઈઝરાયેલ સંયુક્ત રૂપથી અલાસ્કામાં સફળતાપૂર્વક એરો-3નું પરીક્ષણ કર્યું હતું.

➤ આ પ્રણાલીનો ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ અને અમેરિકી કંપની બોઈંગ દ્વારા વિકસિત કરવામાં આવેલ છે.

## ભારતમાં પ્રથમ ખાનગી અપર સ્ટેજ રોકેટ એન્જિનનું સફળ પરીક્ષણ

➤ એરોસ્પેસ સ્ટાર્ટ–અપ સ્કાઈરૂટ એરોસ્પેસે એક ઉપરી ચરણના રોકેટ એન્જિનનું સફળ પરીક્ષણ કર્યું છે અને તે સ્વદેશી રોકેટ એન્જિનની ક્ષમતા પ્રદર્શિત કરતી પ્રથમ ભારતીય ખાનગી કંપની બની છે.

➤ 3D પ્રિન્ટેડ રોકેટ એન્જિનનું નામ એ નોબેલ વિજેતા સર સી. વી. રમનના નામ પર રાખવામાં આવ્યું છે.

➤ રોકેટમાં હલન–ચલન કરતા ઓછા ભાગો છે અને તેનું વજન પરંપરાગત રોકેટ એન્જિન કરતા અડધું છે.

➤ આ રોકેટ એ એકથી વધુ રિસ્ટાર્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત એક જ મિશનમાં ઘણા ઉપગ્રહોને ઘણી કક્ષાઓમાં સ્થાપિત કરવાની ક્ષમતા ધરાવે છે.

### પ્રથમ ખાનગી મિશન વિશે :

➤ પ્રથમ ખાનગી રોકેટ જેને નીચલી પૃથ્વી કક્ષામાં લોન્ચ કરવામાં આવશે, જેનો વજન એ 250-700 કિગ્રા હશે.

➤ વર્ષ 2021 સુધીમાં તેની લોન્ચ થવાની સંભાવના છે.

### ભારતમાં એરો-સ્પેસ સ્ટાર્ટ-અપ :

➤ ભારતે તાજેતરમાં પોતાના સ્પેસ/અંતરિક્ષ ક્ષેત્રને ખાનગી કંપનીઓ જેવી કે સ્કાયરૂટ, બેલાટ્રિકસ અને અગ્રિકુલ માટે ખોલ્યું છે.

➤ તે કંપનીઓ 3-D પ્રિન્ટેડ એન્જિન સાથે નાના લોન્ચરનું નિર્માણ કરી રહી છે. આ કંપનીઓ ઉપગ્રહ/સેટેલાઈટને લોન્ચ કરવાના ખર્ચને નીચો લાવવાનો પ્રયાસ કરી રહી છે.

### Back to basics : અંતરિક્ષ પ્રવૃત્તિમાં ખાનગી ક્ષેત્ર માટે સરકારના પ્રયત્નો અને તેનું મૂલ્યાંકન

■ **અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારીના લાભ અને જરૂરીયાત :**

1. **વધતી માંગ :**

➤ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)નું વાર્ષિક બજેટ 10,000 કરોડ (રૂ. 1.45 અબજ)ને વટાવી ગયું છે અને તે સતત વધી રહયું છે. જો કે, ભારત–અવકાશ આધારિત સેવાઓ માટેની માંગ ઈસરો જે પ્રદાન કરી શકે છે તેના કરતા ઘણી વધારે છે. તેથી, ખાનગી ક્ષેત્રનું રોકાણ જરૂરી છે, જેના માટે યોગ્ય નીતિ વાતાવરણ બનાવવાની જરૂર છે.

2. **અવકાશ ક્ષેત્રનો એકંદર વિકાસ :**

➤ અવકાશ ક્ષેત્રની એકંદર વૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે ખાનગી ક્ષેત્રની ભાગીદારી જરૂરી છે. ઈસરોના ઉદ્યોગ સાથે ખાસ કરીને હિંદુસ્તાન એરોનોટિકસ લિમિટેડ જેવા જાહેર ક્ષેત્રના નિગમો (PSU) અને લાર્સન અને ટુબ્રો જેવા ખાનગી ક્ષેત્રની મોટી કંપનીઓ સાથે મજબૂત જોડાણ છે. આથી ખાનગી ઉદ્યોગોની ભૂમિકા વધારવી જોઈએ.

3. **દેશની સુરક્ષા :**

➤ આપણી અવકાશ ક્ષમતાઓને સુરક્ષિત કરવાની સૌથી મૂળભૂત રીત એ છે કે તેને ઘણાં વિવિધ ઉપગ્રહો અને અવકાશયાનમાં વિતરણ કરવું, જેથી જો કોઈ વિરોધી આપણા એક અથવા વધુ ઉપગ્રહોને નિષ્ક્રિય કરવા માટે વ્યવસ્થા કરે તો પણ તે સાતત્ય અસર કરશે નહીં, ઉદા. યુ.એસ. અવકાશમાં ખૂબ સંવેદનશીલ છે કારણ કે તે તેના હજારો ઉપગ્રહો પર આધારિત છે. પરંતુ તે તેની સ્પેસ મિલકત પરના સંભવિત હુમલા સાથે વ્યવહાર કરવા માટે શ્રેષ્ઠ રીતે સજ્જ પણ છે.

4. **આંતરરાષ્ટ્રીય વલણો અને અનુભવ :**

➤ એલોન મસ્કે "સ્પેસએક્સ" અને તેના હાઈ પ્રોફાઈલ પ્રોજેક્ટ્સે સ્પેસ ક્ષેત્રમાં ખાનગીકરણનાં વધતા મહત્ત્વને ઉજાગર કર્યું છે. ભારતમાં વિવિધ વ્યૂહાત્મક, સુરક્ષા અને નિયમનકારી અવરોધો હોવા છતાં, સ્પેસ ક્ષેત્રમાં મર્યાદિત ખાનગી ઈકોસિસ્ટમ ઈસરોની આસપાસ વિકસિત થઈ છે.

5. **સંસાધનોનો મોટો જથ્થો :**

➤ જાહેર સંસાધનો જમીન, મજૂર, મૂડી મર્યાદિત છે. ખાનગી ક્ષેત્રની ભાગીદારી સંસાધનો અને પ્રતિભાનું નવો દ્વાર ખોલશે. તે અવકાશ સંશોધન પ્રવૃત્તિઓમાં વધુ ભંડોળ અને અનુભવ લાવશે.

6. **માનવ મૂડી :**

➤ ઈસરોમાં અવકાશ પ્રવૃત્તિઓને પ્રતિબંધિત કરવાથી, દેશભરમાં પ્રતિભાના યોગ્ય ઉપયોગને મર્યાદિત કરવામાં આવે છે. ડેમોગ્રાફિક ડિવિડન્ડ સાથે, ખાનગી ક્ષેત્રની ભાગીદારી, દેશમાં અવકાશ સંશોધન માટે ઘણો ફાળો આપવા માટે દેશભરની પ્રતિભાનો વિકાસ કરી શકે છે.

7. **તકનીકી ઉન્નતિ :**

➢ વ્યવસાયીકરણમાં વધુ સારી તકનીકોનો વિકાસ પણ થશે જે મહત્ત્વપૂર્ણ છે. તે અવકાશ સંશોધન પ્રવૃત્તિઓમાં કૃત્રિમ બુદ્ધિ જેવી અન્ય ઘણી તકનીકોના એકીકરણને મંજૂરી આપશે. અંતરિક્ષ પ્રવૃત્તિઓના અનુભવથી, ખાનગી ક્ષેત્ર અન્ય ક્ષેત્રમાં તકનીકીની ભૂમિકામાં વધારો કરી શકે છે.

8. **જોખમ વહેંચણી :**

➢ દરેક પ્રક્ષેપણમાં વિવિધ જોખમો હોય છે. ખાનગી ક્ષેત્ર ખર્ચના પરિબળના જોખમને વહેંચવામાં મદદ કરે છે. નિષ્ફળતા ખર્ચનું વિતરણ કરવામાં આવશે. ખાનગી ભાગીદારીમાં વધારો સાથે, ઉપલબ્ધ માનવ મૂડી અને મનને લીધે નિષ્ફળતા ઓછી થશે.

9 **વાણિજ્યિક માંગ :**

➢ જનતા માટે ઈન્ટરનેટ કનેક્ટિવિટી વધારવાની જરૂર છે. એસ્ટરોઈડ માઈનિંગ એ પણ અન્ય સંભવિત ક્ષેત્ર છે જે મુદ્રીકરણ અને કોમોડિટી બજારોમાં ખલેલ પહોંચાડવાની તક સાથે આશાસ્પદ લાગે છે.

### અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારી સંબંધિત ચિંતાઓ :

1. **માહિતીનું જોખમ :**

➢ ઉદ્યોગસાહસિકો પાસે ઈસરોની સંવેદનશીલ માહિતી લીક થવાની સંભાવના છે અને તે માહિતીનો દુરૂપયોગ થવાનું ઉપયોગના જોખમ છે.

2. **નિયમન :**

➢ તે એક નફાકારક રોકાણ હોવા છતાં, ખાનગી ક્ષેત્રની ભાગીદારીનું નિયમન સરળ નથી. નિયમનકારી મંજૂરીઓ અને અસ્થિર રાજકીય સંસ્થાઓ માટે લેવાયેલ સમય રોકાણકારોના નિર્ણય લેવામાં વિલંબ અને અવરોધ લાવી શકે છે.

3. **નાણાકીય નુકસાન :**

➢ ઈસરો તેના દ્વારા થતી પ્રવૃત્તિઓથી મળતી ઉચિત રકમ ગુમાવશે. તેનાથી સરકારની આવકમાં ઘટાડો થશે.

4. **અયોગ્ય વ્યવસાયિક પ્રવૃત્તિઓ :**

➢ ખાનગી ક્ષેત્રને મંજૂરી આપવાથી લોબીંગ અને અયોગ્ય ઉપયોગ થવાની સંભાવના છે. પ્રોજેક્ટ્સ મેળવવા અથવા કોઈ પણ સેટેલાઈટ પોતાના નફો માટે લોંચ કરવા કે પછી ખાનગી લોકો દ્વારા નફો મેળવવા માટે અન્ય દેશો અને કંપનીઓને સંવેદનશીલ માહિતીના લીકેજ તરફ દોરી શકે છે.

■ **આગળનો માર્ગ :**

➢ ભારતે એક સ્વતંત્ર સંસ્થા બનાવવી જોઈએ જે સરકારી અને ખાનગી અવકાશ ઉદ્યોગો માટે સ્તરનું ક્ષેત્ર બનાવી શકે. ભારત માટે એક નવો અવકાશ કાયદો ઘડવો જોઈએ જેનું લક્ષ્ય એક દાયકાની અંદર વૈશ્વિક અવકાશ અર્થતંત્રના વધતા ભારતના હિસ્સાને 10% કરવાની સુવિધા આપવાનું હોય, જેના માટે ઈસરો, ખાનગી ક્ષેત્ર અને નવા અવકાશ સાહસિકો વચ્ચે નવી પ્રકારની ભાગીદારીની જરૂર છે.

## કેન્દ્ર-શાસિત પ્રદેશ લક્ષદ્વીપને જોડતી ઓપ્ટિકલ ફાયબર લિંક

➢ 15 ઓગસ્ટ, 2020ના રોજ સ્વતંત્રતા દિવસના સંબોધન દરમિયાન પ્રધાનમંત્રી દ્વારા લક્ષદ્વીપના ઓપ્ટિકલ ફાયબર લિંકની ઘોષણા કરી હતી.

### લક્ષદ્વીપ ઓપ્ટિકલ ફાયબર લિંક વિશે :

➢ લક્ષદ્વીપ અને મુખ્ય ભૂમિ ભારત વચ્ચે આ અંડરસી ઓપ્ટિકલ ફાયબર કેબલ લિંક એ દેશમાં સ્થાપિત થનાર બીજુ ઓપ્ટિકલ ફાયબર લિંક છે.

➢ આ પ્રકારનું પ્રથમ ફાયબર લિંક એ ચેન્નઈ અને પોર્ટ બ્લેયર (અંડમાન અને નિકોબાર) વચ્ચે સ્થાપિત કરવામાં આવ્યું હતું.

➢ લક્ષદ્વીપ અંડરસી પ્રોજેક્ટને 1000 દિવસમાં પૂરો કરવામાં આવશે. આ પ્રોજેક્ટ એ લક્ષદ્વીપ અને બાકીના ભારત વચ્ચે સંચારને વધારામાં મદદરૂપ થશે.

➢ દૂરસંચાર વિભાગ દ્વારા આ પ્રોજેક્ટ લાગુ કરવામાં આવી રહયો છે. આ કેબલ એ 400 ગીગા બાઈટ્સ પ્રતિ સેકંડ સુધી ઈન્ટરનેટ સ્પીડ વધારશે.

➢ ઓપ્ટિકલ ફાયબર લિંકના માધ્યમથી લક્ષદ્વીપ માં 4G મોબાઈલ સેવા, ડિજિટલ સેવા, ઈ–શાસન, ટેલી–એજ્યુકેશન, પર્યટન અને ટેલી–હેલ્થને પ્રોત્સાહન મળશે.

## વિક્રમ સારાભાઈ

➢ ભારતના અંતરિક્ષ કાર્યક્રમના જનક ડો. વિક્રમ સારાભાઈ ની શતાબ્દીના સમારોહને એક વર્ષ પૂરુ થવાના અવસર પર ઈસરો (ISRO) દ્વારા તેમને વિશેષ રૂપમાં શ્રદ્ધાંજલી આપતા દરમિયાન ઘોષણા કરી હતી કે ચંદ્રયાન 2 ઓર્બિટરે ચંદ્રમના "સારાભાઈ કેટર"ના ચિત્રો લીધા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિક્રમ સારાભાઈ અને તેમના યોગદાન વિશે

- વિક્રમ સારાભાઈને ભારતમાં ખગોળ વિજ્ઞાનના જનક માનવામાં આવે છે, તથા તેમણે દેશમાં અંતરિક્ષ કેન્દ્રોને સ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી.
- તેમની ભલામણ પર ભારત સરકાર દ્વારા વર્ષ 1962માં "અંતરિક્ષ સંશોધન માટે ભારતીય રાષ્ટ્રીય સમિતિ" (Indian National Committee for Space Research-INCOSPAR)ની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ આ સમિતિના પ્રથમ અધ્યક્ષ હતા.
- વર્ષ 1969માં INCOSPARનું પુનર્ગઠન કરવામાં આવ્યું તથા તેનું નામ પરિવર્તન કરી "ભારતીય અંતરિક્ષ સંશોધન સંગઠન" (ISRO) કરવામાં આવ્યું હતું.
- વિક્રમ સારાભાઈ દ્વારા 1969માં અમદાવાદમાં ભૌતિક સંશોધન પ્રયોગશાળા (Physical Research Laboratory-PRL)ની સ્થાપના કરી હતી.
- તેમના દ્વારા કેરલના તિરુવનંતપુરમ હવાઈ અડ્ડા પાસે થુમ્બા નામના ગામમાં ભારતનું પ્રથમ રોકેટ પ્રક્ષેપણ સ્થળ સ્થાપિત કર્યું હતું.
- તેમને ભારતમાં કેબલ ટેલિવિઝન લાવવાનો પણ શ્રેય આપવામાં આવે છે. નાસા (NASA) સાથે તેમના સંબંધોના પરિણામે વર્ષ 1975માં સેટેલાઈટ ઈન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપેરિમેંટ (SITE)ની સ્થાપનાનો માર્ગ વિસ્તૃત બન્યો.
- ભારતના પ્રથમ ઉપગ્રહ "આર્યભટ્ટ"ના નિર્માણમાં સારાભાઈની ભૂમિકા મુખ્ય હતી.
- તેઓ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ (IIMA)ના સંસ્થાપક સદસ્યોમાંથી એક હતા.

## સાર્થક

- તાજેતરમાં ભારતીય તટરક્ષક બલ દ્વારા એક ઓફશોર પેટ્રોલિંગ વહાણને લોન્ચ કરવામાં આવ્યુ હતું અને તેને ભારતીય તટરક્ષક જહાજ "સાર્થક"ના રૂપમાં પુનઃનામાંકિત કરવામાં આવેલ છે.

### સાર્થકની મુખ્ય બાબતો :

- સમુદ્રી સુરક્ષા વધારવા માટે તટરક્ષક બલ દ્વારા તૈનાત 5 ઓફશોર પેટ્રોલિંગ વહાણની શ્રેણીમાં "સાર્થક" એ ચોથા સ્થાન પર છે.
- તેને "મેક ઈન ઈન્ડિયા" દૃષ્ટિકોણ મુજબ "ગોવા શિપયાર્ડ લિમિટેડ" દ્વારા સ્વદેશી રૂપથી ડિઝાઈન અને નિર્મિત કરવામાં આવેલ છે.
- આ જહાજ ટ્વીન એન્જિન હેલિકોપ્ટર, ચાર હાઈ સ્પીડ બોટ અને સ્વીફટ બોર્ડિંગ અને સર્ચ તથા બચાવ કામગીરી માટે એક ઈનફ્લેટેબલ (ફૂલાવી શકાય તેવી) બોટ વહન કરવા માટે બનાવવામાં આવેલ છે.
- આ જહાજ એ સમુદ્રમાં થતાં તેલના સ્ત્રાવ પ્રદૂષણને પહોંચી વળવા "સીમિત પ્રદૂષણ પ્રતિક્રિયા ઉપકરણ" લઈ જવામાં પણ સક્ષમ છે.

## SN5 સ્ટારશિપ પ્રોટોટાઈપ

- તાજેતરમાં સ્પેસએકસ કંપનીના SN5 સ્ટારશિપ પ્રોટોટાઈપ દ્વારા પોતાની પ્રથમ પરીક્ષણ ઉડાન પૂરી કરવામાં આવી હતી.
- આ પ્રોટોટાઈપ દ્વારા 60 સેકંડથી પણ ઓછા સમયમાં 500 ફીટથી વધુની ઊંચાઈ સુધી સફળતાપૂર્વક ઉડાન ભરી હતી.
- SN5 સ્ટારશિપ એ સ્પેસએકસ કંપનીની વિના ચાલક દલની "માર્સ શિપ"નો ભાગ છે. તે એક સ્ટેનલેસ સ્ટીલ પરીક્ષણ વાહન છે. જેને SN5 કહેવામાં આવે છે.

### સ્ટારશિપ શું છે ?

- સ્પેસએકસ દ્વારા ડિઝાઈન કરવામાં આવેલ "સ્ટારશિપ" એક અંતરિક્ષ યાન અને સુપર–હેવી બુસ્ટર રોકેટ છે જે પૃથ્વીની કક્ષા, ચંદ્ર અને મંગલ પર ચાલક દલ અને કાર્ગો માટે ફરીથી ઉપયોગ કરી શકાય તેવી પરિવહન પ્રણાલીના રૂપમાં કાર્ય કરશે.
- સ્પેસએકસના સ્ટારશિપને "દુનિયાના સૌથી શકિતશાળી પ્રક્ષેપણ વાહન"ના રૂપમાં વર્ણિત કરવામાં આવેલ છે, જેમાં પૃથ્વીની કક્ષામાં 100 મેટ્રિક ટનથી વધુ ભાર લઈ જવાની ક્ષમતા છે.

### સ્ટારશિપની વિશેષતાઓ :

- સ્ટારશિપ અંતરિક્ષ યાન 7.5 કિમી પ્રતિ સેકંડની ગતિથી મંગળ ગ્રહના વાયુમંડળમાં પ્રવેશ કરશે.
- સ્ટારશિપ એ સ્પેસએકસના ફાલ્કન પ્રક્ષેપણ વાહનની સરખામણીમાં ઓછો ખર્ચ તથા વધુ અંતર સુધી પ્રક્ષેપિત કરી શકાય છે તથા તે ચાલક દલો (અંતરિક્ષ યાત્રીઓ) અને આવશ્યક વસ્તુઓને આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (ISS) સુધી પહોંચાડી શકે છે.

- સ્ટારશિપ માનવની અંતરિક્ષ યાત્રાના વિકાસ અને સંશોધન માટે ચંદ્રમાં સુધી વિભિન્ન ઉપકરણો અને અન્ય વસ્તુઓ લઈ જવામાં સહાયક હશે.

## સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલ

- તાજેતરમાં પ્રધાનમંત્રી દ્વારા ચેન્નઈથી અંડમાન અને નિકોબાર દ્વીપ સમૂહને જોડતા ઓપ્ટિકલ ફાયબર કેબલની શરૂઆત કરી છે.
- આ પ્રોજેકટની આધારશિલા એ પોર્ટ બ્લેયરમાં ડિસેમ્બર 2018માં રાખવામાં આવી હતી.

### અંડમાન અને નિકોબાર ઓપ્ટિકલ ફાયબર કેબલની મુખ્ય બાબતો :

- કેન્દ્ર–શાસિત પ્રદેશમાં વધુ સારી કનેકિટવિટી પ્રદાન કરવા લગભગ 2300 કિમીના સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલ માટે લગભગ રૂ. 1224 કરોડનો ખર્ચ થશે.
- આ પ્રોજેકટ અંતર્ગત ચેન્નઈથી પોર્ટ બ્લેયર અને 7 અન્ય દ્વીપો માટે વધુ સારી કનેકિટવિટી પ્રદાન કરવામાં આવશે.
- આ પ્રોજેકટને સરકાર દ્વારા સંચાર મંત્રાલય અંતર્ગતના યુનિવર્સલ સર્વિસ ઓબલિગેશન ફંડના માધ્યમથી નાણાકીય સહાય આપવામાં આવશે.

### આ પ્રોજેકટથી થતાં લાભો :

- આ ક્ષેત્રમાં વધુ સારી કનેકિટવિટી દ્વારા ટેલી–મેડિસિન અને ટેલી–એજ્યુકેશન જેવી ઈ–શાસન સેવાઓ મળવામાં સરળતા રહેશે.
- ઈ–કોમર્સમાં અવસરોથી નાના ઉદ્યોગોને ફાયદો થશે, જ્યારે શિક્ષણ સંસ્થાઓ ઈ–લર્નિંગ અને જ્ઞાનને વહેંચવવામાં ઈન્ટરનેટની વધતી સ્પીડનો ઉપયોગ કરશે.
- બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ સેવાઓ અને અન્ય મધ્યમ અને મોટા ઉદ્યોગોને સારી કનેકિટવિટીનો લાભ મળશે.
- પ્રોજેકટ શરૂ કર્યા પછી અંડમાન અને નિકોબારના ઈન્ટરનેટ બિલમાં પણ ઘટાડો થશે.

### સબમરીન ઓપ્ટિકલ ફાયબર કેબલ શું છે ?

- તે સમુદ્ર તળ પર પાથરવામાં આવેલ ઓપ્ટિકલ ફાયબર કેબલ હોય છે, જેના માધ્યમથી મુખ્ય ભૂમિ તથા સમુદ્રોમાં સ્થિત સ્થળીય ભાગોના વચ્ચે દૂરસંચાર સંકેતોને મોકલવામાં આવે છે.
- ઓપ્ટિલક ફાયબરના તત્ત્વો સામાન્ય રીતે પ્લાસ્ટિકના સ્તરોથી કોટેડ હોય છે અને પર્યાવરણ માટે યોગ્ય રક્ષણાત્મક ટ્યુબમાં જડિત હોય છે.
- તેની વિશ્વસનીયતા ઘણી વધારે હોય છે, તથા કોઈ વખતે કેબલ તૂટવાની સ્થિતિમાં ડેટા સંચારના અન્ય રસ્તાઓ ઉપલબ્ધ થઈ જાય છે.
- તેના અંતર્ગત ડેટા ટ્રાન્સમિશનની ક્ષમતા ટેરાબાઈટ્સમાં હોય છે, જ્યારે ઉપગ્રહો સામાન્ય રીતે સેકન્ડમાં ફકત 1000 મેગાબાઈટની ઝડપે ડેટા ટ્રાન્સમિટ કરે છે અને તેમાં વિલંબતા દર વધુ હોય છે.







icerajkot


# CURRENT AFFAIRS

## Click to Play














































# Continue...

YouTube

SUBSCRIBE

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્રામોદ્યોગ વિકાસ યોજના અંતર્ગત એક પાયલોટ પ્રોજેક્ટ

- ભારત સરકારના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MSME) દ્વારા "ગ્રામોદ્યોગ વિકાસ યોજના" અંતર્ગત અગરબત્તી નિર્માણમાં શામેલ કારીગરોને લાભ પહોંચાડવા અને ગ્રામીણ ઉદ્યોગના વિકાસ માટે એક કાર્યક્રમની મંજૂરી આપી છે.

### ગ્રામોદ્યોગ વિકાસ યોજના અંતર્ગત એક પાયલોટ પ્રોજેક્ટ

- આ કાર્યક્રમ અનુસાર વર્તમાનં દેશમાં કુલ 4 પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે, જેમાં એક પાયલટ પ્રોજેક્ટ પૂર્વોત્તર ભારતમાં શરૂ કરવામાં આવશે.
- પ્રત્યેક પાયલોટ પ્રોજેક્ટમાં કારીગરોના પ્રત્યેક લક્ષિત સમૂહને લગભગ 50 સ્વચાલિત અગરબત્તી બનાવવાના મશીન અને 10 મિકિસંગ મશીન આપવામાં આવશે.
- આમ ચારેય પાયલોટ પ્રોજેક્ટમાં કારીગરોને કુલ 200 સ્વચાલિત અગરબત્તી બનાવવાના મશીન અને 40 મિકિસંગ મશીન આપવામાં આવશે.
- ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (Khadi and Village Industries Commission-KVIC) અગરબત્તી બનાવતી મશીનો સાથે આ ક્ષેત્રમાં કામ કરતા કારીગરોને તાલમી અને સહાયતા આપશે.

### કાર્યક્રમની આવશ્યકતા અને પ્રોત્સાહન માટે લેવાયેલ નિર્ણયો

- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય દેશમાં અગરબત્તીના ઉત્પાદનને વધારવુ અને પારંપરિક કારીગરો માટે સ્થાયી રોજગાર પેદા કરી તેમની આવકમાં વધારો કરવાનો છે.
- અગરબત્તી નિર્માણ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા તાજેતરમાં ભારત સરકાર દ્વારા 2 મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે.

(i) આયાત નીતિમાં અગરબત્તીને "મુક્ત વ્યાપાર" શ્રેણીથી હટાવી "પ્રતિબંધિત વ્યાપાર"ની શ્રેણીમાં સૂચિબદ્ધ કરવું.

(ii) અગરબત્તી નિર્માણ માટે ઉપયોગમાં લેવામાં આવતી "ચક્રાકાર વાંસની છડી" (Round Bamboo Sticks) પર આયાત ડ્યૂટી 10%થી વધારી 25% કરી છે.

- ઉપરોક્ત નિર્ણયોથી અગરબત્તીના સવદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે અને ગ્રામીણ રોજગાર પેદા કરવાનો માર્ગ મોકળો થશે.
- આ પ્રોજેક્ટ અને નિર્ણયો સ્વદેશી ઉત્પાદન અને માંગની વચ્ચે અંતર ઓછું કરવાની પણ પ્રક્રિયા શરૂ કરશે અને દેશમાં અગરબત્તીની આયાત ઓછી કરશે.

## ગુલામી પર રિપોર્ટ

- 30 જૂલાઈના રોજ "વર્લ્ડ ડે અગેંસ્ટ ટ્રૈફિકિંગ"ના અવસર પર "કોમનવેલ્થ હ્યૂમન રાઈટ્સ ઈનિશિએટિવ" તથા એક આંતરરાષ્ટ્રીય ગુલામી વિરોધી સંગઠન, વોક ફ્રી (Walk Free) દ્વારા ગુલામીના સંદર્ભે એક રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

### ગુલામી પરના રિપોર્ટનની મુખ્ય બાબતો

- રિપોર્ટમાં કોમનવેલ્થ દેશો દ્વારા વર્ષ 2018માં શ્રમ, માનવ તસ્કરી, બાળ મજૂરીને સમાપ્ત કરવાના સતત્ વિકાસ લક્ષ્યને પ્રાપ્ત કરવા તથા આધુનિક ગુલામીની સ્થિતિને વર્ષ 2030 સુધી સમાપ્ત કરવાના વાયદાઓનું આકલન કરવામાં આવ્યું હતું.
- કોમનવેલ્થ દેશોમાં ગુલામીથી અસરગ્રસ્ત વિશ્વના લગભગ 40% લોકો છે.
- એક અંદાજ મુજબ કોમનવેલ્થ દેશોમાં 150 લોકોમાંથી પ્રત્યેક એક વ્યકિત આધુનિક ગુલામીની સ્થિતિમાં રહે છે.
- કોમનવેલ્થ દેશો દ્વારા આધુનિક ગુલામી નાબૂદ કરવાની પ્રતિબદ્ધતા પ્રત્યે બહુ ઓછી પ્રગતિ કરવામાં આવી છે અને વર્ષ 2030 સુધીમાં આધુનિક ગુલામીને સમાપ્ત કરવાના કામોમાં પણ ઘટાડો થયો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રિપોર્ટ મુજબ ભારતની સ્થિતિ

- રિપોર્ટ મુજબ ભારત દ્વારા સમન્વયના સંદર્ભમાં સૌથી ખરાબ પ્રદર્શન કરવામાં આવ્યું છે. વર્તમાનમાં ભારત પાસે કોઈ રાષ્ટ્રીય સંકલન સંસ્થા કે રાષ્ટ્રીય કાર્ય યોજના ગુલામીની બાબતે નથી.
- ભારતમાં વિશ્વના બાલ બંધુઓની કુલ સંખ્યાનો 1/3 હિસ્સો સામેલ છે.
- ભારત દ્વારા એશિયાના અન્ય બધા કોમનવેલ્થ દેશોની જેમ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના 2011ના ઘરેલૂ કામદારો પરના કન્વેન્શન કે 2014ના "Forced Labour Protocol"ની પૂષ્ટિ કરેલી નથી.

### આધુનિક ગુલામી એટલે શું ?

- આધુનિક ગુલામી એ શોષણની એવી સ્થિતિઓને સંદર્ભિત કરે છે જેમાં કોઈ વ્યકિત ધમકી, હિંસા, બળજબરી કે છેતરપિંડીના દુરુપયોગથી બચી શકે નહી.

## સ્કોચ ગોલ્ડ એવોર્ડ
## Skoch Gold Award

- તાજેતરમાં ભારત સરકારના જનજાતીય બાબતોના મંત્રાલય (Ministry of Tribal Affairs)ને “મંત્રાલયના શિષ્યવૃત્તિ વિભાગની IT સક્ષમ શિષ્યવૃત્તિ યોજનાઓના માધ્યમથી આદિવાસીઓના સશકિતકરણ” માટે સ્કોચ ગોલ્ડ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- આ પુરસ્કાર એ નવી દિલ્હીમાં આયોજિત 66માં સ્કોચ એવોર્ડ 2020ની હરીફાઈનો એક ભાગ છે. તેનું શીર્ષક “ડિજિટલ ગવર્નન્સના માધ્યમથી COVID-19નો મુકાબલો કરતું ભારત” હતું અને જનજાતીય મંત્રાલયે “ડિજિટલ ઈન્ડિયા એન્ડ ઈ–ગવર્નન્સ-2020” હરીફાઈમાં ભાગ લીધો હતો.
- “ડિજિટલ ઈન્ડિયા”ને પ્રોત્સાહન આપવા અને ઈ–ગવર્નન્સના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે જનજાતીય બાબતોના મંત્રાલયે ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મિશન અંતર્ગત બધી 5 શિષ્યવૃત્તિ યોજનાઓને DBT પોર્ટલ સાથે એકીકૃત કરી છે.
- વર્ષ 2019-20 દરમિયાન બધી 5 શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત 31 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના લગભગ 30 લાખ વિદ્યાર્થીઓને બેંક ખાતાઓમાં લગભગ રૂ. 2500 કરોડ DBTના માધ્યમથી મોકલવામાં આવ્યા હતા.

### Back to basics : સ્કોચ ગોલ્ડ એવોર્ડ વિશે

- આ એવોર્ડની શરૂઆત એ વર્ષ 2003માં કરવામાં આવી હતી.
- આ પુરસ્કાર એ ભારતને વધુ સારો દેશ બનાવવા માટે વધારાના પ્રયાસો કરતી વ્યકિતઓ, પ્રોજેકટ તથા સંસ્થાને આપવામાં આવે છે.
- કોઈ સ્વતંત્ર સંગઠન દ્વારા આપવામાં આવતું આ એક સર્વોચ્ચ નાગરિક સમ્માન છે.
- આ પુસ્કાર ડિજિટલ, નાણાકીય અને સામાજિક સમાવેશીતાના ક્ષેત્રોમાં કરવામાં આવેલા સર્વશ્રેષ્ઠ પ્રયાસો માટે આપવામાં આવે છે.

## સહકાર કૂપટ્યૂબ NCDC ચેનલ

- તાજેતરમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (National Cooperative Development Corporation-NCDC)ની એક નવી પહેલ “સહકાર કૂપટ્યૂબ NCDC ચેનલ” (Sahakar Cooptube NCDC Channel)ની શરૂઆત કરી છે.

### ચેનલનો ઉદ્દેશ્ય

- આ ચેનલનો ઉદ્દેશ્ય એ ખેડૂતો અને યુવાઓને સહકારી સમિતિનો લાભ ઉઠાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.
- સહકારિતાના માધ્યમથી યુવાઓ માટે રોજગારના અવસરમાં પણ વધારો થશે.
- કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે કોઈ સહકારી સંસ્થા કે સમિતિના ગઠન અને નોંધણી હેતુ 18 વિભિન્ન રાજ્યો માટે હિંદી અને ક્ષેત્રીય ભાષામાં NCDC દ્વારા નિર્મિત માર્ગદર્શક વીડિયો પણ લોન્ચ કર્યા છે.
- યૂટ્યૂબ પ્લેટફોર્મ પર ચાલનાર સહકાર કૂપટ્યૂબ ચેનલની શરૂઆત એ ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, તમિલનાડુ,


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, ઓડિસા, મિઝોરમ, ત્રિપુરા, કેરલ, ગુજરાત, પંજાબ અને કર્ણાટક રાજ્યમાં કરવામાં આવી છે.

## "Elephants.Not Commodities" અહેવાલ

- તાજેતરમાં "વર્લ્ડ એનિમલ પ્રોટેકશન" નામની આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા "Elephants.Not Commodities" નામનો અહેવાલ પ્રકાશિત કર્યો હતો.
- અહેવાલ અંતર્ગત મનોરંજનના સ્થળો પર હાથીઓની નિરાશાજનક સ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત એલિફન્ટ ટુરિઝમ સંબંધે ચિંતાજનક સ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- રિપોર્ટ અનુસાર આ ચિંતાજનક સ્થિતિએ COVID-19 પછી વધુ ભયાવહ અને ખરાબ બની શકે છે.

### "Elephant.Not Commodities" અહેવાલની મુખ્ય બાબતો :

- અહેવાલ / રિપોર્ટની આ ત્રીજી આવૃત્તિ છે જે વિશ્વ હાથી દિવસના અવસર પર પ્રકાશિત કરવામાં આવી હતી.
- રિપોર્ટ અંતર્ગત એક દાયકા અંતર્ગત થાઈલેન્ડ, ભારત, લાઓસ, કંબોડિયા, નેપાલ, શ્રીલંકા અને મલેશિયા સાથે એલિફન્ટ ટૂરિઝમના સંશોધનની સરખામણી કરવામાં આવી હતી.
- રિપોર્ટ મુજબ એશિયામાં ભારત એ બીજા નંબર પર એલિફન્ટ ટુરિઝમ માટે સૌથી વધુ હાથીઓનો ઉપયોગ કરે છે.
- રિપોર્ટમાં 21 સ્થળો પર 509 પ્રાણીનો સર્વે કરવામાં આવ્યો હતો, જેમાંથી 45% હાથીઓને ગંભીર રીતે અપૂરતી સ્થિતિમાં રાખવામાં આવ્યા છે.
- 357 એશિયાના ટૂરિઝમ સ્થળો પર 3800 હાથીઓને કેદ તરીકે રાખવામાં આવ્યા છે જેમાંથી 3/4 ભાગના હાથીઓ થાઈલેન્ડમાં છે.
- રિપોર્ટમાં અભ્યાસ કરવામાં આવેલા 208 સ્થળો પર 2390 (63%) હાથીઓ ગંભીર સ્થિતિથી પીડાય છે અને ફક્ત 7% હાથીઓ સ્વસ્થ સ્થળો પર રહે છે.
- વર્ષ 2015માં 2242 (77%) હાથીઓ ગંભીર સ્થિતિઓમાં રહેતા હતા.

## AMRUT યોજના રેન્કિંગ

- આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા તાજેતરમાં AMRUT યોજના અંતર્ગત રાજ્યોની રેન્કિંગ જાહેર કરી હતી.
- તાજેતરમાં જાહેર કરવામાં આવેલા રેન્કિંગ અંતર્ગત ઓડિશા એ 85.67% સ્કોર સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.
- અમૃત યોજના રેન્કિંગ-2020 અંતર્ગત ટોચના રાજ્યો :

| રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ | સ્થાન/ક્રમ |
|---|---|
| ઓડિશા | 1 |
| ચંદીગઢ | 2 |
| તેલંગાણા | 3 |
| ગુજરાત | 4 |
| કર્ણાટક | 5 |

### AMRUT યોજના વિશે :

- AMRUTનું પૂરૂં નામ એ "Atal Mission for Rejuvenation and Urban Transformation Scheme" છે.
- આ યોજનાનો ઉદ્દેશ્ય એ શહેરી ક્ષેત્રોના ઘરોમાં પાઈપ લાઈનથી પાણી પહોંચાડવાનો છે. આ ઉપરાંત શહેરોમાં ગટર વ્યવસ્થાનું નિર્માણ અને હરિત સ્થાનોમાં સધુાર કરવાનો ઉદ્દેશ્ય છે.
- હજી સુધીમાં આ યોજના અંતર્ગત 191 પ્રોજેકટમાંથી 148 પ્રોજેકટ પૂરા કરી લેવામાં આવ્યા છે. બાકીના પ્રોજેકટને માર્ચ 2021 સમયમાં પૂરા કરવામાં આવશે.
- AMRUT યોજના મિશન વર્ષ 2015માં પ્રધાનમંત્રી દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.
- આ યોજના એ નીચેની બાબતો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે.
  (1) પાણીનો પુરવઠો
  (2) પુર ઓછુ કરવા પાણીનો નિકાલ
  (3) ગટર વ્યવસ્થાપન
  (4) શહેરોમાં ગ્રીન સ્પેસ

(5) બિન–મોટર ચાલિત શહેરી પરિવહન

- આ યોજના અંતર્ગત રાજ્યોએ પોતાની વાર્ષિક કાર્યયોજના તૈયાર કરી છે. યોજનાને લાગુ કરવા રાજ્યો એ શહેરી સંસ્થાઓને નાણાની ફાળવણી કરે છે. ત્યારબાદ ફંડ ટ્રાન્સફર એ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોએ કરેલી ફાળવણીના 7 દિવસોમાં કરવામાં આવે છે.
- યોજના અંતર્ગત 500 શહેરોની પસંદગી કરવામાં આવેલી છે.

## સુરક્ષ્ય (SURAKHSYA)

- 10 ઓગસ્ટના રોજ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી દ્વારા માનવ–હાથી સંઘર્ષ પર એક રાષ્ટ્રીય પોર્ટલ લોન્ચ કર્યું હતું, જેને "સુરક્ષ્ય" (SURAKHSYA) નામ આપવામાં આવ્યું છે.
- આ પોર્ટલનું લક્ષ્ય વાસ્તવિક સમયની જાણકારી એકત્રિત કરવાનું છે અને તે વાસ્તવિક સમયના આધાર પર સંઘર્ષોનું વ્યવસ્થાપન પણ કરશે.
- આ રાષ્ટ્રીય પોર્ટલને વિશ્વ હાથી દિવસના ઉત્સવ દરમિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ પોર્ટલ એ ડેટા સંગ્રહ પ્રોટોકોલ, ડેટા વિઝ્યુલાઈઝેશન ઉપકરણ અને ડેટા ટ્રાંસમિશન પાઈપલાઈનને સેટ કરવામાં મદદ કરશે.
- IUCN દ્વારા હાથીને "જોખમી" (Endangered)ના રૂપમાં સૂચિત કરવામાં આવેલ છે.
- વર્તમાનમાં 50000-60000 એશિયાઈ હાથીઓ છે, જેમાંથી 60% હાથીઓની વસતી ભારતમાં છે.

### હાથી સંરક્ષણ માટે અન્ય પ્રયત્નો :

**(1) પ્રોજેક્ટ એલિફન્ટ :**

- પ્રોજેકટ એલિફન્ટને વર્ષ 1992માં પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.
- આ પ્રોજેકટનો ઉદ્દેશ્ય એ વન્ય જીવન વ્યવસ્થાપનને નાણાકીય અને તકનિકી સહાય આપવાનો છે.
- પ્રોજેકટનો ઉદ્દેશ્ય એ પ્રાકૃતિક આવાસોમાં હાથીઓની વસતીના લાંબાગાળાના અસ્તિત્વને સુનિશ્ચિત કરવાનો છે.
- આ પ્રોજેકટ એ હાથીઓના વ્યવસ્થાપનમાં સંશોધન અને પશુ ચિકિત્સા કાળજી પ્રદાન કરવા અને સ્થાનીય લોકો વચ્ચે સંરક્ષણનું પણ સમર્થન કરે છે.

**(2) હાથી કોરિડોર :**

- હાથી/એલિફન્ટ કોરિડોર એક ક્ષેત્ર છે જે હાથીઓની વસતીની સાથે આવાસને જોડે છે.
- ભારતમાં 88 ચિન્હિત હાથી કોરિડોર છે. જેમાંથી 22 ઉત્તર–પૂર્વી ભારતમાં, 14 ઉત્તરી પશ્ચિમ બંગાળમાં, 20 દક્ષિણ ભારતમાં, 12 ઉત્તર–પશ્ચિમી ભારતમાં અને 20 મધ્ય ભારતમાં છે.
- સડક નિર્માણ અને રેલવે એ હાથી કોરિડોર માટે મુખ્ય જોખમ છે. આ સાથે જ ખનન, ગેરકાયદેસર શિકાર અને માનવ–હાથી સંઘર્ષ એ પણ આ કોરિડોર સામેના જોખમ છે.

## રાષ્ટ્રીય ડિજિટલ સ્વાસ્થ્ય મિશન લોન્ચ કરવામાં આવ્યું

- તાજેતરમાં પ્રધાનમંત્રી દ્વારા 74માં સ્વાતંત્રતા દિવસના સંબોધન દરમિયાન "રાષ્ટ્રીય ડિજિટલ સ્વાસ્થ્ય મિશન" લોન્ચ કરવાની જાહેરાત કરી હતી.

### રાષ્ટ્રીય ડિજિટલ સ્વાસ્થ્ય મિશન વિશે :

- આ મિશન અંતર્ગત પ્રત્યેક ભારતીયને હેલ્થ આઈડી કાર્ડ (ID Card) આપવામાં આવશે.
- હેલ્થ આઈડી કાર્ડ અંતર્ગત વ્યકિતની પાછલી ચિકિત્સા સ્થિતિ, ઉપચાર અને નિદાન વિશેની માહિતી આપવામાં આવશે.
- હેલ્થ આઈડી કાર્ડ ધરાવતી વ્યકિત એ હોસ્પિટલમાં હોય તે દરમિયાન ડોકટરો અને સ્વાસ્થ્ય કર્મચારીઓને તેનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે.
- દર્દીઓનો ચિકિત્સા ડેટા અને તેનો ઉપયોગ કરવા મંજૂરી લેવી પડશે જેથી ગોપનીયતા જળવાઈ રહે.
- આ મિશન એ દર્દીઓને દૂરના સ્થળે પણ સ્વાસ્થ્ય સેવા ટેલી–પરામર્શ અને ઈ–ફાર્મસી દ્વારા આપવામાં ઉપયોગી બનશે.

➤ ડોકટરે આપેલ પ્રિસ્ક્રિપ્શનનો રેકોર્ડ એ આઈડી કાર્ડમાં લોગ ઈન કરી મેળવી શકાશે. તેના અંતર્ગત કરવામાં આવેલ ટેસ્ટ, રિપોર્ટ આપવામાં આવેલ સલાહ તથા દવાનો રેકોર્ડ હશે.
➤ આ સંપૂર્ણ મિશન એ ટેક્નોલોજી આધારિત હશે.

## સૃજન પોર્ટલ

➤ તાજેતરમાં ભારતના રક્ષા મંત્રી દ્વારા રક્ષા ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે એક ઓનલાઈન પોર્ટલ ''સૃજન'' (SRIJAN) લોન્ચ કર્યું હતું.

### સૃજન પોર્ટલની મુખ્ય બાબતો :

➤ આ પોર્ટલમાં એવી વસ્તુઓને પ્રદર્શિત કરવામાં આવશે જે વર્તમાનમાં ભારતીય રક્ષા ઉદ્યોગ દ્વારા આયાત કરવામાં આવતી હોય છે.
➤ તેનાથી દેશમાં ઘરેલુ ઉદ્યોગોને આવી વિશિષ્ટ વસ્તુઓ જાણવા અને ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળશે.
➤ ભારત સરકાર દ્વારા આ વસ્તુઓની ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદન માટે પણ ઉચ્ચ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.
➤ રક્ષા સંબંધિત જાહેર ક્ષેત્રો અને ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ પોર્ટલ પર એ વસ્તુઓને પ્રદર્શિત કરશે જેને આયાત કરવામાં આવતી હોય.
➤ આ સંબંધે પ્રથમ તબક્કામાં એવી વસ્તુઓ જેની કિંમત રૂ. 1 મિલિયનથી વધુ હોય અને આયાત કરવામાં આવતી હોય તેને પ્રદર્શિત કરવામાં આવશે.
➤ વર્ષ 2019-20માં આવી 1557 વસ્તુઓ હતી, જે ઘટીને વર્ષ 2020-21માં 739 થઈ ગઈ છે.

## પ્રોજેક્ટ ચીતા

➤ ભારતીય સશસ્ત્ર બળો દ્વારા ચીન સાથેના તણાવ વચ્ચે 'પ્રોજેક્ટ ચીતા'ને ફરીથી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.
➤ આ પ્રોજેક્ટ એ લાંબા સમયથી નિલંબિત હતો અને સેનાની ત્રિ–સેવાઓ દ્વારા પ્રોજેક્ટને રૂ. 3500 કરોડમાં ફરીથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
➤ પ્રોજેક્ટ ચીતાને ફરી શરૂ કરવાનો પ્રસ્તાવ એ રક્ષા મંત્રાલય દ્વારા ગઠિત ''અજય કુમાર સમિતિ''ને મોકલવામાં આવ્યો હતો. અજય કુમાર એ રક્ષા સચિવ છે.

### પ્રોજેક્ટ ચીતાની મુખ્ય બાબતો :

➤ આ પ્રોજેક્ટ અંતર્ગત લગભગ 90 હેરોન ડ્રોન જે લેઝર–નિર્દેશિત બમ અને હવાથી લોન્ચ થતી એન્ટિ–ટેંક ગોાઈડેડ સાથે અપગ્રેડ કરવામાં આવશે.
➤ ભારતીય ડ્રોનના મુખ્ય રૂપથી ઈઝરાયેલના ઉપકરણો શામેલ છે જેમાં હેરોન્સનો પણ સમાવેશ થાય છે. તેને થલ સેના અને વાયુ સેના દ્વારા ગોઠવવામાં આવ્યા હતા.
➤ વર્તમાનમાં આ હેરોન્સ ડ્રોન એ લદ્દાખ અને ચીનની સીમા પર રાખવામાં આવેલ છે. આ પ્રોજેક્ટની ફરીથી શરૂઆત એ ડ્રોનોને અપગ્રેડ કરવા માટે કરવામાં આવી રહી છે.
➤ આ અપગ્રેડ એ સશસ્ત્ર બળોના ગ્રાઉન્ડ સ્ટેશનોના ડ્રોનને દૂરથી સંચાલિત કરવામાં મદદ કરશે અને ઉપગ્રહ સંચાર પ્રણાલીના માધ્યમથી તેને નિયંત્રિત પણ કરશે.

### હેરોન ડ્રોન વિશે :

➤ હેરોન એ માનવ રહિત હવાઈ વાહન (ડ્રોન) છે જે ઈઝરાયેલમાં બનાવવામાં આવેલ છે. તે એક મધ્યમ ઊંચાઈ ધરાવતા ડ્રોન છે.
➤ આ ડ્રોન એ સંપર્ક તૂટી જવા પર પોતે જ બેઝ પર પાછા ફરવાની ક્ષમતા ધરાવે છે.
➤ હેરોન ડ્રોન એ 250 કિગ્રા જેટલો વજન ઊઠાવી શકે છે, જેમાં થર્મોગ્રાફિક કેમેરા, એરબોર્ન ગ્રાઉન્ડ સર્વેલન્સ લાઈટ, રડાર સિસ્ટમ વગેરેનો સમાવેશ થાય છે.

## નૌસેના નવાચાર અને સ્વદેશીકરણ સંગઠન (Naval Innovation and Indigenisation Organisation-NIIO)

➤ તાજેતરમાં રક્ષા મંત્રી દ્વારા ઓનલાઈન વેબિનારના માધ્યમથી ''નૌસેના નવાચાર અને સ્વદેશીકરણ સંગઠન'' (Naval Innovation and Indigenisation Organisation-NIIO)નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

### નૌસેના નવાચાર અને સ્વદેશીકરણ સંગઠન (NIIO)ની મુખ્ય બાબતો :

- NIIO એ આત્મનિર્ભર ભારતની દષ્ટિએ ધ્યાનમાં રાખીને સંરક્ષણક્ષેત્રે આત્મનિર્ભરતા માટે નવીનતા અને સ્વદેશીકરણને પ્રેરિત કરવા શિક્ષણ ક્ષેત્ર અને ઉદ્યોગ સાથે સંપર્ક કરવા અંતિમ વપરાશકર્તાઓને સમર્પિત સંરચનાનું નિર્માણ કરે છે.
- NIIO એ ત્રિસ્તરીય સંગઠન હશે. તેના આ સ્તરો નીચે મુજબના રહેશે :

| NIIOના સ્તરો | માહિતી |
|---|---|
| પ્રથમ સ્તર | આ સ્તર એ નેવેલ ટેક્નોલોજી એક્સિલરેશન કાઉન્સિલ (N-TAC) છે, જે નવાચાર અને સ્વદેશીકરણ બંને પાસાંઓને સાથે લાવશે અને શીર્ષ સ્તરીય નિર્દેશો ઉપલબ્ધ કરાવશે. |
| બીજુ સ્તર | આ સ્તર પર N-TACનું કાર્ય સમૂહ પ્રોજેક્ટના અમલીકરણ પર ધ્યાન આપશે. |
| ત્રીજું સ્તર | આ સ્તર પર ઉભરતી ટેક્નોલોજીના સમાવેશન માટે એક ''ટેક્નોલોજી ડેવલપમેન્ટ એક્સિલરેશન સેલ'' (TDAC) ની રચના કરવામાં આવી છે. |

### NIIOનું મહત્ત્વ :

- રક્ષા અધિગ્રહણ નીતિ–2020 (Defence Acrisition Council-2020)ના ડ્રાફ્ટ અંતર્ગત સેના મુખ્યાલય દ્વારા હાલના સ્ત્રોતો અંતર્ગત એક નવીનતા અને સ્વદેશીકરણ સંગઠનની સ્થાપના કરવાની પરિકલ્પના કરી છે.
- ભારતીય નૌસેના પાસે પહેલેથી જ એક કાર્યશીલ સ્વદેશીકરણ નિર્દેશાલય (Directorate of Indigenisation-DOI) છે તથા આ સાથે એક નવીન સંગઠન એ હાલની સ્વદેશીકરણ પહેલોને આગળ વધારશે અને નવીનતા પર પણ ધ્યાન કેન્દ્રીત કરશે.

## કૃષિ મેઘ

- તાજેતરમાં કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રી દ્વારા વર્ચ્યુઅલ રીતે ''ભારત કૃષિ સંશોધન પરિષદ'' (ICAR) ના ડેટા રિકવરી સેન્ટર ''કૃષિ મેઘ'' (Krishi Megh)ની શરૂઆત કરી છે.
- તેનો ઉદ્દેશ્ય સરકારની પ્રમુખ સંશોધન સંસ્થા ICARના મહત્ત્વપૂર્ણ આંકડાઓની રક્ષા કરવાનો છે.

### કૃષિ મેઘની મુખ્ય બાબતો :

- આ ડેટા રિકવરી સેન્ટરને હૈદરાબાદમાં રાષ્ટ્રીય કૃષિ સંશોધન વ્યવસ્થાપન અકાદમી (National Academy of Agriculture Research Management-NAARM) માં સ્થાપિત કરવામાં આવેલ છે.
- વર્તમાનમાં ICARનું મુખ્ય ડેટા સેન્ટર નવી દિલ્હીમાં ભારતીય કૃષિ આંકડાકીય સંશોધન સંસ્થામાં સ્થાપિત છે.
- ભારત સરકાર અને વિશ્વ બેંક બંને દ્વારા નાણાકીય સહાયથી નેશનલ એગ્રીકલ્ચર હાયર એજ્યુકેશન પ્રોજેક્ટ-NAHEP અંતર્ગત ''કૃષિ મેઘ''ની સ્થાપના કરવામાં આવેલી છે.

### કૃષિ મેઘનું મહત્ત્વ :

- તેનું નિર્માણ એ ભારતમાં કૃષિ ક્ષેત્રમાં જોખમ ઓછું કરવા, ગુણવત્તા વધારવા, ઈ–શાસનની ઉપલબ્ધતા અને પહોંચ, શોધ, વિસ્તાર અને શિક્ષા માટે કરવામાં આવેલ છે.
- આ કેન્દ્રમાં ઈમેજ વિશ્લેષણના માધ્યમથી પાક સંબંધિત બીમારીઓ અને નુકસાન પહોંચાડતા જંતુઓની ઓળખ, ફળ ની પરિપક્વતા અને તેના પાકવા સંબંધિત જાણકારી, પશુ ઓને થતાં રોગોની ઓળખ વગેરેથી જોડાયેલ ''ડીપ લર્નિંગ બેસ્ડ એપ્લિકેશન''ના વિકાસ અને ઉપયોગ માટે નવીનતમ કૃત્રિમ બુદ્ધિમતા/ડીપ લર્નિંગ સોફ્ટવેર/ટૂલકિટ્સ ઉપલબ્ધ છે.
- કૃષિ મેઘ એ ખેડૂતો, શોધકર્તાઓ, વિદ્યાર્થીઓ અને નીતિ–નિર્માતાઓને કૃષિ અને સંશોધન વિશે અદ્યતન અને નવીનતમ જાણકારી ઉપલબ્ધ કરાવશે.

## વિદ્યાર્થી ઉદ્યમિતા કાર્યક્રમ 2.0 (Student Entrepreneurship Program 2.0)

- નીતિ આયોગના અટલ ઈનોવેશન મિશને ડેલ ટેક્નોલોજી સાથે ભાગીદારીમાં અટલ ટિંકરીંગ લેબ્સના યુવા ઈનોવેટર્સ માટે વિદ્યાર્થી ઉદ્યમશીલતા કાર્યક્રમ 2.0નો શુભારંભ કર્યો છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### વિદ્યાર્થી ઉદ્યમિતા કાર્યક્રમ 2.0 વિશે :

- વિદ્યાર્થી ઉદ્યમિતા કાર્યક્રમ 1.0ની સફળતા પછી ફરી શરૂ કરવામાં આવેલ છે.
- વિદ્યાર્થી ઉદ્યમિતા કાર્યક્રમ 2.0થી સંશોધન કરતા વિદ્યાર્થીઓને ડેલ ટેક્નોલોજી સાથે મળીને કાર્ય કરવાનો અવસર પ્રાપ્ત થશે.
- કાર્યક્રમ અંતર્ગત તેમને સંરક્ષણ, પ્રોટોટાઈપિંગ અને પરીક્ષણ સમર્થન, એન્ડ યૂઝર ફીડબેક, બૌદ્ધિક સંપદા અને વિચારની નોંધણી, પ્રક્રિયાઓ અને પેટન્ટ સંરક્ષણ પ્રાપ્ત કરવુ, ઉત્પાદન સહયોગ સાથે બજારમાં ઉત્પાદન લોન્ચ કરવામાં પણ સહયોગ મળશે.

## "ગંદગી મુક્ત ભારત" અભિયાન

- 8 ઓગસ્ટ, 2020ના રોજ ભારતના પ્રધાનમંત્રી દ્વારા "સ્વચ્છતા" માટે એક અઠવાડિયું (8 ઓગસ્ટ-15 ઓગસ્ટ) ચાલનારા "ગંદગી મુક્ત ભારત" અભિયાનની શરૂઆત કરી હતી.

### "ગંદગી મુક્ત ભારત" અભિયાનની મુખ્ય બાબતો :

- આ અઠવાડિયા દરમિયાન 15 ઓગસ્ટ, 2020 સુધી પ્રત્યેક દિવસે શહેરી અને ગ્રામીણ ભારતમાં "સ્વચ્છતા" માટે જન આંદોલનને ફરીથી લાગુ કરવા વિશેષ "સ્વચ્છતા" કાર્યક્રમ લાગુ કરવામાં આવશે.
- પ્રધાનમંત્રી દ્વારા નવી દિલ્હીમાં રાજઘાટ પર ગાંધી સ્મૃતિ અને દર્શન સમિતિમાં "રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર"નો શુભારંભ કરવામાં આવ્યો હતો જે "સ્વચ્છ ભારત મિશન" પર એક સંવાદાત્મક અનુભવ કેન્દ્ર છે.

## 71મા વનમહોત્સવ

- 2 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતમાં રાજકોટ ખાતે રાજ્યકક્ષાના 71મા વનમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પોતાના 65મા જન્મદિને આ વનમહોત્સવનો ગાંધીનગર ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા પ્રારંભ કરાવ્યો હતો.
- આ પ્રસંગે તેમણે રાજકોટ મ્યુનિસિપાલિટીના 'ગો ગ્રીન રથ' અને 'સંજીવની રથ'નો પણ પ્રારંભ કરાવ્યો હતો.
- આ ઉપરાંત તેમણે રાજકોટમાં નિર્માણ પામેલા 20મા સાંસ્કૃતિક વન 'રામવન'નું પણ વીડિયો કોન્ફરન્સથી લોકાર્પણ કર્યું હતું.

### રામવન

- વર્ષ 2020માં લોકાર્પણ પામેલું 'રામવન' એ ગુજરાતનું 20મું સાંસ્કૃતિક વન છે.
- ગુજરાતના રાજકોટ ખાતે આ વન આવેલું છે.
- ગુજરાત રાજ્યના વન વિભાગ અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજીડેમ નજીક 157 એકર વિસ્તારમાં આ વનનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- ભારતમાં ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે નિર્માણ પામનાર ભવ્ય શ્રીરામ મંદિરનો શિલાન્યાસ 5 ઓગસ્ટ 2020ના રોજ થયો હતો.
- આથી, શ્રી રામ મંદિરના શિલાન્યાસની સ્મૃતિ ઈતિહાસમાં સચવાઈ રહે તે માટે રાજકોટ ખાતે નિર્માણ પામેલા આ વનને 'રામવન' નામ આપવામાં આવ્યું છે.
- 157 એકર એટલે કે આશરે 63.53 હેક્ટર વિસ્તારમાં નિર્માણ પામેલું આ 'રામવન' ગુજરાતમાં નિર્માણ પામેલા સાંસ્કૃતિક વનોમાં અત્યાર સુધીનું સૌથી મોટું સાંસ્કૃતિક વન છે.
- આ ઉપરાંત 'રામવન'એ વર્ષ 2014માં રાજકોટના કાગવડ ખાતે નિર્માણ પામેલા 'શકિત વન' બાદ રાજકોટ જિલ્લાનું બીજું સાંસ્કૃતિક વન છે.
- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરેલી જાહેરાત અનુસાર 71મા વનમહોત્સવ અંતર્ગત એક વર્ષમાં ગુજરાતમાં છોડના 10 કરોડ રોપાઓનું વિતરણ કરવામાં આવશે.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યા અનુસાર ગુજરાતમાં વન બહારના વિસ્તારમાં વૃક્ષોની સંખ્યામાં છેલ્લા 13 વર્ષમાં 37 ટકાનો વધારો થયો છે. તેની સંખ્યા હાલ 34 કરોડ છે.

## ગુજરાતમાં વનમહોત્સવની ઉજવણી

- ભારતમાં કુલપતિ અર્નાબ પત્ર દ્વારા 1950માં વન મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ શ્રી કનૈયાલાલ મુનશીએ 1960ના દાયકામાં આ વનમહોત્સવને આંદોલનનું સ્વરૂપ આપ્યું હતું.
- વર્તમાન સમયે ભારતમાં સામાન્ય રીતે દર વર્ષે 1 જુલાઈ થી 7 જુલાઈ દરમિયાન 'વન મહોત્સવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે વર્ષા ઋતુના આગમન બાદ વનમહોત્સવની ઉજવણી થતી હોવાથી દેશના જુદા–જુદા ભાગોમાં જુદા–જુદા દિવસોમાં તેની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત ગુજરાતમાં તાજેતરમાં 71મા વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

## ગુજરાતમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ

- ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વનમહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં વર્ષ 2004થી સાંસ્કૃતિક વનોના નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ અંતર્ગત ગુજરાતમાં 6 જુલાઈ, 2004ના રોજ ગાંધીનગરના સેક્ટર-18 ખાતે સૌપ્રથમ 'પુનિત વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- પુનિત વનમાં ગ્રહ, નક્ષત્ર, રાશિ, સંસ્કૃતિ અને આસ્થાને કેન્દ્ર બિંદુમાં રાખી જુદા–જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં વર્ષ 2004 સુધી વનમહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે જ થતી હતી.
- પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ 2005થી એક નવતર અભિગમ અંતર્ગત ગાંધીનગરની જગ્યાએ ગુજરાતના જુદા–જુદા સ્થળોએ વન મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત વર્ષ 2005માં ગાંધીનગર બહાર સૌપ્રથમ ગુજરાતના અંબાજી ખાતે રાજ્યકક્ષાના વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.
- જેમાં 17 જુલાઈ, 2005ના રોજ અંબાજી ખાતે "માંગલ્ય વન"નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં ઓગસ્ટ 2019 સુધીમાં કુલ 19 સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- જેમાં આ અગાઉ વર્ષ 2018માં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છ જિલ્લાના રૂદ્રમાતા ડેમ સાઈટ ખાતે 18મા સાંસ્કૃતિક વન "રક્ષક વન"નું લોકાર્પણ કરાવ્યું હતું.
- આશરે 9.50 હેક્ટરમાં નિર્માણ પામેલું 'રક્ષક વન' આજ સુધી બનેલા સાંસ્કૃતિક વનોમાંથી સૌથી મોટું સાંસ્કૃતિક વન છે.

### ગુજરાતમાં વનમહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક વનોનું નિર્માણ

| ક્રમ | જિલ્લો | સ્થળ | વનનું નામ | વર્ષ | વનમહોત્સવ |
|---|---|---|---|---|---|
| 1 | ગાંધીનગર | સેક્ટર-18, ગાંધીનગર | પુનિત વન | 2004 | 55મો વનમહોત્સવ |
| 2 | બનાસકાંઠા | અંબાજી | માંગલ્ય વન | 2005 | 56મો વનમહોત્સવ |
| 12 | નવસારી | ભીનાર, વાંસદા | જાનકી વન | 2015 | 66મો વનમહોત્સવ |
| 13 | આણંદ | વહેરાખાડી | મહિસાગર વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 14 | વલસાડ | બાલચૌંઠી | આમ્ર વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 15 | સુરત | મોતા અથવા મોટા (Mauta) | એકતા વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 16 | જામનગર | ભૂચરમોરી | શહીદ વન | 2016 | 67મો વનમહોત્સવ |
| 17 | સાબરકાંઠા | પાલ–દઢવાલ | વીરાંજલી વન | 2017 | 68મો વનમહોત્સવ |
| 18 | કચ્છ | રૂદ્રમાતા ડેમ સાઈટ | રક્ષક વન | 2018 | 69મો વનમહોત્સવ |
| 19 | અમદાવાદ | ઓઢવ | જડેશ્વર વન | 2019 | 70મો વનમહોત્સવ |

# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## મુલ્લાપેરિયાર બાંધ વિવાદ

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા વર્ષાઋતુ દરમિયાન મુલ્લાપોરિયાર બાંધમાં પાણીના સ્તરને ઓછું કરવાની માંગ સંબંધિત અરજી પર 24 ઓગસ્ટે વિચાર કરવાનો નિર્ણય કર્યો છે.
- થોડા સમય પહેલા કેરલના ઈડુકકી જિલ્લાના એક નિવાસીએ સુપ્રીમ કોર્ટમાં મુલ્લાપેરિયાર બાંધના પાણીના સ્તરને 130 ફૂટ ઓછું કરવાની અરજી દાખલ કરી હતી.
- અરજીકર્તા મુજબ, રાજ્યમાં વર્ષાઋતુના કારણે ક્ષેત્રમાં ભૂકંપ કે પૂર આવવાનું જોખમ વધી જાય છે.

### મુલ્લાપેરિયાર બાંધ સંબંધિત તથ્યો :

- મુલ્લાપેરિયાર બાંધ એ કેરલમાં સ્થિત છે, પરંતુ વર્ષ 1886માં ત્રાવણકોરના મહારાજા તથા ભારતના રાજ્ય સચિવ વચ્ચે પેરિયાર સિંચાઈ કાર્યો માટે 999 વર્ષો માટે લીઝ કરાર કરવામાં આવ્યો હતો. તેના પર હસ્તાક્ષર કર્યા બાદ તેનું સંચાલન એ તમિલનાડુ દ્વારા કરવામાં આવે છે.
- તેનું નિર્માણ 1887 અને 1895 વચ્ચે કરવામાં આવ્યું હતું.
- આ બાંધથી અરબ સાગર તરફ વહેતી નદીના પ્રવાહને વાળીને બંગાળની ખાડી તરફ પ્રવાહિત કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય મદ્રાસ પ્રેસીડન્સીમાં મદુરાઈ શુષ્ક વર્ષા ક્ષેત્રના સિંચાઈ હેતુ પાણી ઉપલબ્ધ કરાવવાનો છે.
- આ બાંધ કેરલના ઈડુકકી જિલલામાં મુલ્લાયાર અને પેરિયાર નદીના સંગમ પર સ્થિત છે.

## ‘‘સુનામી રેડી’’ પ્રોગ્રામ

- તાજેતરમાં યુનેસ્કો (UNESCO) દ્વારા ઓડિશાના બે ગામડાઓને સુનામી સાથે વ્યવહાર કરવાના હેતુ તૈયારીઓ માટે ‘‘સુનામી રેડ’’ના રૂપે નામ આપવામાં આવેલ છે.

### ઓડિશાના ગામડાઓને ‘‘સુનામી રેડી’’ નામ આપવા સંબંધિત મુખ્ય બાબતો :

- જગતસિંહપુર જિલ્લાના ગંજમ અને નોલિયાસાહીમાં વેંકટરાયપુરને એક વર્ચ્યુઅલ કાર્યક્રમ દરમિયાન માન્યતા પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.
- ઓડિશા રાજ્ય આપદા વ્યવસ્થાપન ઓથોરિટી (Odisha State Disaster Mangement Authority-OSDMA) એ ગામડાઓમાં ‘‘સુનામી રેડી’’ પ્રોગ્રામ લાગુ કર્યો હતો.
- OSDMAના દિશા–નિર્દેશો મુજબ એ ગામડાઓમાં સંકેતોના અમલીકરણની ખરાઈ કર્યા પછી, તેને રાષ્ટ્રીય સ્તર પર માન્યતા આપવા હેતુ UNESCO-IOC પાસે ભલામણ કરવામાં આવી હતી.
- આ માન્યતા સાથે, ભારત એ હિંદ મહાસાગર ક્ષેત્રમાં ‘‘સુનામી રેડી’’ લાગુ કરનાર પ્રથમ દેશ અને ઓડિશા પ્રથમ રાજ્ય બન્યું છે.

### Back to baiscs : સુનામી રેડી પ્રોગ્રામ વિશે :

- ‘‘સુનામી રેડી’’ એ UNESCO-IOCનો એક સામુદાયિક પ્રદર્શન આધારિત કાર્યક્રમ છે.
- તેને UNESCO-IOC દ્વારા જાહેર, સામુદાયિક નેતાઓ અને રાષ્ટ્રીય તથા સ્થાનીય આપાતકાલીન વ્યવસ્થાપન એજન્સીના સક્રિય સહયોગના માધ્યમથી ‘‘સુનામી રેડી’’ને પ્રોત્સાહન આપવા શરૂ કરવામાં આવેલ છે.

### સુનામી રેડી પ્રોગ્રામનો ઉદ્દેશ્ય :

- કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનામી દરયિમાન આપાતકાલીન સ્થિતિ સામે લડવા તટીય સમુદાયની તૈયારીઓમાં સુધાર લાવવાનો છે.
- કાર્યક્રમ દ્વારા મનુષ્ય અને સંપત્તિના નુકસાનને ઓછું કરી શકાશે.
- આ ઉપરાંત કાર્યક્રમ દ્વારા UNESCO-IOCની હિંદ મહાસાગર સુનામી ચેતવણી અને શમન પ્રણાલી માટે આંતર–સરકારી સમન્વય સમૂહ દ્વારા નિર્ધારિત સર્વોત્તમ સંકેતકોને પૂરા કરવાની સામુદાયિક તૈયારીમાં એક સંરચનાત્મક અને વ્યવસ્થિત દષ્ટિકોણ સુનિશ્ચિત કરી શકાશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### અમલકીરણ એજન્સી :

- સુનામી રેડીના અભ્યાસોના અમલીકરણને લાગુ કરવા અને નિરીક્ષણ માટે, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા INCOISના ડાયરેકટરની અધ્યક્ષતામાં એક રાષ્ટ્રીય બોર્ડની સ્થાપના કરી છે.
- આ બોર્ડમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય, રાષ્ટ્રીય આપદા વ્યવસ્થાપન ઓથોરીટી, ગૃહ મંત્રાલય, OSDMA, અંડમાન અને નિકોબાર દ્વીપ સમૂહ આપદા વ્યવસ્થાપન નિર્દેશાલય અને INCOISના સભ્યોને શામેલ કરવામાં આવ્યા છે.
- INCOIS એ ભારતીય સુનામી પ્રારંભિક ચેતવણી કેન્દ્રની ભારતને સુનામી સંબંધિત સલાહ/સૂચના આપવા હેતુ નોડલ એજન્સી છે.
- UNESCOનું આંતર–સરકારી સમુદ્ર વિજ્ઞાન આયોગ (Intergovernmental Oceanographic Commission-IOC) સંયુકત રાષ્ટ્ર અંતર્ગત સમુદ્રી વિજ્ઞાન પ્રતિ સમર્પિત એક માત્ર સક્ષમ સંગઠન છે.

## પ્રોજેક્ટ લાયન અને પ્રોજેક્ટ ડોલ્ફિન

- ભારતના પ્રધાનમંત્રી દ્વારા 74માં સ્વતંત્રતા દિવસ દરમિયાન પોતાના સંબોધનમાં "પ્રોજેક્ટ લાયન" અને "પ્રોજેક્ટ ડોલ્ફિન" શરૂ કરવાની જાહેરાત કરી હતી.

### પ્રોજેક્ટ લાયન વિશે :

- પ્રોજેક્ટ લાયન અંતર્ગત એશિયાઈ સિંહોના સંરક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ પ્રોજેક્ટ એ માનવ–વન્યજીવ સંઘર્ષ પર પણ ધ્યાન આપશે. તેના અંતર્ગત સિંહો નજીક રહેતા સ્થાનીય સમુદાયનો પણ સમાવેશ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ એ લોકોને આજીવિકાના અવસર પણ પ્રદાન કરશે.
- પ્રોજેક્ટ લાયન અંતર્ગત સિંહોના સ્વાસ્થ્ય વ્યવસ્થાપન પર પણ ધ્યાન કેન્દ્રિ કરવામાં આવશે, અને સિંહોની વૈશ્વિક સ્તરની દેખભાળ કરવામાં આવશે.

### પ્રોજેક્ટ ડોલ્ફિન વિશે :

- દેશમાં નદીઓમાં અને સમુદ્રોમાં ડોલ્ફિનના સંરક્ષણ અને સુરક્ષા માટે પ્રોજેકટ ડોલ્ફિન લોન્ચ કરવામાં આવેલ છે.
- આ પ્રોજેકટ એ વિશેષ રૂપથી ગેરકાયદેસર શિકાર વિરોધી પ્રવૃત્તિઓમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરતા જલીય આવાસમાં ડોલ્ફિનનું સંરક્ષણ કરશે.
- આ પ્રોજેકટમાં માછીમારો અને તેમની આબાદીનો સમાવેશ કરવામાં આવશે, જેઓ તેમની આજીવિકા માટે નદીઓ અને મહાસાગરો પર નિર્ભર હોય છે.
- આ પ્રોજેકટ મુખ્યત્વે "ગંગા ડોલ્ફિન" પર કેન્દ્રિત છે. ગંગા ડોલ્ફિનને વર્ષ 2010માં રાષ્ટ્રીય જળચર પ્રાણીના રૂપમાં ઘોષિત કરવામાં આવી હતી.
- ગંગા નદી ડોલ્ફિનને IUCN દ્વારા "જોખમી" (Endangered) શ્રેણીમાં સૂચિબદ્ધ કરવામાં આવેલ છે.
- આ ડોલ્ફિનને "વન્ય જીવ સંરક્ષણ અધિનિયમ, 1972"ની અનુસૂચિ-1 અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવેલ છે.
- વિક્રમશીલા ગૈંગેટિક ડોલ્ફિન અભ્યારણ (બિહાર) એ દેશમાં ગંગા નદી ડોલિફનનું એકમાત્ર અભ્યારણ છે.

## માઉન્ટ સિનાબંગ

- તાજેતરમાં ઈન્ડોનેશિયાના સુમાત્રા દ્વીપ પર માઉન્ટ સિનાબંગ જવાળામુખીનું ફરીથી પ્રસ્ફોટન થયું હતું.
- આ જવાળામુખી એ 400 વર્ષની નિષ્ક્રિયતા પછી વર્ષ 2010માં ફરીથી સક્રિય થયો હતો. ત્યારબાદ વર્ષ 2014 અને 2016માં પણ તેનું ફરીથી પ્રસ્ફોટન થયું છે.
- માઉન્ટ સિનાબંગ ઈન્ડોનેશિયામાં 120થી વધુ સક્રિય જવાળામુખીમાંથી એક છે.

### શા માટે ઈન્ડોનેશિયા જવાળામુખીથી વધુ પ્રભાવિત ક્ષેત્ર છે ?

- ઈન્ડોનેશિયા "રિંગ ઓફ ફાયર"માં સ્થિત હોવાને કારણે ત્યાં ઘણાં સક્રિય જવાળામુખી જોવા મળે છે અને આ વિસ્તાર ભૂકંપગ્રસ્ત ક્ષેત્રમાં પણ આવે છે.
- રિંગ ઓફ ફાયર એ પેસિફિક સમુદ્રની ચારે તરફ એક એવુ વિસ્તૃત ક્ષેત્ર છે જ્યાં ભૂતકિતઓ એકબીજાને મળે છે. આ ક્ષેત્ર એ નિરંતર થતી ભૂકંપની ઘટના અને જવાળામુખીના પ્રસ્ફોટન માટે જાણીતું છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- "રિંગ ઓફ ફાયર" ક્ષેત્રમાં 17000થી વધુ અધિક દ્વીપ છે અને તેમાં લગભગ 130 સક્રિય જવાળામુખી છે.
- આ ક્ષેત્રમાં વિશ્વના લગભગ 75% જવાળામુખી જોવા મળે છે તથા ભૂકંપીય ઘટનામાંથી 90% ભૂકંપ આ ક્ષેત્રમાં આવે છે.

## વિશ્વ જૈવ ઇંધણ દિવસ (World Biofuel Day)

- પરંપરાગત અશ્મિભૂત ઈંધણના વિકલ્પના રૂપમાં બિન–અશ્મિભૂત ઈંધણના મહત્ત્વ વિશે જાગૃકતા વધારવા જૈવ ઈંધણના ક્ષેત્રમાં ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ વિભિન્ન પ્રયાસોને ઉજાગર કરવા પ્રત્યેક વર્ષે 10 ઓગસ્ટને "વિશ્વ જૈવ ઈંધણ દિવસ"ના રૂપમાં મનાવવામાં આવે છે.

### વિશ્વ જૈવ ઇંધણ દિવસની મુખ્ય બાબતો :

- વિશ્વ જૈવ ઈંધણ દિવસના અવસર કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે એક વેબિનારનું આયોજન કર્યું હતું જેની થીમ "જેમ ઈંધણની તરફ આત્મનિર્ભર ભારત" રાખવામાં આવી હતી.
- કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય એ વર્ષ 2015થી વિશ્વ જૈવ ઈંધણ દિવસ મનાવી રહયું છે.
- ભારત સરકારના જૈવ ઈંધણ કાર્યક્રમ "આત્મનિર્ભર ભારત" પહેલ સાથે સંબંધિત છે અને તેના અનુસાર જૈવ ઈંધણ દિવસની થીમ રાખવામાં આવી હતી.

### Back to Basics : જૈવ ઇંધણ વિશે

- જૈવ ઈંધણ (Bio-fuel) એ હાઈડ્રોકાર્બન ઈંધણ છે જે ટૂંકા સમયમાં કાર્બનિક પદાર્થોમાંથી ઉત્પન્ન થાય છે. તે અશ્મિભૂત ઈંધણથી અલગ છે કારણ કે તેને બનવામાં લાખો વર્ષ લાગે છે.
- જૈવ ઈંધણને ઊર્જાના નવીનીકરણ સ્વરૂપમાં માનવામાં આવે છે અને અશ્મિભૂત ઈંધણ કરતા ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઓછું હોય છે.
- બાયો ઈથેનોલ, બાયો ડીઝલ, બાયો ગેસ એ જૈવ ઈંધણો છે.

**જૈવ ઇંધણનું વર્ગીકરણ**

| પ્રકાર | સંબંધિત માહિતી |
|---|---|
| પ્રથમ પેઢીના જૈવ ઈંધણ | જૈવ ઈંધણ બનાવવા ઘઉં, શેરડી અને અન્ય ખાદ્ય પેદાશોનો ઉપયોગ કરવામાં આવે છે. |
| બીજી પેઢીના જૈવ ઈંધણ | બિન–ખાદ્ય પદાર્થોનો જૈવ ઈંધણ બનાવવા ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. લાકડું, ઘાસ, કાર્બનિક કચરો વગેરે. |
| ત્રીજી પેઢીના જૈવ ઈંધણ | તેમાં વિશેષ રૂપથી ઈંજિનિયર્સ શેવાળ (Engineeres Algae)નો ઉપયોગ કરવામાં આવે છે. શેવાળના બાયોમાસનો ઉપયોગ જૈવ ઈંધણમાં પરિવર્તિત કરવા માટે કરવામાં આવે છે. |
| ચોથી પેઢીના જૈવ ઈંધણ | ત્રીજી પેઢીના જૈવ ઈંધણના ઉત્પાદન વખતે કાર્બનનું ઉત્સર્જન પણ થાય છે. તેથી ચોથી પેઢીના જૈવ ઈંધણમાં આ કાર્બનને એકત્રિત કરી તેનો સંગ્રહ કરી લેવામાં આવે છે. જેથી ગ્રીન હાઉસ ગેસની અસર ઓછી થાય. |

### જૈવ ઇંધણ અંગે રાષ્ટ્રીય નીતિ, 2018

- આ નીતિ અંતર્ગત 2030 સુધીમાં પેટ્રોલમાં 20% ઈથેનોલ અને ડીઝલમાં 5% જૈવ ડીઝલ મિશ્રિત કરવાનો લક્ષ્ય રાખવામાં આવેલા છે.
- નીતિ અંતર્ગત ઈથેનોલના ઉત્પાદન માટે કાચા માલની વ્યાખ્યાને વિસ્તૃત કરવા શેરડીનો રસ, મીઠી બાજરી, મકાઈ, તૂટેલા ચોખા, ખરાબ ઘઉં, ખરાબ બટેટા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે જેનો ઉપયોગ જૈવ ઈંધણ બનાવવા કરી શકાશે.

## "એક વિશ્વ, એક સૂર્ય, એક ગ્રિડ" કાર્યક્રમ

- તાજેતરમાં "કેન્દ્રીય નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રાલય" દ્વારા પોતાના "એક વિશ્વ, એક સૂર્ય, એક ગ્રિડ" કાર્યક્રમ માટે ઈચ્છુક કંપનીઓ પાસે માંગેલ પ્રસ્તાવો પર આગલી સૂચના સુધી રોક લગાવી છે.

### "એક વિશ્વ, એક સૂર્ય, એક ગ્રિડ" કાર્યક્રમ (One Sun, One World, One Grid-OSOWOG Initiative)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### વિશે

➤ વૈશ્વિક સ્તર પર સૌર ઊર્જાની આપૂર્તિ સુનિશ્ચિત કરવા માટે ભારત દ્વારા વૈશ્વિક સહયોગને સુગમ બનાવવા OSOWOG કાર્યક્રમનો પ્રસ્તાવ કર્યો હતો.

➤ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિભિન્ન દેશોમાં સ્થિત નવીનીકરણ ઊર્જા સ્ત્રોતોને એકબીજા સાથે જોડીને વૈશ્વિક ઈકોસિસ્ટમ બનાવવાનો છે.

➤ આ ઉપરાંત કાર્યક્રમ અંતર્ગત એશિયા અને દક્ષિણ–પૂર્વ એશિયાના 140થી વધુ દેશો વચ્ચે સંસાધનોની વહેંચણી કરવા હેતુ વૈશ્વિક સહમતિ નિર્માણ કરવામાં આવશે.

➤ આ પહેલને વિશ્વ બેંકના તકનિકી સહાયતા કાર્યક્રમ અંતર્ગત અમલી બનાવવામાં આવશે.

### OSOWOG પહેલ અંતર્ગત સંભાવનાઓ તથા લાભ :

➤ ભારત એ વર્ષ 2030 સુધી બિન–અશ્મિભૂત ઈંધણથી 40% ઊર્જા ઉત્પાદિત કરવામાં સક્ષમ બનશે. આ ઉપરાંત ભારત દ્વારા "એક વિશ્વ, એક સૂર્ય, એક ગ્રિડ"નો મંત્ર આપતા સૌર ઊર્જા આપૂર્તિને પરસ્પર વહેંચવા આહવાન કરેલ છે.

➤ સૂચિત એકીકરણથી તમામ ભાગ લેનાર કંપનીઓ માટેના પ્રોજેક્ટ ખર્ચમાં ઘટાડો થશે અને ઉચ્ચ કાર્યક્ષમતા અને મહત્તમ ઉપયોગને પ્રોત્સાહન મળશે.

➤ આ યજનામાં ફક્ત વધારાના રોકાણોની જરૂર પડશે, હાલની ગ્રીડ કાર્યરત હોવાથી યોજનાને નવા સમાંતર ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર પડશે નહી.

➤ આ યોજના તમામ ભાગ લેતી સંસ્થાઓને નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતોમાં રોકાણ આર્કષવા તેમજ કુશળતા, તકનિકી અને નાણાંનો ઉપયોગ કરવામાં મદદ કરશે.

➤ યોજનાના પરિણામે થતાં આર્થિક લાભોથી ગરીબી, પાણી, સ્વચ્છતા, ખોરાક અને અન્ય સામાજિક–આર્થિક પડકારો પહોંચી વળવામાં મદદ થશે.

➤ આ પહેલ એ ભારતમાં સ્થિત રાષ્ટ્રીય નવીનીકરણીય ઊર્જા વ્યવસ્થાપન કેન્દ્રોને ક્ષેત્રીય અને વૈશ્વિક સંચાલન કેન્દ્રો તરીકે વિકસાવવામાં મદદ કરશે.



## લોકમાન્ય તિલકની 100મી પૂણ્યતિથિ

- 1 ઓગસ્ટ, 2020ના રોજ "ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ" (ICCR) દ્વારા લોકમાન્ય બાલ ગંગાધર તિલકની 100મી પૂણ્યતિથિ મનાવવા એક વેબિનારનું આયોજન કર્યું હતું.

### લોકમાન્ય તિલક સંબંધિત તથ્યો :

- લોકમાન્ય તિલકનો જન્મ એ 23 જુલાઈ, 1856ના રોજ મહારાષ્ટ્રના રત્નાગિરિમાં થયો હતો.
- તેમના દ્વારા ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં "સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું લઈને જ જંપીશ"નો નારો આપ્યો હતો.
- તેમનું મૃત્યુ એ 1 ઓગસ્ટ, 1920ના થયું હતું.

### ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં લોકમાન્ય તિલકનું યોગદાન

- તેઓ પૂર્ણ સ્વતંત્રતા કે સ્વરાજના સૌથી પ્રારંભિક અને મુખ્ય પ્રસ્તાવકમાંથી એક હતા.
- લાલા લાજપત રાય અને બિપિન ચંદ્ર પાલ સાથે તેમની જોડી એ લાલ–બાલ–પાલ તરીકે ઓળખાતી હતી.
- વર્ષ 1890માં તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં શામેલ થયા હતા.
- તેમણે લોકોને વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવા પ્રોત્સાહિત કર્યા અને સ્વદેશી આંદોલનનો પ્રચાર કર્યો હતો.
- એપ્રિલ 1916માં તેમણે અખિલ ભારતીય હોમ રૂલ લીગની સ્થાપના કરી હતી.
- રાષ્ટ્રવાદી સંઘર્ષમાં હિંદુ–મુસ્લિમ એકતા માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રતિનિધિત્વના રૂપમાં તિલક તથા અખિલ ભારતીય મુસ્લિમ લીગ તરફથી મોહમ્મદ અલી જિન્નાએ લખનૌ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- તેમણે મરાઠી ભાષામાં કેસરી તથા અંગ્રેજી ભાષામાં મરાઠા નામના સમાચાર પત્રો પ્રકાશિત કર્યા હતા તથા વેદો પર "ગીતા રહસ્ય" અને "આર્કટિક હોમ" નામના પુસ્તકો લખ્યા હતા.
- તેઓ ડેક્કન એજ્યુકેશન સોસાયટીના સંસ્થાપક હતા.
- મહારાષ્ટ્રમાં તેમણે ગણેશ ચતુર્થી તહેવાર તથા છત્રપતિ શિવાજીની જયંતિ પર શિવ જયંતિ મનાવી લોકપ્રિય બનાવ્યા હતા.

ICE FOR COMPETITIVE EXAMS



# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેંટ બેંક (AIIB)

- તાજેતરમાં જિન લિકયૂનને 5 વર્ષોના બીજા કાર્યકાળ માટે ચીન સ્થિત "એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંક (AIIB) ના અધ્યક્ષ પદે પુનઃનિયુકત કરવામાં આવ્યા હતા.

### Back to Basics : AIIB વિશે

- AIIB એ એશિયામાં સામાજિક અને આર્થિક પરિણામો સુધારવા માટેના મિશન સાથેની એક બહુપક્ષીય વિકાસ બેંક છે.
- AIIBનું વડું મથક બેંજિંગ ખાતે છે અને તેની કાર્યવાહી 2016થી શરૂ કરવામાં આવી હતી.
- હાલમાં બેંકના કુલ 102 માન્ય સભ્ય દેશો છે.
- AIIB અંતર્ગત એશિયાના ક્ષેત્ર સિવાય અન્ય ક્ષેત્રના દેશો પણ સભ્યો બની શકે છે.
- AIIBની કુલ મૂડી 100 બિલિયન ડોલર છે જેમાં 50 બિલિયન ડોલરનો ફાળો ચીનનો છે. બીજા નંબરે 8.4 બિલિયન ડોલરના ફાળા સાથે ભારતનો ક્રમ આવે છે.
- 26.61% વોટિંગ હિસ્સા સાથે ચીન સૌથી વધુ હિસ્સો ધરાવે છે. ત્યારબાદ 7.6% વોટિંગ હિસ્સા સાથે ભારતનો ક્રમ છે.
- બેંક અંતર્ગત કુલ મતમાં 75% હિસ્સો ક્ષેત્રીય સભ્યોનો છે.

## હાર્દિક શાહ પ્રધાનમંત્રીના અંગત સચિવ તરીકે નિયુકત

- તાજેતરમાં વર્ષ 2010 બેચના IAS અધિકારી હાર્દિક સતીશચંદ્ર શાહને પ્રધાનમંત્રીના અંગત સચિવ (Personal Secretary) તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.
- તેમની પસંદગીને કેન્દ્રીય મંત્રીમંડળની નિયુકત સમિતિએ મંજૂરી આપી દીધી છે.
- ગુજરાત કેડરના IAS અધિકારી હાર્દિક શાહ એ વર્તમાનમાં પ્રધાનમંત્રી કાર્યાલયમાં ઉપ સચિવના પદ પર કાર્ય કરે છે.

## આંધ્રપ્રદેશની ત્રણ રાજધાનીને રાજ્યપાલની મંજૂરી

- આંધ્રપ્રદેશની ત્રણ રાજધાનીઓ સંબંધિત યોજનાને રાજ્યના રાજ્યપાલ દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે.
- આ સંબંધે રાજ્યપાલે આંધ્રપ્રદેશ વિકેન્દ્રીકરણ અને સમગ્ર ક્ષેત્રોનો સમાવેશી વિકાસ ખરડો, 2020 અને રાજધાની ક્ષેત્ર વિકાસ ઓથોરિટિ (નાબૂદી) ખરડો, 2020ને મંજૂરી આપી છે.
- આંધ્રપ્રદેશ સરકારની યોજના અનુસાર રાજ્યની ત્રણ રાજધાનીઓ નીચે મુજબની હશે.

| રાજધાનીનો પ્રકાર | રાજધાનીનું નામ |
|---|---|
| 1) ધારાકીય રાજધાની | અમરાવતી |
| 2) કારોબારી રાજધાની | વિશાખાપટ્ટનમ |
| 3) ન્યાયિક રાજધાની | કર્નૂલ |

## કોવિશીલ્ડ

- તાજેતરમાં "ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા" દ્વારા ભારતમાં કોવિશીલ્ડના દ્વિતીય અને તૃતીય ચરણના નૈદાનિક પરીક્ષણ (Clinical Trials) કરવા માટે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, પુના દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે.

### કોવિશીલ્ડ વિશે :

- આ નામ એ ઓકસફોર્ડ – એસ્ટ્રાજેનેકા COVID-19 રસીના નિર્માતાને નામ આપવામાં આવ્યું છે. જેને તકનિકી રૂપથી AZD1222 કે ChAdOx1nCoV-19 કહેવામાં આવે છે.
- કોવિશીલ્ડ દ્વારા પોતાના પ્રારંભિક પરીક્ષણમાં કોરોનાવાયરસ વિરુદ્ધ મનુષ્યમાં રોગપ્રતિકારક શકિત વિકસિત કરવામાં આવી હતી.
- સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા હવે ભારત બાયોટેક અને ઝાયડસ કેડિલા જેવા અન્ય રસી નિર્માતાઓ સાથે આગળ વધીને વ્યાપક સ્તર પર દ્વિતીય અને તૃતીય ચરણના પરીક્ષણો શરૂ કરી શકે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- કોવિશીલ્ડના પરીક્ષણમાં દેશભરથી લગભગ 1600 લોકો ભાગ લેશે.

## બારાકાહુ પરમાણુ ઊર્જા પ્લાન્ટ

- 1 જુલાઈ, 2020ના રોજ સંયુકત આરબ અમીરાત (UAE) ના બારાકાહ પરમાણુ ઊર્જા પ્લાન્ટમાં 4 રિએકટરોમાંથી પ્રથમ રિએકટર સંચાલન શરૂ કર્યુ છે.
- આ પ્લાન્ટ એ અરબ જગતનો પ્રથમ પરમાણુ પ્લાન્ટ છે. જે અબુધાબીના અલ ધફરા ક્ષેત્રમાં સ્થિત છે.
- આ પરમાણુ ઊર્જા પ્લાન્ટની કુલ ક્ષમતા 5600 મેગાવોટ છે જેનો ઉદ્દેશ્ય UAE ના 25% ઊર્જાની પૂર્તિ કરવાનો છે.

## હિમ ચિત્તા સંરક્ષણ કેન્દ્ર (Snow Leopard Conservation Center)

- હિમ ચિત્તાઓ (Snow Leopards)ના સંરક્ષણની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ઊઠાવતા, ઉત્તરાખંડના ઉત્તરકાશી વન વિભાગમાં ભારતનું પ્રથમ હિમ ચિત્તા સંરક્ષણ કેન્દ્ર ખોલવામાં આવશે.
- આ સંરક્ષણ કેન્દ્રનો ઉદ્દેશ્ય સ્થાનીય સમુદાયની મદદથી હિમ ચિત્તાઓની રક્ષા કરવાનો છે અને પર્યટનના માધ્યમથી આજુ બાજુના ગામડાના સ્થાનીય લોકોને રોજગાર આપવાનો છે.
- આ સંરક્ષણ કેન્દ્રની સ્થાપના એ ઉત્તરાખંડ વન વિભાગ દ્વારા સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) સાથે મળીને કરવામાં આવશે.
- કેન્દ્રનું નિર્માણ એ 6 વર્ષીય પ્રોજેકટ "Secure Himalayas" અંતર્ગત કરવામાં આવશે.

## એમોનિયમ નાઈટ્રેટ

- તાજેતરમાં લેબનાનની રાજધાની બેરુતમાં એક શકિતશાળી વિસ્ફોટ થયો. લેબનન અધિકારીઓ દ્વારા એમોનિયમ નાઈટ્રેટને આ વિસ્ફોટનું કારણ બતાવવામાં આવ્યું છે.

### એમોનિયમ નાઈટ્રેટ વિશે :

- એમોનિયમ નાઈટ્રેટ એક રંગહીન, ગંધહીન ક્રિસ્ટ્લીય પદાર્થ છે. તે પાણીમાં ઓગળી જાય છે. પાણીમાં ઓગળેલ એમોનિયમ નાઈટ્રેટના મિશ્રણને ગરમ કરવા પર તે નાઈટ્રેટ ઓકસાઈડ (લાફિંગ ગેસ)માં બદલી જાય છે.
- તેનો સામાન્ય રીતે એક ખાતરના રૂપમાં ઉપયોગ કરવામાં આવે છે, જે દાયકાઓથી ઓદ્યૌગિક વિસ્ફોટનું કારણ બન્યું છે.
- જ્યારે એમોનિયમ નાઈટ્રેટનું ઈંધણ નિર્માણ કરે છે. જેનો ઉપયોગ સામાન્ય રીતે ઉત્પાદન ઉદ્યોગો દ્વારા કરવામાં આવે છે.
- કૃષિ ક્ષેત્રમાં એમોનિયમ નાઈટ્રેટનો ખાતરના રૂપમાં ઉપયોગ કરવામાં આવે છે અને ભેજને કારણે તે જમીનમાં ઝડપથી ઓગળી જાય છે, જેથી જમીનમાં નાઈટ્રોજનના સ્તરમાં વધારો થાય છે.

## એક માસ્ક અનેક જિંદગી અભિયાન

- મધ્યપ્રદેશમાં નાગરિકોમાં માસ્ક પ્રત્યે જાગૃકતા વધારવા અને તેમને માસ્ક ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્યથી પ્રત્યેક નગરીય એકમમાં 1-15 ઓગસ્ટ સુધી "એક માસ્ક અનેક જિંદગી અભિયાન" ચલાવવામાં આવશે.
- આ સાથે જ માસ્ક એકત્રિત કરી રાખવા માટે "માસ્ક બેંક" પણ બનાવવામાં આવ્યું હતું.

## "હમારા ઘર, હમારા વિદ્યાલય" કાર્યક્રમ

- મધ્યપ્રદેશની સરકારી શાળાઓમાં માત્ર 30% વિદ્યાર્થીઓ જ "હમારા ઘર, હમારા વિદ્યાલય" કાર્યક્રમમાં શામેલ થઈ શકયા છે.

### કાર્યક્રમ સાથે જોડાયેલ મુદ્દાઓ

- 18 જુલાઈથી 25 જુલાઈ વચ્ચે આ કાર્યક્રમ કુલ 30% વિદ્યાર્થીઓ સુધી પહોંચવા સક્ષમ રહયો.
- 20% વિદ્યાર્થીઓ ટીવીના માધ્યમથી અને 10% વિદ્યાર્થીઓ વોટ્સેપના માધ્યમથી કાર્યક્રમમાં શામેલ થયા.
- 30% વિદ્યાર્થીઓના પરિવારો પાસે અભ્યાસ સામગ્રી પ્રાપ્ત

કરવા માટે ઈન્ટરનેટ જોડાણ કે સ્માર્ટફોન શીખવાના પ્રવાહના ક્રમને તોડતા નિયમિત રૂપથી આ અભ્યાસ મોડયુલનો લાભ ઉઠાવવામાં અસમર્થ રહયા છે.

### Back to basics : હમારા ઘર, હમારા વિદ્યાલય કાર્યક્રમ વિશે :

- આ કાર્યક્રમ એ મધ્ય પ્રદેશ સરકારના "સ્કૂલ શિક્ષા વિભાગ" દ્વારા ઘર પર જ શિક્ષા ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવેલ એક શિક્ષણ કાર્યક્રમ છે.
- તેનો ઉદ્દેશ્ય COVID-19 મહામારીને કારણે શાળાઓ બંધ થવાને કારણે 22 લાખ વિદ્યાર્થીઓ સુધી આ કાર્યક્રમની પહોંચને સુનિશ્ચિત કરવાનો છે.
- તેના અંતર્ગત મધ્ય પ્રદેશ દૂરદર્શન દ્વારા નિશ્ચિત સમય પર મોડયુલર પ્રોગ્રામ પ્રસારિત કરવામાં આવે છે.
- વોટ્સેપના ડિજિટલ લર્નિંગ એનહાન્સમેન્ટ પ્રોગ્રામના માધ્યમથી વીડિયો, પ્રેક્ટિસ શીટ તથા ક્વિઝના રૂપમાં અભ્યાસ સબંધિત વિભિન્ન અવધારણાઓનો ટીવી કાર્યક્રમો સાથે સમન્વય કરવામાં આવે છે.

## પરિવાર પહેચાન પત્ર

- તાજેતરમાં હરિયાણાના મુખ્યમંત્રી દ્વારા એક વિશિષ્ટ પહેચાન પત્ર લોન્ચ કરવામાં આવ્યું હતું જેને "પરિવાર પહેચાન પત્ર" તરીકે ઓળખવામાં આવે છે.

### પરિવાર પહેચાન પત્રની મુખ્ય બાબતો :

- આ પત્રનો ઉદ્દેશ્ય એ હરિયાણામાં રહેતા લગભગ 54 લાખ પરિવારોમાંથી પ્રત્યેકનું નિરીક્ષણ કરવાનો છે.
- તેના અંતર્ગત પ્રત્યેક પરિવારને એક એકલ એકમ માનવામાં આવશે અને 8 આંકડાઓનું વિશિષ્ટ ઓળખ પત્ર ફાળવવામાં આવશે.
- હરિયાણા સરકારની સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ ઉઠાવવા પ્રત્યેક પરિવારને "પરિવાર પહેચાન પત્ર પોર્ટલ" પર પોતાની નોંધણી કરાવવી જરૂરી છે.
- જો કે હરિયાણાના પ્રત્યેક પરિવારે આ પત્ર પ્રાપ્ત કરવુ જરૂરી નથી, પરંતુ સરકારી યોજનાનો લાભ ઉઠાવવા પ્રત્યેક પરિવારે આ પત્ર લેવું ફરજિયાત છે.

## ઈન્વેસ્ટીગેશનમાં ઉત્કૃષ્ટતા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી મેડલ

- તાજેતરમાં 121 પોલીસ કર્મચારીઓને "ઈન્વેસ્ટીગેશનમાં ઉત્કૃષ્ટતા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી મેડલ" (Union Home Minister's Medals for Excellence in Investigation) 2020 આપવામાં આવ્યા હતા.
- આ મેડલ મેળવવામાં 21 મહિલા પોલીસ અધિકારીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. એવોર્ડ/મેડલ મેળવનારમાં 15 એ CBIમાંથી, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર બંનેમાંથી 10 સભ્યો, ઉત્તરપ્રદેશ પોલીસમાંથી 8 સભ્યો અને કેરલા તથા પશ્ચિમ બંગાળ પોલીસમાંથી 7-7 સભ્યોને મેડલ આપવામાં આવ્યા હતા. બાકીના મેડલ અન્ય રાજ્યો અને કેન્દ્ર–શાસિત પ્રદેશના પોલીસ કર્મચારીઓને આપવામાં આવ્યા હતા.

### Back to basics : ઈન્વેસ્ટીગેશનમાં ઉત્કૃષ્ટતા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી મેડલ વિશે :

- આ મેડલનની શરૂઆત એ વર્ષ 2018માં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી હતી.
- આ મેડલનો ઉદ્દેશ્ય એ ઈન્વેસ્ટીગેશનમાં અનુસરવામાં આવેલા વ્યાવસાયિકતાના ઉચ્ચ ધોરણો અને ઉત્કૃષ્ટતાને સન્માન કરવાનો છે.
- રાજ્ય/કેન્દ્ર–શાસિત પ્રદેશ દ્વારા ભલામણ કરવામાં આવેલા નામોની યાદીમાંથી આ મેડલ માટે પોલીસ કર્મચારીઓની પસંદગી કરવામાં આવે છે.
- આ મેડલ કે એવોર્ડ અંતર્ગત કોઈપણ પ્રકારની આર્થિક રકમ આપવામાં આવતી નથી.

## આંતરરાષ્ટ્રીય યુવા દિવસ

- પ્રત્યેક વર્ષે 12 ઓગસ્ટના દિવસને યુવાઓના મહત્ત્વનને દર્શાવવા માટે આંતરરાષ્ટ્રીય યુવા દિવસ મનાવવામાં આવે છે.
- વર્ષ 1999માં સંયુકત રાષ્ટ્ર દ્વારા સાંસ્કૃતિક અને કાયદાકીય બાબતો જે યુવાઓ માટે મહત્ત્વની છે તે પ્રત્યે જાગૃકતા ફેલાવવા આ દિવસની માન્યતા આપી હતી.

- પ્રથમ આંતરરાષ્ટ્રીય યુવા દિવસ એ વર્ષ 2000માં મનાવવામાં આવ્યો હતો અને ત્યારથી લઈને દર વર્ષે આ દિવસ મનાવવામાં આવે છે.
- વર્ષ 2020ના આંતરરાષ્ટ્રીય યુવા દિવસની થીમ : "Youth Engagement for Global Action"
- આંતરરાષ્ટ્રીય યુવા દિવસ, 2020 પર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા "#31 Days Of Youth" નામનું સોશિયલ મીડિયા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.
- આ અભિયાનનો ઉદ્દેશ્ય સંપૂર્ણ ઓગસ્ટ મહિનો યુવાઓ માટે મનાવવાનો છે. જેના દ્વારા વર્ષ 2020ની થીમ માટે જાગૃકતા વધારવામાં આવશે.

## લોકસભા દ્વારા નવો ફ્રેંચ કોર્સ શરૂ કરાયો

- લોકસભા એ કર્મચારીઓ અને અધિકારીઓ માટે શરૂઆતના સ્તર પર એક નવો ફ્રાંસીસી ભાષા અભ્યાસક્રમ શરૂ કર્યો છે.
- આ અભ્યાસક્રમ અંતર્ગત 57 અધિકારીઓની નોંધણી કરવામાં આવી છે.
- આ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવી રહયો છે, કારણ કે ઈન્ટરકનેક્ટેડ દુનિયામાં ફ્રેંચ ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે.
- આ પહેલને સંસદીય સંશોધન અને પ્રશિક્ષણ સંસ્થા લોકતંત્ર (Parliamentary Research and Training Institute for Democracies -PRIDE) દ્વારા લાગુ કરવામાં આવશે.
- સંસદીય કર્મચારીઓ, સાંસદો અને અન્ય લોકોને સંસદીય સંસ્થાઓમાં વિભિન્ન વિષયો પર પ્રશિક્ષણ આપવા 1976માં PRIDEની સ્થાપના કરવામાં આવી હતી.

## નાસા દ્વારા નવા 66 બાહ્ય ગ્રહોની શોધ

- નાસાના ગ્રહ ખોજતા મિશન ટેસ (TESS-Transiting Exoplanet Survey Satellite) દ્વારા નવા 66 બાહ્ય ગ્રહોની ખોજ કરવામાં આવી હતી.
- TESS મોનિટરે 4 કેમેરાનો ઉપયોગ કરી લગભગ 1 મહિના સુધી આકાશનું નિરીક્ષણ કર્યું હતું. નાસા દ્વારા આ મિશનનો સમયગાળો એ સપ્ટેમ્બર 2022 સુધી વધારી દેવામાં આવ્યો છે.

### TESS વિશેની મુખ્ય માહિતી :

- TESS મિશનનું નેતૃત્વ એ Massachusetts Institute of Technology (MIT)ની કાવલી ઈન્સ્ટિટ્યૂટ ફોર એસ્ટ્રોફિઝિક્સ એન્ડ સ્પેસ રિસર્ચ દ્વારા કરવામાં આવી રહયું છે.
- TESS ને પૃથ્વીની નજીકના તારાની પરિક્રમા કરતા ગ્રહોની શોધ માટે ડિઝાઈન કરવામાં આવેલ છે.

## ભારતીય મૂળના કમલા હસન અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ ઉમેદવાર તરીકે નામાંકિત

- અમેરિકામાં વર્ષ 2020માં ચૂંટણીનું આયોજન થવાનું છે. હાલના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપના હરીફ એ જો બિડન છે.
- રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જો બિડને કમલા હસનને ઉપરાષ્ટ્રપતિ પદ માટે પસંદ કર્યા છે.

## તેલ લીકને કારણે કટોકટી જાહેર

- મોરિશિયસના દ્વીપ દ્વારા જાપાનની માલિકીના જહાજને કારણે તેલ લીકને કારણે પર્યાવરણીય કટોકટીની જાહેરાત કરી છે, આ જહાજ થોડા દિવસો પહેલા તટથી દૂર ફંસાયેલું હતું.
- જાપાની કંપની નાગાશાકી શિપિંગ લિમિટેડ અને ઓકીઓ મેરીટાઈમ કોર્પોરેશનનું એમવી વાકાશિયો 4000 ટન ઈંધણ લઈ બ્રાઝિલથી સિંગાપુર જઈ રહયું હતું.

## સ્વચ્છ ભારત ક્રાંતિ

- કેન્દ્રીય જળ શકિત મંત્રી અને કેન્દ્રીય કપડા અને બાલ વિકાસ મંત્રી દ્વારા "સ્વચ્છ ભારત ક્રાંતિ" પુસ્તક લોન્ચ કરવામાં આવ્યું હતું.
- શ્રી પરમેસ્વરન અય્યર જેઓ પેયજલ અને સ્વચ્છતા વિભાગના સચિવ છે તેમના દ્વારા સંપાદિત આ પુસ્તક એ "The Swachh Bharat Revolution"નું હિંદી અનુવાદ છે.

- આ પુસ્તકને 4 મુખ્ય ખંડોમાં વ્યવસ્થિત કરવામાં આવેલ છે, જે સ્વચ્છ ભારત મિશનની સફળતાના 4 પ્રમુખ સ્તંભો છે.

## મોર ટુગેધર અભિયાન

- સોશિયલ મીડિયા કંપની ફેસબુક દ્વારા ભારતમાં પોતાના ગ્રાહક માર્કેટિંગ અભિયાન "મોર ટુગેધર"ના બીજા ચરણની શરૂઆત કરી હતી.
- "મોર ટુગેધર" એ પ્રદર્શિત કરવા માટે છે કે COVID-19 મહામારીની સ્થિતિમાં દેશભરના લોકો એક સાથે એક પ્લેટફોર્મ પર પોતાના કનેકશનની શકિતનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે.
- આ અભિયાન એ વાસ્તવિક વાર્તાઓથી પ્રેરિત છે અને એ લોકોને પ્રદર્શિત કરે છે જે એકબીજાની સહાયતા અને સમર્થન કરવા કઠિન સમય દરમિયાન સાથે આવ્યા હોય.

## 1-7 ઓગસ્ટ : વિશ્વ સ્તનપાન સપ્તાહ

- ઓગસ્ટના પ્રથમ અઠવાડિયા દરમિયાન "વિશ્વ સ્તનપાન સપ્તાહ" મનાવવામાં આવી રહયું છે જેના દ્વારા સ્તનપાનના પ્રચાર અને સમર્થન પર બળ આપવામાં આવી રહયું છે.

### વિશ્વ સ્તનપાન સપ્તાહનો ઉદ્દેશ્ય :

- માતા–પિતામાં સ્તનપાન સંદર્ભે જાગૃકતા વધારવી.
- માતા–પિતાને સ્તનપાનને અપનાવવામાં પ્રોત્સાહિત કરવા.
- પર્યાપ્ત અને ઉચિત પૂરક આહાર
- સ્તનપાનના મહત્ત્વથી સંબંધિત સામગ્રી ઉપલબ્ધ કરાવવી.

### વિશ્વ સ્તનપાન સપ્તાહની અન્ય બાબતો :

- વિશ્વ સ્તનપાન સપ્તાહ સંદર્ભે સૌપ્રથમ પ્રયાસ એ વર્ષ 1992માં વર્લ્ડ એલાયન્સ ફોર બ્રેસ્ટફિડિંગ એકશન (WABA) દ્વારા WHO અને UNICEF સાથે મળીને કરવામાં આવી હતી.
- વર્ષ 2020ના વિશ્વ સ્તનપાન સપ્તાહની થીમ : **"Support Breastfeeding for healthier Planet"**

## વિશ્વ આદિવાસી દિવસ

- પ્રત્યેક વર્ષ 9 ઓગસ્ટના દિવસને "વિશ્વ આદિવાસી દિવસ"ના રૂપમાં મનાવવામાં આવે છે.
- આ દિવસ મનાવવાનો ઉદ્દેશ્ય એ વિશ્વના સ્વદેશી લોકોના અધિકારોને પ્રોત્સાહન આપવા અને તેમની રક્ષા કરવાનો છે.
- વર્ષ 2020ના વિશ્વ આદિવાસી દિવસની થીમ : COVID-19 અને સ્વદેશી લોકોની સ્થિતિ સ્થાપકતા (COVID-19 and Indigenous People's Resilience)

### વિશ્વ આદિવાસી દિવસની મુખ્ય બાબતો :

- 9 ઓગસ્ટ, 1982ના રોજ જિનિવામાં સ્વદેશી આબાદી પર સંયુકત રાષ્ટ્ર કાર્ય સમૂહની પ્રથમ બેઠક આયોજીત કરવામાં આવી હતી. આ સંદર્ભે 9 ઓગસ્ટ તરીકે આ દિવસ મનાવવામાં આવે છે.
- આ વર્ષે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ઉજવવામાં આવેલ કાર્યક્રમોમાં આદિવાસીઓની ભાષાઓના સંરક્ષણ અને દસ્તાવેજીકરણ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું.

## ફૂડ સિસ્ટમ વિઝન 2050 પુરસ્કાર

- 6 ઓગસ્ટ, 2020ના રોકફેલર ફાઉન્ડેશને ન્યૂયોર્કમાં ઘોષિત ફૂડ સિસ્ટમ વિઝન 2050 પુરસ્કાર માટે દુનિયાના ટોપ 10 વ્ઝિનરીઝમાંથી એક એવા હૈદરાબાદ સ્થિત બિન–નફાકારી સંગઠન "નંદી ફાઉન્ડેશન"ની પસંદગી કરી હતી.
- આ પુરસ્કારના રૂપમાં નંદી ફાઉન્ડેશનને 2,00,000 ડોલરની પુરસ્કાર રાશિ આપવામાં આવી હતી.
- નંદી ફાઉન્ડેશનને આ પુરસ્કાર અરાકુ, વર્ધા અને નવી દિલ્હીના ક્ષેત્રોમાં "અરાકુનોમિકસ મોડેલ"ની સફળતાના કારણે આપવામાં આવ્યો છે.
- નંદી ફાઉન્ડેશન પાછલા 20 વર્ષોથી "અરાકુનોમિકસ મોડેલ"ના આધાર પર અરાકુ (હૈદરાબાદ)માં આદિવાસી ખેડૂતો સાથે કાર્ય કરી રહયું છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### અરાકુનોમિક્સ મોડેલ વિશે :

- આ એક નવુ એકીકૃત આર્થિક મોડેલ છે જે નવજીવન ખેતી (Regenerative Agriculture)ના માધ્યમથી ખેડૂતો માટે લાભ અને ઉભોકતા માટે ગુણવત્તા સુનિશ્ચિત કરે છે.
- આ આર્થિક મોડેલના આધાર પર અરાકુના આદિવાસી ખેડૂતોએ આ ક્ષેત્રમાં વિશ્વ સ્તરીય કોફીનું ઉત્પાદન કર્યુ હતું.
- આ સાથે જ અરાકુના આદિવાસી ખેડૂતોએ કાર્બન શોષણ માટે 955થી વધુ ગામડાઓમાં 25 મિલિયન વૃક્ષો લગાવ્યા છે.

## સ્પુતનિક વી (Sputnik V)

- સ્પુતનિક વી એ રશિયા દ્વારા નિર્મિત એક નવી કોરોના વાયરસ વિરુદ્ધની રસી છે.
- આ પ્રકારે આ વિશ્વની પ્રથમ રસી કહેવામાં આવી રહી છે.
- આ રસીનું નામ એ "સ્પુતનિક વી" વર્ષ 1957માં સોવિયત સંઘ દ્વારા પ્રક્ષેપિત કરવામાં આવેલ પ્રથમ ઉપગ્રહના નામ પર રાખવામાં આવેલ છે.

## કે. વી. કામથ સમિતિ

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કે. વી. કામથની અધ્યક્ષતામાં એક વિશેષજ્ઞ સમિતિનું ગઠન કર્યું છે. તેનું કાર્ય COVID-19ના સંબંધમાં તણાવગ્રસ્ત ઋણોના સમાધાન માટે નાણાકીય ધોરણોની ભલામણ કરવાનું છે.
- ભારતીય બેંક સંઘ આ સમિતિ માટે સચિવાલયના રૂપમાં કાર્ય કરશે.



# 9. ગુજરાત ઓદ્યોગિક નીતિ-2020

## ગુજરાત ઓદ્યોગિક નીતિ-2020

- ➤ તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા "ગુજરાત ઓદ્યોગિક નીતિ-2020" (Gujarat Industrial Policy-2020)ની જાહેરાત કરવામાં આવી હતી.
- ➤ ગુજરાત સરકારની ઓદ્યોગિક નીતિ-2015ની મુદત એ 2019માં પૂરી થઈ હતી. તેના પરિણામે નવી ઓદ્યોગિક નીતિની જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે.
- ➤ નવી ઓદ્યોગિક નીતિની મુખ્ય બાબતો જોતા પહેલા, વર્ષ 2015ની ઓદ્યોગિક નીતિનું મૂલ્યાંકન કરવું જરૂરી છે.

### ઓદ્યોગિક નીતિ 2015ની સફળતાનું મૂલ્યાંકન :

(1) ભારત સરકારના જાહેર થયેલા આંકડા પ્રમાણે 2019માં ગુજરાત 49 બિલિયન US ડોલરના Industrial Entrepreneurs Mehoranda (IEMs) સાથે સમગ્ર દેશમાં કુલ IEMનો 51% હિસ્સો ધરાવતુ એક માત્ર રાજ્ય છે.

(2) ભારતમાં 2019માં IEMsમાં 48%નો વધારો થયો, તેની સામે ગુજરાતમાં ગત વર્ષની સરખામણીએ 333%નો વધારો નોંધાયો છે.

(3) ગુજરાતે પાછલા વર્ષની સરખામણીએ નાણાકીય વર્ષ 2019-20માં FDIના ઈનફ્લોમાં 240%નો વધારો થયો છે.

(4) ભારત સરકારની રાષ્ટ્રીય આંકડાકીય ઓફિસ દ્વારા જાહેર થયેલા સર્વે રિપોર્ટ પ્રમાણે, સમગ્ર દેશમાં ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી ઓછો 3.4% છે.

(5) વર્ષ 2014-15થી લઈને અત્યાર સુધીમાં ગુજરાતમાં સુક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs)ની સંખ્યામાં 60%નો વધારો થયો છે. હાલ ગુજરાતમાં 35 લાખ જેટલા MSME ઉદ્યોગો છે, જે રોજગારી માટેનો સૌથી મોટો સ્ત્રોત છે.

### રાષ્ટ્રીય આંકડાઓ મુજબ ગુજરાતની પ્રગતિ :

(1) ભારતના કુલ ઓદ્યોગિક ઉત્પાદનના 17% હિસ્સા સાથે ઓદ્યોગિક ઉત્પાદનની બાબતમાં ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાને છે.

(2) DPIIT દ્વારા આપવામાં આવેલા "સ્ટેટ સ્ટાર્ટ–અપ રેન્કિંગ-2018"માં ગુજરાતને બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ તરીકેની માન્યતા પ્રાપ્ત થઈ છે.

(3) વર્ષ 2019માં ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર થયેલા લોજિસ્ટિક પર્ફોર્મન્સ ઈન્ડેક્સ અને લોજિસ્ટિક ઈઝ અક્રોસ ડિફરન્સ સ્ટેટ્સ ઈન્ડેક્સ (LEADS)માં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

(4) ગુજરાતે વર્ષ 2019-20માં પાછલા વર્ષની સરખામણીએ પ્રવર્તમાન ભાવોએ GDPમાં 13%ની વૃદ્ધિ મેળવી છે. ગુજરાતે સતત ડબલ ડિજિટમાં વિકાસદર હાંસલ કર્યો છે. છેલ્લા 5 વર્ષોમાં, સતત કિંમતોએ સરેરાશ 10.14%નો વૃદ્ધિદર નોંધાવ્યો છે.

### નવી ઓદ્યોગિક નીતિની જરૂરિયાત અને મહત્ત્વ :

- ➤ ગુજરાતના વૃદ્ધિદરની ગતિશીલતાને વધુ મજબૂત બનાવવા અને વિકાસદરને વધારવા માટે નવી ઓદ્યોગિક નીતિની રચના કરવામાં આવી છે.
- ➤ રોજગારીનું સર્જન, વિવિધ ક્ષેત્રોમાં વેલ્યુ એડિશન, અત્યાધુનિક ટેક્નોલોજી અપનાવવી, ઓદ્યોગિક ક્રાંતિ 4.0, રિસર્ચ અને ડેવલપમેન્ટ પર ભાર મૂકી નવીનતા આધારિત ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા નવી ઓદ્યોગિક નીતિની જરૂરિયાત છે.
- ➤ નવી ઓદ્યોગિક નીતિ એ આત્મનિર્ભર ભારત અને આત્મનિર્ભર ગુજરાતના નિર્માણમાં નવું પ્રેરક બળ પૂરું પાડશે.
- ➤ આમ નવી નીતિ એ આધુનિક ગુજરાતથી આધુનિક ભારતના નિર્માણનું વિઝન સાકાર થશે.

### ગુજરાત ઓદ્યોગિક નીતિ-2020ની મુખ્ય બાબતો :

(1) **થ્રસ્ટ સેક્ટર :**

- ➤ વૈશ્વિક રોકાણના વલણો, નિકાસ, ભારત સરકારની નીતિ વગેરેને ધ્યાનમાં રાખીને 15 થ્રસ્ટ સેક્ટર્સ (ક્ષેત્રો)ની પરિકલ્પના કરવામાં આવી છે.
- ➤ આ થ્રસ્ટ સેક્ટરને બે મોટા જૂથોમાં વિભાજિત કરવામાં આવ્યા છે.
  (1) કોર સેક્ટર્સ
  (2) સનરાઈઝ સેક્ટર્સ

(i) **કોર સેક્ટર્સ :**

- ➤ તેના અંતર્ગત એવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે જેમાં ગુજરાત

પાસે પહેલેથી જ ઉત્પાદન માટેનો મજબૂત બેઝ છે, અને જેમાં વૈશ્વિક સ્તરે વધુ વેગ આપવાની સંભાવનાઓ છે. ઉદા. ઈલેક્ટ્રિકલ અને ઈન્ડસ્ટ્રીયલ મશીનરી, ઓટોમોટિવ, એગ્રો પ્રોસેસિંગ, સિરામિક, ફાર્મા વગેરે...

(ii) **સનરાઈઝ સેક્ટર્સ :**

➤ તેમાં એવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે, જેમાં ટેક્નોલોજીકલ પ્રગતિની નોંધપાત્ર સંભાવનાઓ છે અને ટકાઉ આર્થિક વિકાસ (Sustainable Economic Development) માં યોગદાન આપી શકે છે. ઉદા. ઈલેક્ટ્રિક વાહનો, વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ, ઈકો–ફ્રેન્ડલી કોમ્પોસ્ટેબલ મટિરિયલ, ઓદ્યૌગિક ક્રાંતિ 4.0 ઈક્વિપમેન્ટ, સોલાર/વિંડ ઈક્વિપમેન્ટ અને નિકાસ આધારિત એકમો વગેરે.

(2) **કેપિટલ સબસિડી :**

➤ GST લાગુ થયો ત્યારથી ઓદ્યૌગિક એકમોને તેમના ઉત્પાદિત માલના રાજ્યની અંદરના વેચાણ પર "ચોખ્ખા રાજ્ય GST" (Net State Goods and Service Tax-SGST)ના આધારે વળતર આપવામાં આવતું હતું.

➤ તેનાથી કરની ગણતરીમાં મુશ્કેલીઓ થતી હતી અને તેને સરળ કરવાનો વિચાર આ નીતિમાં કરવામાં આવ્યો છે.

➤ નવી નીતિ અંતર્ગત SGSTના વળતરોને ડિ–લિંક એટલે કે દૂર કરવામાં આવેલ છે.

➤ હવે મોટા ઉદ્યોગોને રાજ્યમાં ઓદ્યૌગિક એકમો સ્થાપિત કરવા માટે કેપિટલ સબસિડી તરીકે ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ (FCI) એટલે પાત્ર મૂડીરોકાણના 12%ના ધોરણે રકમ આપવામાં આવશે.

➤ તેના પરિણામે વળતરની રકમના કલેઈમ વધુ પારદર્શક અને ચોકસાઈવાળા થશે.

➤ આ લાભ વાર્ષિક રૂ. 40 કરોડની મર્યાદામાં 10 વર્ષ સુધી આપવામાં આવશે.

➤ FCI દ્વારા મળતી રકમ સામાન્ય ક્ષેત્રો અને થ્રસ્ટ ક્ષેત્રો માટે જુદી–જુદી છે. જે નીચેના કોષ્ટક મુજબ સમજી શકાય.

| કેટેગરી | સામાન્ય ક્ષેત્રો | થ્રસ્ટ સેક્ટરર્સ |
|---|---|---|
| કેટેગરી 1 | FCIના 10% | FCIના 12% |
| કેટેગરી 2 | FCIના 8% | FCIના 10% |
| કેટગરી 3 | FCIના 4% | FICના 6% |

➤ આ ઉપરાંત નવા ઉદ્યોગોને 5 વર્ષ માટે ઈલેક્ટ્રિસિટી ડ્યુટી ભરવામાંથી છૂટ આપવાનું ચાલુ રાખવામાં આવેલ છે.

(3) **MSME :**

➤ સ્થાનિક MSMEને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાના ઉદ્દેશ્યથી નીતિમાં ભાર મૂકવામાં આવ્યો છે.

➤ MSME માટેની જોગવાઈઓ નીચે મુજબની છે :

(i) **કેપિટલ સબસિડી :**

➤ MSMEને પાત્ર ધિરાણની રકમના 25% સુધીની અને મહત્તમ રૂ. 35 લાખ સુધીની કેપિટલ સબસિડી મળવાપાત્ર રહેશે.

➤ જો પ્રોત્સાહનપાત્ર FCI રૂ. 10 કરોડથી વધુ હોય, તો તે ઓદ્યૌગિક એકમને રૂ. 10 લાખની વધારાની કેપિટલ સબસિડી મળવાપાત્ર રહેશે.

(ii) **વ્યાજ સબસિડી :**

➤ MSMEને 7 વર્ષના સમયગાળા સુધી પ્રતિ વર્ષ ટર્મ લોન પર લાગતા વ્યાજના દરમાં 7% સુધી અને મહત્તમ રૂ. 35 લાખ સુધીની વ્યાજ સબસિડી મળવાપાત્ર રહેશે.

➤ ઉત્પાદન ક્ષેત્રમાં SC/ST/ શારીરિક વિકલાંગ ઉદ્યોગ સાહસિકો/મહિલા ઉદ્યોગસાહસિકો/સ્ટાર્ટઅપને વધારાની 1% વ્યાજ સબસિડી.

➤ આ ઉપરાંત 35 વર્ષથી નાના ઉદ્યોગસાહસિકોને લોન મંજૂર થયાના દિવસે 1% વધારાની વ્યાજ સબસિડી.

(iii) **સેવા ક્ષેત્રના MSME :**

➤ રાજ્યમાં સ્થિત સેવા ક્ષેત્રના MSMEને 7% સુધીની વ્યાજ સબસિડી આપવાની જોગવાઈ છે.

➤ રાજ્ય સરકાર દ્વારા મોટા પાયાના ઉદ્યોગોને આધારિત સેવા ક્ષેત્ર માટેની નીતિના ઘડતરનું કામ ચાલી રહયું છે.

(iv) **MSME દ્વારા વિદેશી ટેક્નોલોજીનું સંપાદન :**

➤ રાજ્ય સરકાર વિદેશી પેટન્ટ ટેક્નોલોજીને સંપાદિત કરવાના કુલ ખર્ચના 65% સુધીની નાણાકીય સહાય આપશે. (મહત્તમ મર્યાદા રૂ. 50 લાખ સુધી)

(v) **MSMEને બજાર વિકાસમાં સહાયતા :**

➤ ભારતમાં યોજાતા એક્ઝિબિશનમાં MSMEને સ્ટોલ નાખવાના કુલ ભાડામાં 75% નાણાકીય સહાય (મહત્તમ રૂ. 2 લાખ) અને ભારતની બહાર યોજાતા એક્ઝિબિશનમાં સ્ટોલ નાખવા કુલ ભાડામાં 60% નાણાકીય સહાય (મહત્તમ રૂ. 5 લાખ) આપવામાં આવશે.

(vi) **MSMEને સોલાર એનર્જીનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા :**

➤ MSME એકમમાં રૂફટોપના ઉપયોગથી સોલાર પાવર પ્રક્રિયાને વધુ સરળ અને આકર્ષક બનાવવાના ઉદ્દેશ્યથી યુનિટ્સના વપરાશની ગણતરી માટેની પાવર સાયકલની

ગણતરી 15 મિનિટથી વધારી સવારે 7:00 થી સાંજના 6:00 વાગ્યા સુધી કરી દેવામાં આવી છે.

➤ MSME પાસેથી વધારાની સૌરઊર્જા ખરીદવાની કિંમત રૂ. 1.75 પ્રતિ યુનિટથી વધારી રૂ. 2.25 પ્રતિ યુનિટ કરવામાં આવી છે.

➤ હાલના ઉદ્યોગોમાંથી જે સૂર્યઊર્જાનો ઉપયોગ કરવાનું શરૂ કરે, તેમને ટર્મ લોન પર વ્યાજ સબસિડી આપવામાં આવશે.

**(vii) અન્ય પ્રોત્સાહનના પગલા :**

➤ જે MSME એકમો એન્ટરપ્રાઈજ રિસોર્સ પ્લાનિંગ (ERP) અને ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી તેમજ ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ (ZED) સર્ટિફિકેશન જેવા ગુણવત્તાલક્ષી સર્ટિફિકેશન, પેટન્ટ ફાઈલિંગ વગેરે પાસા અપનાવે તેને વધારાના ઈન્સેન્ટીવ આપવામાં આવશે.

**(4) સરકારી જમીન લાંબાગાળાની લીઝ પર આપવામાં આવશે :**

➤ રાજ્યમાં સંતુલિત પ્રાદેશિક વિકાસને વેગ આપવા રાજ્ય સરકાર 50 વર્ષ સુધી લાંબાગાળાની લીઝ ઉપર "સરકારી જમીન" મેળવવામાં ઉદ્યોગોને સુવિધા પૂરી પાડશે. અને ઓદ્યૌગિક એકમને જમીનની બજાર કિંમતના 6% લીઝ ભાડા પર આપવામાં આવશે.

**(5) સંતુલિત પ્રાદેશિક વિકાસ :**

➤ રાજ્યમાં સંતુલિત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવા તમામ MSME તથા ઉદ્યોગોને જે–તે તાલુકામાં ઓદ્યૌગિક વિકાસના ઈન્સેન્ટીવ આપવામાં આવશે.

➤ ઓછો ઓદ્યૌગિક વિકાસ થયો હોય તેવા તાલુકામાં ઉદ્યોગોની સ્થાપના માટે વધુ પ્રોત્સાહનો આપવામાં આવશે.

**(6) સ્ટાર્ટ-અપ્સને સપોર્ટ :**

➤ એક અહેવાલ મુજબ દેશના 43% ફંડેડ સ્ટાર્ટ–અપ્સ માત્ર અમદાવાદમાં જ છે જેના કારણે ગુજરાત દેશનું મહત્ત્વપૂર્ણ સ્ટાર્ટઅપ હબ બન્યું છે.

➤ ઓદ્યૌગિક નીતિ-2020 અંતર્ગત સ્ટાર્ટ અપ સંબંધિત જોગવાઈઓ :

(i) સ્ટાર્ટ–અપ એકમને આપવામાં આવતા સસ્ટેનન્સ એલાઉન્સને એક વર્ષ માટે રૂ. 10000 પ્રતિ માસથી વધારી રૂ. 20000 કરવામાં આવેલ છે. આ ઉપરાંત સ્ટાર્ટ અપમાં ઓછામાં ઓછા એક મહિલા સંસ્થાપક હોય તેનું સસ્ટેનન્સ અલાઉન્સ રૂ. 25000 પ્રતિ માસ 1 વર્ષ માટે કરાયું છે.

(iii) સ્ટાર્ટ–અપના મિડ–લેવલ પ્રી–સીરીઝ ફંડિંગ માટે, ગુજરાત વેન્ચર ફાયનનાન્સ લિમિટેડ (GVFL) હેઠળ એક અલગ ફંડનું નિર્માણ કરવામાં આવશે. સ્ટાર્ટ–અપને 1% વધારાની વ્યાજ સબસિડી આપવામાં આવશે.

(iv) સમાજમાં નોંધપાત્ર પ્રભાવ ઊભો કરી શકે તેવા સ્ટાર્ટ–અપને વધારાની રૂ. 10 લાખ સુધીની ગ્રાન્ટ આપવામાં આવશે.

(v) રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય માન્યતાવાળા એક્સીલરેશન પ્રોગ્રામોમાં નોંધણી માટે સ્ટાર્ટ–અપ દીઠ રૂ. 3 લાખની વધારાની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

(vi) મેનેજર કક્ષાની તાલીમ, સોફ્ટ સ્કીલ તાલીમ, ફાયનાન્સ વગેરેની તાલીમ માટે રૂ. 1 લાખ સુધીનું ભંડોળ રિએમ્બર્સમેન્ટ સ્વરૂપે અપાશે.

(vii) માન્યતા પ્રાપ્ત નોડેલ ઈન્સ્ટિટ્યૂટને પ્રતિ સ્ટાર્ટ–અપ દીઠ રૂ. 1 લાખની મેન્ટોરિંગ સહાય (મહત્તમ રૂ. 15 લાખ પ્રતિ વર્ષ, પ્રતિ ઈન્સ્ટિટ્યૂટ) આપવામાં આવશે.

**(7) રિલોકેશન ઈન્સેન્ટિવ :**

➤ COVID-19ના લીધે ઘણી કંપનીઓ તેમના ઉત્પાદન એકમો રિલોકેટ કરવાનું વિચારે છે.

➤ અન્ય દેશોમાંથી રિલોકેટ (સ્થળાંતર) કરવાની યોજના બનાવતી આવતી કંપનીઓને ગુજરાતમાં ઉત્પાદન એકમ સ્થાપવા એકમ આધારિત વિશેષ ઈન્સેન્ટિવ આપવામાં આવશે.

**(8) રિસર્ચ અને ઈનોવેશન :**

➤ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તેમજ પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેન્ટર્સ સ્થાપવા ખાનગી કંપનીઓ અને સંસ્થાઓને રૂ. 5 કરોડની સહાયતા અપાશે.

➤ કોઈપણ ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રાઈઝ/ઈન્ડસ્ટ્રીયલ એસોશિયેશન/AICTE માન્ય કોલેજ દ્વારા કરવામાં આવેલ કરારના રિસર્ચ કાર્યને પ્રોજેક્ટ ખર્ચના (જમીન અને બિલ્ડીંગ ખર્ચ સિવાય) 50% જેટલી સહાય મહત્તમ રૂ. 50 લાખની મર્યાદામાં આપવા અંગે વિચાર હેઠળ લઈ શકાશે.

**(9) ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ :**

➤ રાજ્યમાં ખાનગી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા ખાનગી ડેવલપર્સને FCIના 25% (રૂ. 30 કરોડ સુધી) ઈન્સેન્ટિવ અપાશે. વનબંધુ તાલુકાઓમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપિત કરવા FCIના 50% (રૂ. 30 કરોડ સુધી) ઈન્સેન્ટિવ અપાશે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ કલસ્ટર્સને પ્રોત્સાહન આપવા માટે, રસ્તાઓનું નિર્માણ અને અપગ્રેડેશન, વેરહાઉસની સુવિધા, ફાયર સ્ટેશન, અંડરગ્રાઉન્ડ યુટિલિટી જેવા ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચરને સ્થાપિત કરવા પ્રોજેક્ટ ખર્ચના 80% (રૂ. 25 કોરડ સુધી) સુધીની નાણાકીય સહાય આપવામાં આવશે.

➤ ઓદ્યૌગિક કલસ્ટર્સના શ્રમિકો–મજૂરોને રહેવા માટે વધુ સારી સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે માટે મેન્યુફેકચરિંગ કલસ્ટર્સમાં ડોરમેટરી હાઉસિંગ માટે ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર પોલિસી હેઠળ 80% આર્થિક સહાયતા (રૂ. 25 કરોડ સુધી) અપાશે.

**(10) સસ્ટેનેબલ મેન્યુફેકચરિંગ :**

➤ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) દ્વારા પ્રમાણિત થયા મુજબ "ઝીરો લિકિવડ ડિસ્ચાર્જ" દ્વારા ઓછામાં ઓછી 50% વેસ્ટ રિકવરીની પદ્ધતિને અનુસરતા ઉદ્યોગોને 50% (રૂ. 75 લાખ સુધી) કેપિટલ સબસિડી આપવામાં આવશે.

➤ હાલની પ્રક્રિયાને બદલે ઉત્પાદન માટે સ્વચ્છ અને શુદ્ધ ટેક્નોલોજીનો ઉપયોગ કરવા માટે MSMEને પ્લાન્ટ અને મશીનરીની કિંમતના 35% અને મોટા ઓદ્યોગિક એકમોને પ્લાન્ટ અને મશીનરીની કિંમતના 10% (મહત્તમ રૂ. 35 લાખ સુધી)ના ઈન્સેન્ટિવ અપાશે.

**(11) કોમન એનવાયરમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ :**

➤ કોમન એનવાયરમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધા માટેનો સપોર્ટ કુલ પ્રોજેક્ટ ખર્ચના હાલના 25%થી વધારી 40% કરવામાં આવેલ છે. જેમાં મહત્તમ રૂ. 50 કરોડ સુધીની સહાય અપાશે.

➤ ગ્રીન ઈન્ડસ્ટ્રીયલ એસેટ સ્થાપિત કરવા પ્રોજેક્ટ ખર્ચના 25% (રૂ. 25 કરોડ સુધી) નાણાકીય સહાય આપવામાં આવશે.

➤ ઓછામાં ઓછા 10 MSME એકમો દ્વારા સ્થાપિત સ્પેશ્યલ પર્પસ વ્હીકલના કોમન બોઈલર પ્રોજેક્ટને ફિક્સ્ડ એસેટ્ના ખર્ચના 50% જેટલું ઈન્સન્ટીવ રૂ. 2 કરોડની મર્યાદામાં આપવામાં આવશે.

**(12) કૌશલ્ય અને તાલીમ અંગે સપોર્ટ :**

➤ પોલીસી એ કૌશલ્ય વિકાસ માટે વ્યકિત દીઠ તાલીમના રૂ. 15000 સુધીના પ્રોત્સાહનો આપશે.

➤ રાજ્યના વિવિધ ક્ષેત્રોમાં ઉદ્યોગોની કૌશલ્ય અંગેની જરૂરિયાત અને તેની સામે ઉપલબ્ધ કામદારો વચ્ચેના ગેપનું વિશ્લેષણ હાથ ધરવામાં આવશે.

**(13) ગરૂડ (GARUD)ની રચના :**

➤ રાજ્યની અંદર અને રાજ્યની બહાર માલની સરળતાથી હેરફેર સુનિશ્ચિત કરવા તેમજ નિકાસમાં વધારો કરવા રાજ્ય સરકાર દ્વારા એક સમર્પિત સંસ્થા "ગરૂડ" (GARUD)ની રચના કરવામાં આવી છે.

➤ આ સંસ્થા હેઠળ નિર્માણ કરવામાં આવેલ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉદ્યોગોને ઉત્પાદન ખર્ચ ઓછો કરવામાં મદદ કરશે અને તેથી અન્ય વિકાસશીલ અર્થવ્યવસ્થા સામેની સ્પર્ધાત્મકતામાં વધારો થશે.

**(14) ઈન્ડસ્ટ્રીયલ એકસટેન્શન બ્યૂરો (iNDEXTb) :**

➤ સરકાર સંબંધિત પ્રશ્નો અને મંજૂરીઓ માટે એક સિંગલ પોઈન્ટ કોન્ટેકટ તરીકે રોકાણકારો માટે ઈન્ડસ્ટ્રીયલ એકસટેન્શન બ્યૂરો (iNDEXTb) દ્વારા ડેડિકેટેડ "રિલેશનશીપ મેનેજર" નામાંકિત કરવામાં આવશે.

**(15) ઈન્વેસ્ટમેન્ટ ફેસિલિટેશન પોર્ટલ (IFP) : મેગા ઓનલાઈન પરમિશન :**

➤ ઈન્વેસ્ટમેન્ટ ફેસિલિટેશન પોર્ટલ સ્ટેટ સિંગલ વિન્ડોમાંથી લગભગ 5 લાખ અરજીઓ પ્રોસેસ કરવામાં આવી છે.

➤ રાજ્યમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના વાતાવરણને મજબૂત કરવા માટે એક માળખું તૈયાર કરવામાં આવી રહયું છે, જેના માટે રોકાણકારોને સંબંધિત વિવિધ 26 મંજૂરીઓ અને અનુપાલન માટે માત્ર એક જ અરજી ફોર્મ સબમિટ કરવાની જરૂર રહેશે.

**(16) સેન્ટ્રલાઈઝ્ડ ઈન્સ્પેકશન સિસ્ટમ :**

➤ રાજ્યમાં પારદર્શિતા અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ આપવા સેન્ટ્રલાઈઝ્ડ ઈન્સ્પેકશન સિસ્ટમનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.

**(17) પાઈલાઈનમાં હોય તેવા ઉદ્યોગો માટે :**

➤ વર્ષ 2015ની નીતિ મુજબ જે પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. આવા પ્રોજેક્ટને ઉત્પાદનમાં જવા અને પ્રોજેક્ટ પૂર્ણ કરવા નવી ઓદ્યૌગિક નીતિ જાહેર થયાના 1 વર્ષ સુધીમાં કાર્યરત કરવાનો સમય આપવામાં આવશે.

➤ કોમન ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેટને પૂર્ણ કરવા નવી ઓદ્યૌગિક નીતિ જાહેર થયાના 2 વર્ષમાં કાર્યરત કરવાનો સમય આપવામાં આવશે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT